

ગ્રામ-ગૌરી
અમેરિકામાં પ્રથમ ઈનામ મેળવનાર ફોટોકલાકાર
કિશોર પારેખ

કુમાર

અંક ૪૦૫

વર્ષ ૩૪મું · અંક ૯મો · સપ્ટેમ્બર ૧૯૫૭
સંસ્થાપક · રવિશંકર રાવળ
તંત્રી · બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકોનાં જ્ઞાન સંસ્કાર અને ચારિત્ર્યઘડતરનું માસિક



શિશિર અને વસંત કલાકાર · સોમાલાલ શાહ



કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત

મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

OUR FRIENDS ABROAD

જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

જર્મન પત્રમિત્રો

(7) Margit Warner, Female Age, 16, Waldkraiburg, Fohrenurinkel 104 (104 L), Kr. Muhldorf/ Inn obb, Film Actors, Photography, Stamps; (8) Manfred Moslein, Male, Age 17, Attenhofen School-house, Kreis Neu-Uln, Mountaining, Photography, Touring by Bicycle; (9) Konrad Scheisjun, Female, Age 21, Dusseldorf-Unterrath, Zeisigweg 13, Business, Photography, Book Reading; (10) Elisabeth Harred, Female, Age 16, (13 a) Nondelstein bei Nurnberg, Bahnhoftrope 276, Reading Good Books, Politics, Music; (11) Gerda Geruenka, Female, Hochschloss, Pahl, Krs. Weilheim obb, Stamps, Coins, Sports, Dancing; (12) Brigcitte Mebbel, Female, Age 16, Berlin-schoneberg, Salburger Strabe 3, Stamps, Music, Reading, Swimming, Riding; (13) Brigitte Eermdede, Female, Age 17, Glame/Wertf, Uaoker-Allee 23, Stamps, View Cards, Reading, Music, Pictures; [ક્રમ ૧ થી ૧૩, ઉલ્લેખ: Nautamlal P. Chauhan, Central Kujama Colliery, P.O. Jharia (Dhanbad)] (14) ChristelHebborn, Girl-15, Olpe/West-falen, St. Franciskus Schiile, (Internal Deutschland), Stamps, Geography, History, Sports; (15) Ingeborg Gruset, Girl-15, Wolfsburg, Hagebergstrasse 14, Penfriendship; (16) Peter V. Freeden, Boy-16, Elsfleth/weser, Steinstr 48 (West Germany), Stamps, Coins, View Cards; (17) Gunild Baan, Girl-16, 14a Kirchheim/Teek, Kloster, Stamps, View Cards, Literature; (18) Angela Kessler, Girl-15, Prenningbach, b. Passan, Sports, Geography, Maths, Biology; (19) Rosmarie Klein, Girl-16, 13b Pes Benberg (obb), Bobingér Str. 701, Sports, Music, View Cards, Literature, Dancing; (20) Maritta Späth, Girl-15, Garmisch-Partenkirchen/obb, Hamptstrasse 45, Stamps, View Cards, Sports; (21) Bernhard Ovorbeek, Boy-15, Maria Theresia Strasse 14, Münehen 8, Stamps, Coins, Reading; (22) Reinhard Schabinger, Boy-17, 17a gondelsheim, Bruchsalerstr, 14, Sports, Stamps, Cinema [ક્રમ ૧૪ થી ૨૨, ઉલ્લેખ: Sharad Bhatt, Near Hanumanji's Deri, On the front of Budhdha Bawa's Sheri, Morbi (Saur.)].

હિંદી પત્રમિત્રો

(673) Ramnik Shah-22, 34 Samset Street, Bombay-2, Stamps, View Cards, Painting, Photography; (674) Madhukar H. Shah-22, 1854 Madhukunj, Bhavnagar (Saur.), Stamps, Coins, Photography, Politics; (675) Jayantilal F. Shah-20, 33 Chhipi Chawl, Bombay-2, Stamps, Painting, View Cards; (676) Hiralal J. Shah—23, 17 Kumar Kunj, Karanj Lane, Ghatkopar, Bombay-39, Literature, Hand-writing, Photography; (677) Chandraprakash J. Kalra—16, Swaminarayan Compound, Dhrangadhra (Saur.), Stamps, Photography, Swimming; (678) Kumari Kamala Rani Kapoor—20, C/o B. Krishna Narayan Kapoor, 26/86 Karachi Khana, Kanpur (U.P.), Stamps, Coins, View Cards; (679) Bansilal D. Bhatt—19, Bhatt Sheri, Pathak Falia, Vaghodia (Dist. Baroda), Swimming, Reading, Sports; (680) Tarmohmed J. Meman-18, Station Road, Vaghodia (Dist. Baroda), Stamps, Reading, Mathematics; (681) Harshad Mehta—14, 7A Chandra Colony, Ellis Bridge, Ahmedabad-6, Stamps, F. D. Covers, Photography; (682) Maganlal Jadavjibhai Yadav—18, A. K. Vidya Mandir, Bavla (Dist. Ahmedabad), Drawing, Painting, Playing; (683) Govindbhai Prahladji Patel-16, Near Boring, Bania Street, Bavla (Dist. Ahmedabad), Cricket, Walking, Music, Politics; (684) Hasmukhray Mulshankar Mehta-17, Benia Street, Near Boring, Bavla (Dist. Ahmedabad), Drawing, Walking, Swimming, Reading; (685) Madhubhai Manibhai Patel-21, Mangal Bazar, Baroda, Motor Driving, Novels, Table Tennis, View Cards; (686) Harshadkumar Chimanbhai Amin-19, Ahmedabadi Pole, Lewa Street, Baroda, Travelling, Reading, Games, Music; (687) Jitendra Trikamlal Shah-21, 6 Jain Merchant's Society, Ellis Bridge, Ahmedabad-7, Stamps, Coins, Autographs, Reading; (688) Vinodchandra Kantilal Talati-20, C/o Kantilal Keshavlal Talati, Lakshminarayan Market, Room No. 13 and 5, 224 Ravivar Peth, Poona-2, Stamps, Coins, Photography, Match Lables; (689) Harshad A. Shukla-17, C/o Amratlal &Jagjivandas Shukla, Shahpur, Chunar-no Khancho, Barghari, Ahmedabad-1, Stamps, Reading, Touring; (690) Jayantilal B. Banjara-18, C/o Khadi Karyalaya, Opposite to the Station, Savar Kundla (Saur.), Stamps, Music; (691) Chandrakant U. Khandheria-17, C/o Jain Boarding House, Opp. Malavia Brothers, Rajkot (Saur.), Literature; (692) Suresh A Shah-19, C/o Jayantilal R. Shah, Panjara Pole, Sarvoday Nagar, E 51, Bombay-4, Swimming, Music, Novels, Stamps; (693) Gajendra S. Bhatt-18, Babu Nanji's Dela, Branch School Street, Savar Kundla (Saur.), Stamps, Drawing, Sports; (694) Prabhudas T. Nirmal-18, Bazaar, Chital (Saur.), Stamps, Correspondence; (695) Harishkumar J. Patel-18, Shiyapura, Raopura, Baroda, Stamps, Sports, View Cards, Drawing; (696) Hakimuddin Mohamadalli Vohra-21, Burhani Boarding House, 3 Lati Plot, Rajkot (Saur.), Stamps, Literature; (697) Saifuddin Ismailji Travadi-19, Add. as above, Stamps, Literature, Photography.

રેવાતટે મધ્યાહ્ન-સંધ્યા

· પૃથ્વી ·

બપોર, વળી ગ્રીષ્મનો, ધગધગી ઊઠયું ભાઠું આ
વિશાળ નદીનું, ન હિંમત હવાની યે આવવા
બહાર નદીનાં જલો પર સવાર થૈ ખેલવા.
ન પંખી ઊડતું, ન કે ટહુકતું...શી મૂર્છાદશા!
તટે વિજન નાવ તે ય સ્થિર નાંગરેલી પડી
શિલા શું જલમાં નિરાંત કરી ભેંસખાડું પડયું,
રમે ડૂબકીદાવ નીલ જલ મધ્ય ગોવાળિયા,
ભીની તટની રેતમાં વિકલ હાંફતા કૂતરા.

ઢળે સૂરજ પશ્ચિમે, નદી જલે દ્રુમો, ભેખડો
તણા તિમિરજાળ શા ઢળત સાંધ્યઓળા, અને
ઊઠી, મરુડી અંગ વાયુ જલના તરંગે તરે
ઊડે ટહુકતાં વિહંગ, નભપૃથ્વી મૂર્છા ટળે.
નજીક ઘરમાંથી બેડું લઇ ગ્રામસ્ત્રી સંચરે,
વહેણ મહીંથી ઘટે સૂરજદીધું સોનું ભરે.

જયન્ત પાઠક

રેવાતટે પુરાણા શિવાલયમાં

· પૃથ્વી ·

અપૂજ શિવલિંગ મંદિરનું મસ્તકે ખંડિત;
તમિસ્રમહીં કાલના પરશુઘાવથી અંકિત
જણાય મુખ પાર્વતીનું, વળી નંદિ છિન્નાંગ આ,
ન ઘંટ, નહિ દીપ, પંખી મલમૂત્રની અર્ચના.
સજીવ કર્યું જે જડત્વ અહીં શિલ્પીના ટાંકણે
હર્યું સકલ તે દીસે પ્રબલ કાલકેરા ઘણે.

હશે અહીં ય એકદા બજત નોબતો ઝાલર,
તરંગિત થતાં હશે સ્તુતિગીતોથી રેવાનીર,
અસંખ્ય દીપજ્યોત ચંચલ હશે જલે નાચતી
ઊંચી નીરવ ભેખડો જીવનથી હશે ગાજતી.
અરે નિબિડ દ્રુમ કાંટ ઊગી કેડીઓ દાબતી
જહીં, તહીં હશે પડી પગલી કો મહાયાત્રીના!

તટસ્થ નીરખું ધજા ફરકતી બીજાં મંદિરે,
તટસ્થ પ્રભુ કાલને ય નીરખી રહું અંતરે.

જયન્ત પાઠક

આશા

· વ્યસ્ત હરિગીત ·

મ્હોડું બોખું—માત્ર જડબાંનું જ બોખું!
ખૂબ ધીરજથી છતાં યે
જિન્દગીનો ટુકડો વાગોળતો હું!—
કેમે ય તે છૂટે અમીની ધાર!

હેમન્ત દેસાઈ

આવે

(સાગરખેડુની સ્ત્રીનું પ્રતીક્ષાગીત)

વેકુરે વીળનાં લાગ્યાં વાર:
દૂરના ડ્હોળી દરિયા આવે માલમની મનવાર—વેકુરે૦

વાવલો મારે વ્હાલસોયો ઈમ જલના ઘૂઘર-બોલ,
હેરિયાં લેતી હોઉં ત્યાં સુને હરખનો અંઘોળ;
લ્હેરની વાંહે લ્હેરિયું હાલી આવતી હારોહાર—વેકુરે૦

ભાલમાં જરી લાલ, ને લગીર આંખમાં આંજી મેશ,
ચીતર્યું ચીની ઓઢણુ, એને ગમતું, પહેર્યું બેશ;
અડવા મારા અંગની ઉપર નવસેરો શણગાર—વેકુરે૦

આભની મો'રે ઓળખું એનો અદકો ઊંચો ડોલ,
દુનિયા બધી આવતી ભેળી આજ તો મારે મોલ!
રેણુનો મોંઘા રતને મ્હોરી ઊઠશે રે અંધાર!—વેકુરે૦

રાજેન્દ્ર શાહ

દારૂડિયો

· પૃથ્વી ·

જુવાળ ભરતી ચડી, જલાંધ વારુણીમત્ત આ,
અફાટ જળ ઘૂઘવે ગિરિવરો સમા લોઢમાં,
પછાડત પ્રચંડ ફેન લઘુ કાંઠડે ક્રોધમાં,
ઉડે બુદબુદો અપાર ફરતા ફુવારા સમા,
ઉગેલ ગગને મયંક પરિપૂર્ણ ઉજાશમાં
સમુદ્ર ગગતો અહા ગજબનાક ઉન્માદમાં!

ઠરે નભ મયંક ને ઉતરતો જ ઉન્માદ આ,
ઘટે ત્વરિત વેગથી ઉરઉછંગ ઉલ્લાસ આ,
થતો જલધિ શાન્ત ને ભરતીવ્હેણ પાછાં વળે,
શમે સહુ તુફાન, તોર, ઘુઘવાટ ને ગર્જનો.
પડે શ્રમિત લોથપોથ, કળતાં નિજાંગો બધાં,
શ્વસે અસહ હાંફથી પણ અવાજ સુણાય ના.

કરે ગગનમાં તલાશ: 'મદિરાક્ષ એ કયાં ગયો?'
—લવે, લથડિયાં વડે પગ ઘસંત દારૂડિયો.

ચુનીલાલ મડિયા

ર્હેલા સ્પર્શે (કાવ્યના)

· સ્રગ્ધરા ·

જેવો તારુણ્ય પામી પ્રભવિત નિજમાં કસ્તુરીના પ્રભાવે
ઉત્કંઠ સ્થાનસ્થાને અવશ મૃગ ભમે ગંધ-ઉન્મત્તતામાં;
ર્હેલા સ્પર્શે જ તેવો અનુભવી કવિતા, ભાવ-ઉદ્રેક થાતાં,
શબ્દે બાંધી શકે ના તદપિ કવિ બને મરત ઉદ્વર્તનામાં.

મુકુન્દ વિ. પારાશર્ય

ઉત્તર-ધ્રુવ-માર્ગની શોધના સાહસ-સફરીઓમાં કદાચ સૌથી અનોખી પ્રતિભા ધરાવનાર

ઈસ્વીસનની ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં બ્રિટિશ સાગરખેડુસાહસિકો વાયવ્ય દિશાના દરિયાઈ માર્ગે ધ્રુવસમુદ્રમાં આગળ વધવાના ઉપરાઉપરી અવિરત પ્રયાસ કરી રહ્યા હતા તે સમયે, અમેરિકા ખંડની ઉત્તરેથી જમીનમાર્ગે એ જ દિશામાં નવા પ્રદેશો શોધવાના પ્રયાસો શરૂ થઈ ગયા હતા. તેમાં ફ્રૅન્કલિન, રિચાર્ડસન, કેન્ડલ અને બૅક જેવા અસાધારણ ધૈર્ય ને સાહસિકતાવાળા બ્રિટિશ સફરીઓએ અમેરિકા ખંડની—કૅનેડાની ઉત્તરે આવેલા અત્યાર સુધી અપરિચિત અને અણખેડાએલા વિશાળ પ્રદેશમાં નવાં પગલાં પાડીને કેટલાક નવા માર્ગો શોધી કાઢ્યા. ખાસ કરીને ધ્રુવસમુદ્રને મળતી ત્રણ મોટી નદીઓ મૅકેન્ઝી, કૉપરમાઈન અને બૅકની આસપાસનો પ્રદેશ તથા ધ્રુવસમુદ્રમાં પડતો અમેરિકાનો ઘણોખરો કિનારો તેઓ ખૂંદી વળ્યા હતા. વળી ત્યાંના સ્થાનિક એસ્કિમો અને અન્ય જંગલી જાતિઓ સાથે પશુઓનાં ચામડાં, ચરબી, હાડકાં અને દાંતનો વેપાર ચાલુ કરી ઇંગ્લંડની 'હડસન બે કંપની'ને તેમણે ઠીકઠીક લાભ કરાવી આપ્યો હતો.

આમ છતાં નવાં સાહસ, શોધખોળ અને વેપારની ઘણી શકયતા હતી, અને એ દિશા તરફથી ભારત તથા ચીનનો નવો દરિયાઇ માર્ગ શોધવાનું સૈકાઓ-જૂનું ધ્યેય તો હજુ ઊભું જ હતું. ધ્રુવસમુદ્રમાં પડતા અમેરિકાના કિનારે પશ્ચિમ તરફ 'ફૉગી આઇલૅન્ડ'થી 'પૉઈન્ટ બૅરો' સુધીના, અને પૂર્વ તરફ 'પૉઈન્ટ ટ્રર્નાગેઈન'થી 'રિપલ્સ બે' સુધીના પ્રદેશનો તેમજ બેરિંગ સમુદ્ર તરફના ઘણા પ્રદેશનો નકશો હજુ તદ્દન કોરો જ હતો. ફ્રૅન્કલિન, રિચાર્ડસન, કેન્ડલ અને બૅકને માથે આવી પડેલાં સંકટોના અનુભવ ઉપરથી હડસન બે કંપનીને સમજાતું ગયું કે સાધનો અને પુરવઠાના પૂરતા સહકાર વિના સાહસિકો અકારણ વિકટ સંકટોમાં સપડાઈ જાય છે. આથી કંપનીએ એ બાબતમાં પૂરતો સહકાર આપવાના નિશ્ચય સાથે ઈ. સ. ૧૮૩૬માં એક નવા સાહસની તૈયારી કરી અને કંપનીના મુખ્ય કર્તાહર્તા ડિઝે એની સરદારી લીધી.

ડિઝની સાથે એના મુખ્ય મદદનીશ તરીકે ટૉમસ સિમ્પસન નામના એક નવયુવાનની પસંદગી કરવામાં આવી. એ ટૉમસ સિમ્પસન સત્તાવીસ વર્ષનો, અસાધારણ શક્તિશાળી યુવાન હતો. યુવાનીને શોભાવે એવું એનું શરીર હતું અને એવું જ એનું જીવન હતું. શ્રમ કરવાનું એનામાં અપ્રતિમ જોમ હતું. સહન કરવાની એનામાં અદ્ભુત તાકાત હતી. સાહસિક સફરોમાં એને જીવંત રસ હતો. થાક શું એની તો એને ખબર જ નહોતી. અને એની અપ્રતિમ શારીરિક તાકાત કરતાં યે ચડી જાય એવું, અડગ અચલ એવું મનોબળ હતું. એક વાર કર્યો તે નિશ્ચય પ્રાણાન્તે પણ પાર પાડવો જ જોઇએ એવી એની શ્રદ્ધા હતી અને એવું જ એનું વર્તન હતું. વિરલ કહી શકાય એવો આ નવલોહિયો યુવાન વ્યવહારુ દૃષ્ટિએ એની આ શ્રદ્ધામાં કદાચ વિચિત્ર ગણાય એવો હતો. ફ્રૅન્કલિન, રિચાર્ડસન, બૅક અને સિમ્પસન બધા એકસરખા નીડર, બાહોશ, કાબેલ અને નિશ્ચયબળવાળા સાહસિકો હતા એ ખરું; તેમ છતાં ભૂગોળ ને ખગોળમાં ઉચ્ચ કક્ષાનાં જ્ઞાન ને રસ ધરાવનાર સાહસિક સિમ્પસનની પ્રતિભા એ સૌથી કૈંક અનોખી હતી.

ડિઝ અને સિમ્પનની યોજના ધ્રુવસમુદ્રમાં મૅકેન્ઝી નદીના મુખ આગળ પશ્ચિમ તરફ, જ્યાંથી ફ્રૅન્કલિન પાછો ફર્યો હતો ત્યાંથીયે આગળ ઠેઠ પૉઈન્ટ બૅરો સુધી જઈ આવવાની, અને પછી પૂર્વ તરફ કૉપરમાઈન નદીના મુખ આગળથી બૅક નદીના મુખ સુધીનો પ્રદેશ ખૂંદી વળવાની હતી. આ કામ માટે ડિઝે ચોવીસ ફૂટ લાંબી બે હોડીઓ ખાસ બનાવડાવી. એકનું નામ રાખ્યું 'કૅસ્ટર'(Castor) અને બીજીનું નામ રાખ્યું 'પૉલુક્સ' (Pollux).

ઈ. સ. ૧૮૩૭ના ઉનાળામાં તેઓ પોતાની સફર શરૂ કરવાના હતા. હિમપ્રદેશની કપરી સફર માટેની અને સફરમાંથી પાછા ફરે તે સમય માટેની બધી જ વ્યવસ્થા થઈ ગઈ હતી. હવે ફક્ત જરૂર હતી લાંબી મજલ કાપવા માટેની પૂર્વતૈયારી તરીકે શારીરિક આરામની. આમે ય એ પ્રદેશની કડકડતી ઠંડી ફરજિયાત આરામ કરાવે એવી હતી. પોતાના પ્રારંભિક મથક ફૉર્ટ ચિપેવ્યાનમાં એક મહિનો બરાબર આરામ કરી શારીરિક શક્તિનો સંચય કરવાની તેમની યોજના હતી. પણ આરામ કરે તો એ સિમ્પસન શાનો? પ્રકૃતિમાં નિરંતર નિર્હેતુક ઘૂમવાની તીવ્ર તાલાવેલીવાળા સિમ્પસને કહ્યું, 'મારે આરામ નથી કરવો.'

'તો?'

'રખડવા જવું છે.'

'રખડવા? આવે વખતે? નથી જવાનું.'

'હું તો જવાનો જ. મારે ખૂબ રખડવું છે. શરીરને જરા મહાવરો પાડવો છે અને ખગોળનો થોડો અભ્યાસ કરવો છે.'

'પણ આવી અસહ્ય ઠંડીમાં?'

'મને ઠંડી નહિ નડે.'

'કઈ બાજુ જવું છે?'

'જ્યાં પગ લઇ જાય ત્યાં; કંઈ નક્કી નથી.'

'કેટલા દિવસ માટે?'

'આખો મહિનો.'

'પછી સફર માટે થાકી તો નહિ ગયો હો ને?'

'થાક ન લાગે એટલા માટે જ જરા પગ છૂટા કરવા જાઉં છું!'

'આપણા ઊપડવાંના સમય પહેલાં તો આવી જશે ને! તારે લીધે આપણી યોજના...'

'એની તમે પૂરેપૂરી ખાતરી રાખો.'

જે સમયે તીક્ષ્ણ તીરની જેમ ભોંકાતી શિયાળાની અસહ્ય ઠંડીમાં ડિઝ અને એના બીજા સાથીદારો પોતાના મથકમાં ગરમાગરમ ધાબળામાં લપેટાઇને ખાઈપી આરામ કરતા હતા તે સમયે સિમ્પસન થોડુંક ભાતું લઇને દક્ષિણ દિશા તરફ એકલો ઊપડ્યો. એ દિવસોમાં કૅનેડાનો પ્રદેશ તદ્દન નિર્જન હતો. તેમાં યે શિયાળાના દિવસોમાં તો ચારે કોર પથરાતા પોચાપોચા બરફના નાનામોટા ઢગલાવાળા, શ્વેત રણ સમા આ પ્રદેશમાં ન મળે કોઇ માણસ કે ન મળે પશુપંખી. અને પર્ણહીન વનસ્પતિ તો કોઇ અપરિગ્રહવ્રતધારી ધ્યાનસ્થ મુનિ જેવી ભાસતી. પવન હોય કે હિમવર્ષા, એની સાથે જાણે કંઈ સંબંધ જ ન હોય એમ નિર્લેપ ને અંતર્મુખ બની એ પોતાના શરીરને બરફમાં દટાવા દેતી. હજારો માઇલોના વિસ્તારમાં ઉપર નિર્મળ આકાશ અને નીચે શ્વેત બરફમાં ક્ષિતિજ જાણે સંતાકૂકડી રમતી લાગે. એકલા ચાલ્યા જતા માણસને સેંકડો માઈલ સુધી ચાલ્યો જાય ત્યાં સુધી, આખી સૃષ્ટિમાં જાણે પોતાના સિવાય બીજું કોઈ જ નથી એવું લાગવા માંડે. એવા આ પ્રદેશમાં સિમ્પસને પોતાની નિર્હેતુક, નિર્વ્યાજ પદયાત્રા શરૂ કરી.

આવા એકલવિહારમાં પણ સિમ્પસન એટલો જ આનંદ માણી શકતો. બરફમાં ચાલવા માટેના ખાસ જોડા, એક પાથરણું, એક બંદૂક ને થોડા દિવસ ચાલે એટલું ભાથું લઇને, માત્ર રખડવા ખાતર જ રખડવા નીકળેલો સિમ્પસન, હાડ ગાળી નાખે એવી ઠંડીમાં અને ક્વચિત્ ઘૂંટણ સુધી ખૂંપી જવાય એવા પોચા બરફમાં કેટલું રખડ્યો હશે? સો-બસો માઈલ? ના, ના. પચાસ માઈલ ઉપર તો એની રોજની

અસાધારણ શારીરિક તાકાત અને તેથી યે અદકા મનોબળવાળો સમર્થ અને અજોડ સાહસિક, ઉત્કટ સંવેદનશીલ, સાચો મરજીવો

ટૉમસ સિમ્પસન



લેખક
પ્રો. રમણલાલ ચી. શાહ

મજલ હતી! એકાદ દિવસ સવારથી સાંજ સુધી પંદર-વીસ માઈલ ચાલ્યા પછી અઠવાડિયા સુધી પગે માલિશ કરાવનાર આપણા જેવા સાધારણ માણસો માટે તો આ વાત માન્યમાં પણ આવે એવી નથી. મોટામોટા સાહસિકો માટે પણ સરેરાશ રોજના પચાસ માઈલની ઝડપે પચીસ-ત્રીસ દિવસ સુધી ચાલવું એ સહેલી વાત નથી. વસ્તુતઃ સિમ્પસન એની આ શારીરિક તાકાતમાં અજોડ અને અજાયબી પમાડે તેવો હતો. રોજના સરેરાશ પચાસ માઇલના પ્રવાસ પછી પોચાપોચા બરફમાં, અસહ્ય ઠંડીમાં, જ્યાં જેવા મળે તેવા આશ્રય નીચે, પણ ઘણું ખરું તો ખુલ્લા આકાશ નીચે જ, એ રાતવાસો પડી રહેતો ને ઉજાગરા કરી ખગોળનો અભ્યાસ કરતો! એ ઓછું ખાતો, કેટલીક વાર તો ચાલતાં ચાલતાં જ એ ખાવાનું પતાવી લેતો; અને કોઈ વખત, મળે તો તાજો શિકાર પણ કરી લેતો. આમ, એકલોઅટૂલો રખડતોરખડતો, આનંદ કરતોકરતો, ફૉર્ટ વિનિપેગ (Fort Winnipeg) સુધી તેરસો માઈલનો પ્રવાસ કરી, બરાબર સફર માટે નીકળવાના દિવસે જ જ્યારે તે ડિઝ પાસે આવી પહોંચ્યો ત્યારે તેના શરીરમાં કે તેના ચહેરા પર શ્રમ, થાક કે કંટાળાનું એક પણ ચિહ્ન દેખાતું નહોતું! નવી સફર માટે ડિઝ અને એના સાથીદારો જેટલો જ એ તાજો દેખાતો હતો. બરાબર સમય સાચવી ડિઝને આપેલું વચન એણે અફર પાળી બતાવ્યું.

૧૮૩૭ના જુલાઈમાં સિમ્પસન ને બીજા સાથીદારો તેમજ કેટલાક ઇન્ડિયનો સાથે ડિઝ, મૅકેન્ઝી નદીના મુખ પાસે આવી પહોંચ્યો. અહીંથી તેઓ સમુદ્રને કિનારેકિનારે પશ્ચિમ તરફ, ફ્રૅન્કલિન ગયો હતો એ દિશામાં ગયા. ફ્રૅન્કલિનની જેમ તેમને પણ આ પ્રદેશની સાહસિક સફરમાં છીછરાં પાણી તથા બરફ અને ધુમ્મસની મુશ્કેલી નડી. જુલાઈ મહિનાને અંતે તેઓ ફ્રૅાગી ટાપુ નજીક આવી પહોંચ્યા. અહીંથી હવે તદ્દન નવા પ્રદેશમાં તેમને પ્રવેશ કરવાનો હતો. જામેલા બરફમાં જ્યાંજ્યાંથી શક્યતા જણાય ત્યાંત્યાંથી માર્ગ કાઢી મંદ ગતિએ તેઓ પશ્ચિમ દિશા તરફ જતા હતા, ત્યાં ચોપાસ ધુમ્મસ છવાઈ ગયું, ઠંડી વધી ગઈ અને મોટામોટા કરાનો વરસાદ પડ્યો. આવા પ્રતિકૂળ વાતાવરણમાં તેમને ઇન્ફ્લુએન્ઝાની બીમારી લાગુ પડી, ને તેથી ડિઝે અહીંથી જ પાછા ફરવાનો નિશ્ચય કર્યો. પરંતુ સિમ્પસનને મન આ સંકટ તદ્દન સામાન્ય હતું. એની આકાંક્ષા કોઈ પણ હિસાબે પૉઇન્ટ બૅરો સુધી પહોંચીને નિશ્ચિત ધ્યેયને પાર પાડવાની હતી. છેવટે ડિઝને પાછા ફરવું હોય તો ફરે, પણ પોતાને આગળ જવાની પરવાનગી તો આપે જ એવી સિમ્પસનની હઠ માન્ય થઈ. એની સાથે પાંચ માણસો જવા તૈયાર થયા. બંને હોડીની તો ડિઝને જરૂર હતી જ, અને ચારે બાજુ ધુમ્મસથી છવાએલા અંધકારમાં પચાસ કે સો વાર છેટું પણ બરાબર દેખાતું નહોતું ત્યાંથી અજાણ્યા પ્રદેશમાં હોડીમાં જવા કરતાં કિનારેકિનારે ચાલવામાં જ સલામતી હતી; એટલે સિમ્પસન પોતાના સાથીદારો સાથે પગે ચાલતો જ ઊપડ્યો.

સમુદ્રમાં સીધે માર્ગે પોઈન્ટ બૅરો સુધી જવાનું હોત તો તો માર્ગ ટૂંકો હતો, પરંતુ સમુદ્રના કિનારેકિનારે જવામાં તેમનો પંથ ઘણો લાંબો અને વિકટ બની ગયો, સાથે એનો શ્રમ પણ વધી ગયો. વળી કાંઠો એકસરખો નહિ પણ ઊંચોનીચો હોવાને લીધે, જ્યાંજ્યાં નીચાણ આવતું ત્યાંત્યાં સમુદ્રનાં પાણીની ખાડીઓ આવતી. પાસે સાધન ન હોવાને લીધે આ ખાડીઓ પાણીમાં ચાલીને કે તરીને ઓળંગતાં કેટલીક વાર કમર સુધી તો કેટલીક વાર આખા શરીરે તેઓ ભીંજાઈ જતા. એક તો તેમને શરદી થઈ ગએલી, તેમાં ખાડીનું હિમ જેવું ઠંડુ પાણી! વળી કપડાંની બીજી જોડ પાસે ન હોવાને લીધે ભીનાં કપડાં પહેરીને જ તેમને ચાલવું પડતું. સુસવાટાભર્યો પવન તો ફૂંકાતો હતો, પણ હવામાન ભેજવાળું હોવાને લીધે કપડાં ઝટ સુકાતાં નહિ અને એક ખાડી ઓળંગ્યા પછી કપડાં માંડ સુકાવા આવ્યાં હોય ત્યાં બીજી ખાડી તૈયાર જ હોય! કેટલીક વાર તો દિવસો સુધી શરીરે સતત ભીનાં જ કપડાં રહેતાં, અને એવે જ કપડે, ઉઘાડા આકાશ નીચે, જમીન પર કંઈ પણ પાથર્યા વિના તેમને સૂઈ રહેવું પડતું. સિમ્પસન ન હોત તો એના સાથીદારો ક્યારના ય પાછા ફર્યા હોત.

છતાં, આમ પગે ચાલીને યે તેમણે ઘણું અંતર કાપી નાખ્યું. ત્યાં તો ધુમ્મસ ચાલ્યું ગયું અને હવામાનમાં સુધારો થયો. હોડી હોત તો હવે સમુદ્રમાર્ગે જવામાં સરળતા થઈ પડત, પણ એના અભાવે કિનારેકિનારે પગે ચાલવા સિવાય છૂટકો નહોતો. એવામાં માર્ગમાં તેમને એસ્કિમોની એક ટોળી મળી. એની સાથે તેમણે દોસ્તી બાંધી અને તેમની પાસેથી એક 'ઉમિયાક' થોડા દિવસ માટે ઉછીની માગી. આ ઉમિયાક એટલે તદ્દન સપાટ તળિયાવાળી, બંને બાજુથી અણીદાર એવી એસ્કિમોની હોડી, જે છ ઇંચ જેટલાં છીછરાં પાણીમાં પણ અત્યંત સરળતા અને ઝડપથી ચાલી શકે અને બરફનાં પાતળાં પડને ભેદીને સમુદ્રમાં માર્ગ કરી શકે. (એવી જ, પણ થોડા રચનાફેરવાળી એક બે માણસ જ બેસી શકે એવી, એસ્કિમોની નાની હોડી 'કાયાક' કહેવાય છે. ધ્રુવપ્રદેશમાં એસ્કિમો ગમે ત્યારે ગમે ત્યાં ફરતા હોય, તેમની પાસે 'કાયાક' અને 'ઉમિયાક' તો હોવાની જ.) એ ઉમિયાક મળતાં તેમને ખૂબ આનંદ થયો. હવે બરફ કે છીછરાં પાણીનો ભય ન રહેતાં તેઓ ઝડપથી ઉત્તર દિશા તરફના પૉઇન્ટ બૅરો સુધી પહોંચી



ગયા. સિમ્પસનને અપાર આનંદ થયો, કારણ કે સાચા શ્રમનું એને ફળ મળ્યું હતું, આ બધા પ્રદેશના નકશા પણ એણે તૈયાર કરી લીધા.

પૉઈન્ટ બૅરોથી પાછો ફરી તે ડિઝની ટુકડી સાથે થઈ ગયો. એ દિવસે એક શ્વેત હંસ ઊડતોઊડતો દક્ષિણ દિશા તરફ જઈ રહ્યો હતો. ઉનાળો પૂરો થવા આવવાની એ નિશાની હતી. પોતાનું એક લક્ષ્ય પાર પાડી ડિઝની ટુકડી સપ્ટેમ્બરના અંતે ગ્રેઈટ બેર સરોવરના કિનારે સ્થાપેલા પોતાના થાણા ફૉર્ટ કૉન્ફિડેન્સમાં આવી પહોંચી. અહીં ખોરાક માટે તેમણે પહેલેથી સગવડ રાખી હતી, તોપણ સફરના થાકને લીધે તેમની સાથે આવેલા ઇન્ડિયનોની ભૂખ એટલી બધી ઊઘડી હતી કે સવારસાંજ મળી દરેક જણને દશ શેર જેટલો ખોરાક જોઇતો! આથી થોડા દિવસમાં જ ખોરાકનો પુરવઠો ખૂટી પડ્યો. નવા શિકાર માટે જહેમત ખેડવાની તેમનામાં તાકાત રહી નહોતી એટલે બધાની નજર સિમ્પસન પર મંડાઈ. જે સમયે બધાને પૂરતા ખોરાક અને આરામની જરૂર હતી તે સમયે સિમ્પસન એકલો ખભે બંદૂક ભરાવી શિકાર કરવા ઊપડી ગયો ને થોડા જ દિવસોમાં એણે દિવસો સુધી ચાલે એટલા ખોરાકથી કોઠાર ફરી ભરી દીધો!

પણ શિકારનું સોંપેલું કામ જ ફક્ત પૂરું કરી તરત પાછો ફરે તો એ સિમ્પસન નહિ! શિકારની સાથેસાથે એણે તો રખડપટ્ટી પણ આદરી દીધેલી. આસપાસના બધા જ પ્રદેશમાં એ ઘૂમી વળ્યો એટલું જ નહિ પણ શિયાળા પછી તો તેમનો કાર્યક્રમ કૉપરમાઈન નદીના મુખની પૂર્વ દિશા તરફ સફર કરવાનો હતો, એટલે અહીંથી એ નદીના મુખ સુધી સામાન અને હોડીઓ લઈ જવાની દૃષ્ટિએ કયો રસ્તો ટૂંકો ને સરળ પડશે એ પણ એણે રખડીરખડીને શોધી કાઢ્યું અને પોતાની ટુકડીને માઇલોના નિરર્થક ચક્કરમાંથી બચાવી લીધી.

ઈ. સ. ૧૮૩૮ના ઉનાળામાં ડિઝ અને સિમ્પસને પોતાના સાથીદારો સાથે કૉપરમાઈન નદીમાં એના મુખ તરફ પ્રયાણ કર્યું, પરંતુ ઉનાળો હોવા છતાં નદી સંપૂર્ણપણે બરફરહિત બની નહોતી. પૂર વેગે વહેતાં નદીનાં પાણીમાં બરફના ખંડો આવવાને લીધે ક્યાંક અથડાઈ પડવાનો અને હોડી બેકાબૂ બનવાનો તેમને સતત ભય રહેવા લાગ્યો. માર્ગમાં જોખમ એટલું બધું વધી ગયું કે નદીના મુખ સુધી પહોંચવાની પણ તેમને આશા રહી નહિ. છતાં સતત ભય સામે ઝૂઝતા તેઓ હેમખેમ નદીના મુખ સુધી તો પહોંચ્યા.

પરંતુ નદીમુખ અને સમુદ્રકિનારે તેઓ પહોંચ્યા ત્યાં તો! કિનારાની રેતીથી શરૂ કરીને ઠેઠ ક્ષિતિજ સુધી સમુદ્રના પૃષ્ઠભાગ પર સપાટ જામેલા શ્વેત, અખંડિત બરફનાં તેમને ભર ઉનાળે દર્શન થયાં! સમુદ્રમાં પાણી હોત તો તેમની હોડીઓ વગર વિલંબે ક્યારની યે પૉઈન્ટ ટુર્નાગેઈન સુધી પહોંચી ગઇ હોત, અને ત્યાંથી નવો પ્રદેશ ખેડવો તેમણે શરૂ કરી દીધો હોત. પરંતુ હવે બરફને લીધે જ્યાં પડ નક્કર હોય ત્યાં બરફગાડીઓમાં હોડીઓ નાખીને તેમને ખેંચવી પડતી, અને જ્યાં પડ ઢીલાં અને તૂટી પડે એવાં જોખમકારક હોય ત્યાં બરફ ભાંગી કે કાપીને હોડી માટે માર્ગ કરવો પડતો. આ પરિસ્થિતિને લીધે તેમનો શ્રમ વધી ગયો અને જ્યાં પૉઇન્ટ ટુર્નાગેઈન સુધી તેઓ પહોંચ્યા ત્યાં જ અનુકૂળ ઋતુ લગભગ પૂરી થવા આવી. એટલે હવે બૅક નદીના મુખ સુધી પહોંચવાની તો આશા જ ક્યાંથી હોય? તેમ છતાં, મળે તેટલા સમયમાં, પગપાળા જેટલો પ્રદેશ ઘૂમી શકાય તેટલો ઘૂમવાની સિમ્પસને પોતાની ઇચ્છા દર્શાવી અને ડિઝે એ મંજૂર રાખી.

સાત માણસો સાથે સિમ્પસન સમુદ્રના કિનારેકિનારે ચાલવા લાગ્યો. તટની રેતી એટલી બધી ઢીલી હતી અને એમાં એટલા બધા ખરબચડા, અણીદાર કાંકરા હતા કે એડી સુધી પગ રેતીમાં ખૂંપી જતા અને કેટલીક વાર છોલાતા પણ. તેમાં વળી વચ્ચેવચ્ચે આવતી નાનીનાની ખાડીઓનાં ખારાં પાણી પગના ઉઝરડાને લાગતાં. રેતીમાં ચાલવાથી તેમના પગનાં તળિયાં દુખી ગયાં હતાં અને તેમને ખૂબ જ શ્રમ અને ઉદ્વેગનો અનુભવ થતો. આવી રીતે દસ દિવસ સુધી તેમણે પ્રવાસ ચાલુ રાખ્યો. હવે તેઓ જ્યાં આવી પહોંચ્યા ત્યાંથી પૂર્વ તરફ ખુલ્લો, વિશાળ સમુદ્ર અને ઉત્તર તરફ એક મોટો ટાપુ દેખાતો હતો. સિમ્પસને એ ટાપુને તે વખતની ઈંગ્લંડની મહારાણી વિક્ટોરિયાનું નામ આપ્યું. ત્યાંથી પાછા ફરી કૉપરમાઈન નદીના મુખ આગળ તેઓ ડિઝની ટુકડી સાથે થઈ ગયા. જે માર્ગ હર્ન, ફ્રૅન્કલિન અને રિચાર્ડસનને અત્યંત વિકટ અને ભયંકર લાગતો હતો તે માર્ગે સિમ્પસન સહીસલામત જઈ આવ્યો.

ટુકડીનો સરદાર ડિઝ હવે કંટાળ્યો હતો, પણ સિમ્પસનની ઇચ્છા તો હજી એક વધુ પ્રયાસ કરી પોતાની યોજનાનો અજાણ્યો પ્રદેશ ખેડવાની હતી. ફૉર્ટ કૉન્ફિડેન્સમાં બીજો શિયાળો પૂરો કરી સિમ્પસન પોતાના સાથીદારો સાથે કૉપરમાઇન નદીમાં ઊતરીને એના મુખ સુધી પહોંચી ગયો. આ વખતે બરફ ઓછો હોવાથી તેઓ ઝડપથી પૉઇન્ટ ટુર્નાગેઇનથી યે આગળ નીકળી ગયા. અહીંથી આગળના પ્રદેશમાં હજુ સુધી કોઈ પણ સાહસિકે પગ મૂક્યો નહોતો. આ તરફનો માર્ગ વાંકોચૂકો હતો, પણ હવામાન અનુકૂળ ને સમુદ્રનાં પાણી શાંત હતાં. આગળ જતાં તેમનું હોકાયંત્ર બગડી ગયું, એટલે અનુમાનથી તેમને લાગ્યું કે તેઓ જેમ્સ રૉસે શોધેલા કિંગ વિલિયમ લૅન્ડ અને ઉત્તર લોહાકર્ષક ધ્રુવ(North Magnetic Pole)ની નજીક છે. (દુનિયાના કોઈ પણ સ્થળેથી ઉત્તર લોહાકર્ષક ધ્રુવની દિશા સૂચવતી કંપાસની સોય ધ્રુવ નજીકના કેટલાક માઈલના વિસ્તારમાં એ પ્રમાણે દિશા ન સૂચવતાં આડીઅવળી થઇ જાય છે) એટલે એમનું અનુમાન સાચું હતું. ઉત્તર અમેરિકા ખંડ અને કિંગ વિલિયમ લૅન્ડ વચ્ચે આવેલી લગભગ દસ માઇલ પહોળી સામુદ્રધુનીમાં તેમણે દસમી ઑગસ્ટે પ્રવેશ કર્યો, અને ત્યાંથી એક મોટી ભૂશિર પાસેથી તેમને પસાર થવું પડ્યું. એ ભૂશિર પછીનો કિનારો બરાબર બૅકે વર્ણવ્યા પ્રમાણે જ જોવા મળ્યો. આ અને બીજી કેટલીક ગણતરી તથા નિશાનીઓ પરથી સિમ્પસનને ખાતરી થઈ કે તેઓ બૅક નદીના મુખમાં આવી પહોંચ્યા છે. ત્યાંથી બૅકે શોધેલો મૉન્ટ્રીઅલ ટાપુ પણ સિમ્પસને ઓળખી કાઢ્યો. આ રીતે સિમ્પસનની બીજી યોજના પણ સફળતાપૂર્વક પાર પડી.

આટલે સુધી આવવામાં ઠીક ઠીક સમય પસાર થઇ જવાને લીધે, હવે તો શિયાળો શરૂ થાય તે પહેલાં તેમણે હવે પાછા ફરવું જરૂરી હતું. તેમ છતાં પૂર્વ દિશામાં હજુ આગળ જવાની અને ઠેઠ બૂથિયા ફેલિક્સ સુધી પહોંચવાની સિમ્પસનને ઈચ્છા થઇ. સિમ્પસનને ધ્રુવપ્રદેશનું જબરું આકર્ષણ હતું. નવોનવો પ્રદેશ પાદાક્રાન્ત કરવાની અદમ્ય ઝંખના એના ચિત્તને અસ્વસ્થ બનાવી મૂકતી હતી. એ નાદમાં એ લગભગ ગાંડા જેવો થઇ ગયો હતો. એટલે પોતાના લક્ષ્ય સુધી પહોંચવા છતાં એને સંતોષ થયો નહિ. દિવસો ઓછા હોવા છતાં એની પરવા કર્યા વિના બૂથિયા ફેલિક્સ તરફ એ જવા લાગ્યો, પણ કેટલુંક અંતર કાપ્યા પછી સમુદ્રના તોફાનને કારણે પાછા ફરવાની એને ફરજ પડી. જે સ્થળે સૌથી દૂર એ પહોંચ્યો એ સ્થળને એણે પોતાની વહાલી બે હોડીઓનાં નામ પરથી 'કૅસ્ટર' અને 'પોલુક્સ' નામ આપ્યાં, ને કિંગ વિલિયમ લૅન્ડ આગળની સામુદ્રધુનીને એણે પોતાનું નામ આપ્યું.

પણ વધુમાં વધુ પ્રદેશ શોધી એનો યશ મેળવવાનો અને એના નકશા તથા અહેવાલ તૈયાર કરવાનો સિમ્પસનને તો નાદ જ લાગ્યો હતો. પવન અને સમુદ્રના તોફાનને કારણે પૂર્વ દિશા (અનુ. પૃ. ૪૩૬)

. . . . . એ કોણ હશે ?

શ્રી શૈલજાનંદ મુખોપાધ્યાયની મૂળ બંગાળી વાર્તા ઉપરથી અનુવાદક
મહેન્દ્ર એ. શાહ



ઘણા દિવસો સુધી બેકારી ભોગવ્યા બાદ નોકરી મળી. પરંતુ જે જગ્યાએ મળી તે ભયાનક જગ્યા હતી. સાધારણરીતે તો ત્યાં જવા કોઈ તૈયાર થાય નહિ. મારી પહેલાં ત્યાં જે લોકો નોકરી કરતા હતા તેઓનાં ખૂન થયાં હતાં, અને એ મરણ પણ આશ્ચર્યજનક રીતે થયાં હતાં. રોગ નહિ, વ્યાધિ નહિ; દિવસભર કામ કરીને રાત્રે ખાઇપીને સૂઈ જતા અને સવારે પથારીમાં મરણ પામેલી અવસ્થામાં મળી આવતા. મોં પર ભયની વિકૃત રેખાઓ ઉપસી આવતી. તેઓ કેમ ડરી જતા, તેમને કોણ ડરાવતું—આ બધું કોઈ જાણતું નહિ.

પરંતુ બચપણથી જ ડર નામની ચીજ હું જાણતો ન હતો. મેં વિચાર્યું કે ચોર-ડાકુ ખૂન કરી નાખે તો એ જુદી વાત છે, પરંતુ મૃત્યુને આમે ય કોઇ રોકી તો શકતું નથી. વળી બેકારીમાં પરેશાન થઈને મરવા કરતાં આ પ્રકારે મૃત્યુશરણ થવું વધારે સારું છે.

ખેર; મેં નોકરી સ્વીકારી લીધી. જગ્યા બહુ દૂર ન હતી; પ્રાંતમાં જ હતી. એક મોટા સ્ટેશને ગાડી બદલીને નાની લાઈનની ટ્રેનમાં હું ચડચો. એ લાઇનનું અંતિમ સ્ટેશન મારી નોકરીની જગ્યાએ જવા માટે સૌથી નજીકનું સ્ટેશન હતું. સંધ્યાની વિદાય બાદ આકાશમાં ચંદ્ર ઊગ્યો. શિયાળાની ઋતુનું સુનીલ, નિર્મળ આકાશ! શુભ્ર સુંદર ચાંદનીમાં નહાઈ રહેલાં નાનાંનાનાં ગામો, લીલા હરિયાળા ધાનનાં ખેતરો, અને રસ્તાની બન્ને બાજુની વૃક્ષઘટાઓ વચ્ચે થઇને ગાડી ઝડપથી દોડી રહી હતી. દરેક સ્ટેશન વચ્ચેનું અંતર લાંબું હતું. સ્ટેશન આવતાં એકબે બત્તી જલતી જોવા મળી રહે; બે ચાર વ્યક્તિ ગાડીમાં ચડે, બે ચાર ઊતરે; જનતાનો કોલાહલ નહિ, શોરબકોર નહિ; ફક્ત એન્જિનનો છુકછુક અવાજ અને ગાર્ડની સીટી!

બારી પર હાથ રાખીને હું બહાર જોઈ રહ્યો હતો. યાત્રિકોને લઇ જતું કોઇ ગાડું ગ્રામ-પથ પર દેખાય છે, ક્યાંક નાની સરખી સુકાઇ ગએલી નદીની રેતી ચાંદનીમાંચમકી રહીછે.દૂરનું અસ્પષ્ટ ગામ ધુમ્મસ-માં ઢંકાઈ ગયું છે. વચ્ચે વચ્ચે દૂરના કોઈ ગામમાંથી કૂતરાનો ભસ-વાનો અવાજ સંભળાય છે. દરમ્યાન ન જાણે ક્યારે હું સૂઈ ગયો. જાગ્યો ત્યારે જોયું કે મારો ડબ્બો બિલકુલ ખાલી છે. જે લોકો ડબ્બામાં હતા તેઓ તેમાંથી ક્યારે ઊતરી ગયા તેની મને ખબર પણ ન પડી.

એવામાં પાછળ કોઈનાં પગલાંનો અવાજ સાંભળીને મેં પાછું વાળીને જોયું. માથાથી તે પગ સુધી સફેદ ચાદર લપટેલો, કાળો સરખો અને વાંસ જેવો ઊંચો એક સજ્જન મારી તરફ આવતો હતો. આવો લાંબો માણસ મેં ભાગ્યે જ જોયો હશે. તેનો ચહેરો મનુષ્યના ચહેરા જેવો ન હતો. કૈંક બકરાના મોં જેવું તેનું મોઢું લાગ્યું. બકરાને હોય છે તેવી દાઢી એના મુખ પર હતી. તેના કાળા ચહેરા પર બે મોટી સફેદ આંખો ચમકી રહી હતી. મારી આંખમાં જે થોડીસરખી ઊંઘ હતી તે પણ આ વ્યક્તિને જોઇને અદૃશ્ય થઇ ગઇ. અમે બન્ને ચૂપ હતા. આખરે તેણે મને પૂછ્યું, 'તમે ક્યાં જઈ રહ્યા છો?' તેનો અવાજ પણ તેના જેવો જ વિચિત્ર હતો.

'શાલબૂની.' મેં જવાબ આપ્યો. તેણે કહ્યું, 'હું પણ ત્યાં જઇ રહ્યો છું.'

મેં પૂછ્યું 'તમે શાલબૂનીમાં જ રહો છો?'

તેણે માથું ધુણાવી નકારમાં જવાબ આપ્યો. તો પછી ક્યાં રહો છો, એ પૂછવાની હું હિંમત કરી શક્યો નહિ. મેં પૂછ્યું, 'સિમ્પસન કંપનીનું લોઢાનું કારખાનુ ત્યા બંધાય છે તે સ્ટેશનથી કેટલું દૂર છે?'

'નજીકમાં જ છે.' તેના આ જવાબથી નિરાંત અનુભવી મેં પૂછ્યું, 'વારુ, એક વાત કહેશો? મેં સાંભળ્યું છે કે ત્રણચાર વ્યક્તિઓ ત્યાં મરી ચૂકી છે. એ કેવી રીતે મરી ગઈ તે જાણો છો?'

તેણે બીજી બાજુ મોં ફેરવી લીધું; કાંઇ જવાબ ન આપ્યો. પછી થોડી વારે મને પૂછ્યું, 'કારખાનામાં નોકરી કરવા આવ્યા છો, શું?'

'જી હા.' મેં જવાબ આપ્યો, 'શું કરું? લાચાર છું. એક મોટા કુટુંબનો બોજો મારા ઉપર છે. બાળબચ્ચાં છે......'

તેણે કહ્યું, 'જો તમારું પણ ખૂન કરવામાં આવશે તો?'

આ વાત તો મેં પણ કેટલીયે વાર વિચારી હતી. પરંતુ તેના મુખ-માંથી આ વાત સાંભળીને મારું દિલ ધડકી ઊઠ્યું. મેં કહ્યું, 'તો પછી ભરણપોષણના અભાવે મારાં કુટુંબીઓ મરી જશે.'

તેણે પૂછ્યું, 'કેટલાં બાળકો છે?'

મેં જવાબ આપ્યો, 'ત્રણ—બે છોકરા અને એક છોકરી.'

'કુટુંબમાં બીજાં કોણ છે?'

'વૃદ્ધ પિતા, મા, માસી, ભાણેજ...ઢગલાબંધ આશ્રિતો છે.'

'હં' કહીને તેણે ન જાણે બહારની તરફ મુખ ફેરવીને શું જોયું? પછી મારી તરફ ફરીને કહ્યું, 'વૃદ્ધ મા-બાપની સેવા કરવી જોઇએ. આજે ઘણા છોકરાઓ આ વાત સમજતા નથી. હું પણ બુઢ્ઢો થઇ ગયો છું ભાઈ, પરંતુ છોકરો એવો બદમાશ પાક્યો છે—' આટલું કહેતાં કહેતાં તે ઊભો થઈ ગયો. પછી ક્ષણભર ચૂપ રહીને બોલ્યો, 'સ્ટેશન આવી ગયું.'

પરંતુ ગાડી હજુ અટકી ન હતી. તેની જીવનકથા સાંભળવાની આતુરતા મનમાં જાગી ઊઠી હતી. મેં કહ્યું, 'બેસોને ભાઇ; હજુ ગાડી અટકી ક્યાં છે?' આટલું કહીને ખિસ્સામાંથી એક બીડી તથા બાકસ કાઢીને તેને આપતાં કહ્યું, 'લો પીશો?'

મેં વિચાર્યું કે કદાચ તે બેસીને તેની જીવન-કથા સંભળાવવાનું શરૂ કરી દેશે. તેણે હાથ લંબાવીને બીડી અને બાકસ લઈ લીધાં. પરંતુ બીડી

ન પીધી. ગાડી હવે સ્ટેશન નજીક આવી ચૂકી હતી. તે તરત જ દરવાજો ખોલીને નીચે ઊતરી પડયો. જતી વખતે આભાર માનવો તો બાજુ રહ્યો, મારી દીવાસળીની પેટી પાછી વાળવાનો પણ તેને ખયાલ ન રહ્યો! તેની પાછળ પાછળ ગાડીના બારણા સુધી હું ગયો. તે કઈ બાજુ જાય છે તે હું જોવા માગતો હતો. બીજો એક ઉદ્દેશ એ પણ હતો કે મને લેવા માટે કારખાનેથી કોઇ આવવાનું હતું તે આવ્યું છે કે નહિ.

પરંતુ બારણા આગળ પહોંચતાં જ હું આશ્ચર્યચકિત થઈ ગયો. મેં જોયું કે ગાડી હજુ પૂરી પ્લૅટફૉર્મ સુધી યે પહોંચી ન હતી, હજી ધીરેધીરે ચાલતી હતી. શું તે છેક ચાલતી ગાડીએ નીચે ઊતરી ગયો? શું તેની પાસે ટિકિટ નહિ હોય એટલે ડરથી આટલો જલદી ઊતરી ગયો હશે. એ કયાં ગયો હશે? કેમ દેખાતો નથી? આટલી લાંબી વ્યક્તિનું આવી રીતે અદશ્ય થઇ જવું સહેલું નથી. તેજસ્વી ચાંદનીને કારણે ચારે બાજુ બધું સાફ દેખાતું હતું. તો પછી તે વ્યક્તિ દેખાતી કેમ નથી? હૃદયમાં ન જાણે શું યે થવા લાગ્યું. એક તો આ તદ્દન અપરિચિત જગ્યા હતી. વળી તેને વિષે ભયંકર વાતો સાંભળી હતી. ત્યાં પહોંચ્યા પહેલાં આવો વિચિત્ર અનુભવ થયો! ન જાણે ભાગ્યમાં શું લખાયું હશે?

કારખાનાના બે ગુરખા પટાવાળા અને એક નાની ઉંમરનો માણસ સ્ટેશને સામે લેવા આવેલા. પટાવાળાઓએ ગાડીમાંથી મારો સામાન નીચે ઉતાર્યો. પ્લૅટફૉર્મ પર ઊભા રહીને મેં ચારે તરફ એક વાર જોયું. રેલવે લાઇન અહીં ખતમ થઇ જતી હતી. આ બાજુ આ નાનુંસરખું સ્ટેશન હતું, અને પેલી બાજુ અમારું કારખાનું. કારખાનું ચાલુ થવાને હજુ વાર હતી. મોટાંમોટાં યંત્રો આવી પહોંચ્યાં હતાં. વિસ્તૃત જગ્યામાં જાતજાતનાં લોઢાં-લાકડાંના ઢગલા પડ્યા હતા. એક બાજુ અમારા રહેવા માટે પતરાંના કામચલાઉ વસવાટ હતા. આ જ પતરાંના ઘરમાં મારી પહેલાં આવનારાઓની જીવનલીલા સમાપ્ત થઇ હતી. જે કાંઇ પણ હોય, પરંતુ મારે અહીં જ રહેવાનું હતું!

મારુ ભોજન તૈયાર કરવા માટે એક બ્રાહ્મણ છોકરાને બોલાવવામાં આવ્યો હતો. તે રાત્રે એ છોકરાને મેં મારી પાસે જ રોકી લીધો. ખાધા-પીધા પછી તે મારા ખાટલા પાસે જમીન પર તેની નાની સરખી પથારી પાથરીને સૂઈ રહ્યો. નજીકના કોઇ ગામમાં તેનું ઘર હતું. તેનું નામ યતીન હતું. તેણે મને પૂછયું, 'બ્રાહ્મણ છો?'

'હા.' મેં જવાબ આપ્યો.

'તો પછી ડરવાનું તમારે કોઇ કારણ નથી.'

'કેમ?' મેં પૂછયું. યતીને કહ્યું, 'જે લોકોને અહીં મારી નાખવામાં આવ્યા હતા તેઓને વૃક્ષનાં ભૂતોએ મારી નાખ્યા હતા. ભૂત બ્રાહ્મણને કયારે ય મારતું નથી. તેઓ બ્રાહ્મણ ન હતા.'

'ભૂત બ્રાહ્મણને મારતું નથી એ વાત તેં કેવી રીતે જાણી?'

હસીને યતીન બોલ્યો, 'જનોઈ હાથમાં લઇ જો એકવાર ગાયત્રીમંત્ર જપીએ તો ભૂતનો બાપ પણ આપણી પાસે ફરકવાની હિંમત ન કરે.'

ઘણી જ રહસ્યપૂર્ણ વાત હતી! પરંતુ રહસ્ય સમજવાનો કોઇ ઉપાય ન હતો. રાત્રે સારી ઊંઘ ન આવી. સવારે ઊઠીને હું બહાર નીકળ્યો. સૂર્યોદય થતો આવતો હતો. પૂર્વ દિશામાં હરિયાળાં જંગલો પર આકાશ લાલ થઈ ગયું હતું. મધુર હવા વહી રહી હતી. સ્થાન નિઃશંક સુંદર હતું. હું જેવો બહાર નીકળ્યો કે બન્ને ગુરખાઓ સલામ ભરીને મારી પાસે ઊભા રહ્યા. તેઓએ કહ્યું કે જો આજથી કામ શરૂ કરવું હોય તો આસપાસનાં ગામોમાંથી માણસો બોલાવી લાવીએ.

મેં કહ્યું, 'જરૂર બોલાવી લાવો. કામ આજથી જ શરૂ કરી દઇશું. આજે આપણે જંગલનાં ઝાડ તથા ઝાળાંઝાંખરાં સાફ કરવાનાં છે. એ માટે કંપનીએ હાલ સો રૂપિયા આપ્યા છે. વધારેની જરૂર પડશે તો હેડઑફિસમાં લખીને યા તો અહીંના જંકશન સ્ટેશન પાસે કંપનીનું ચૂનાનું કારખાનું છે ત્યાંથી મંગાવી લેવાશે.' એક મહિનાની અંદર એક હજાર વીઘાં જમીન સાફ કરવાનો મને હુકમ મળ્યો હતો.

જેટલાં લાવી શકાય તેટલાં માણસો લાવવાનું મેં ગુરખાઓને કહી દીધું. તેઓ ચાલ્યા ગયા. પછી મારા એકમાત્ર પાડોશી સ્ટેશનમાસ્તરનો પરિચય કરી આવવાનો મારા મનમાં વિચાર આવ્યો. સ્ટેશન પર ગયો, તો માસ્તર બેઠાબેઠા એક મોટા ચોપડામાં કૈં લખતા હતા. તેઓ મોટી ઉંમરના, તગડા ને ઠિંગુજી આદમી હતા. પરિચય થતાં જ ચોપડો બંધ કરીને એમણે મારી સાથે વાતચીત કરવી શરૂ કરી દીધી.

મેં કહ્યું, 'તમે તમારું કામકાજ ચાલુ રાખોને.'

તેમણે કહ્યું, 'કામ તો થયા કરશે, સાહેબ. અહીં સારા માણસો જ જોવા મળતા નથી. થોડીક વાતો કરવાનું મન થઈ આવ્યા કરે છે. જલદીજલદી જંગલ સાફ કરાવી નાખો, સાહેબ. કારખાનું બની જશે એટલે અહીં બજાર પણ ચાલુ થશે અને સારા લોકો ધંધો કરવા પણ આવશે. અહીંનું શાંત વાતાવરણ ધમધમી ઊઠશે.'

હું બોલ્યો, 'પરંતુ મેં સાંભળ્યું છે કે આ ઝાડ કપાવવા આવનાર મારી પહેલાંની ત્રણ વ્યક્તિઓ તેમનો જાન ગુમાવી બેઠી છે.'

મારી વાત પૂરી થાય તે પહેલાં ટેબલ ઠોકતા તેઓ બોલી ઊઠયા, 'જવા દો એ વાત. હું આવી વાત પર વિશ્વાસ કરતો જ નથી. ભૂત-બૂત કાંઇ નથી. એમ મનાય છે કે ભૂતે તેમને મારી નાખ્યા છે; પરંતુ રૂપિયા કયાં જાય? શું રૂપિયા પણ ભૂત ઉપાડી જતા હશે?'

વાત બરાબર સમજી ન શકવાને કારણે મેં તેમને ફરીને પૂછયું. એટલે તેમણે કહ્યું કે 'મને તો ખાતરી છે કે પેલી વ્યક્તિઓને ભૂતે મારેલી નથી, પરંતુ મનુષ્ય દ્વારા જ તેઓનાં ખૂન થયાં છે. મજૂરોને ચૂકવવા માટે તેમની પાસે પૈસા રહેતા હતા. એ પૈસાના લોભમાં કોઇએ તેઓનાં ખૂન કર્યાં છે.'

મેં કહ્યું, 'મને તો શું કરવું તેની કાંઈ સૂઝ પડતી નથી.' એવામાં તાર આવ્યો એટલે સ્ટેશન માસ્તર ઊભા થયા. મશીન પાસે જઇને કેટલીક વાર ટક્-ટક્ કરીને બોલ્યા, 'તમારી પહેલાં જે લોકો આવ્યા હતા તેમને પણ મેં કહ્યું હતું, પરંતુ તેઓએ મારી વાત માની નહિ.'

કામ પૂરું કરીને તેઓ ફરી આવીને બેઠા અને બોલ્યા, 'રૂપિયા તમે તમારી પાસે રાખશો નહિ, ભાઇસાહેબ.' આટલું કહીને સ્ટેશનની ભીંતમાંની તીજોરી તરફ ઇશારો કરતા બોલ્યા, 'તમે એમાં રાખી શકો છો. જોકે મારી તીજોરીમાં હું બીજા કોઇને રૂપિયા રાખવા દેતો નથી. પરંતુ તમે એક સજ્જન બ્રાહ્મણ છો એટલે જ કહું છું. ચાવી રાતના દસ વાગ્યાની છેલ્લી ટ્રેન આવી ગયા બાદ હું લઇને ઘેર ચાલ્યો જાઉં છું. તમારી ઇચ્છા હોય તો તમે અહીં સૂઈ પણ શકો છો. બારીબારણાં બંધ કરીને તમે નિરાંતે નસ્કોરાં બોલાવી શકો. આ મજબૂત તિજોરીમાં રૂપિયા મૂકયા પછી જોઈ લેશું કે ભૂત શું કરી નાખે છે!'

તેની વાત મને ગમી. રસોઈ કરીને યતીન મારી પાસે રૂપિયા લેવા આવ્યો. તેને રૂપિયા આપીને કહ્યું, 'યતીન, રાત્રે હું અહીં જ રહીશ.'

યતીન હસીને બોલ્યો, 'સમજી ગયો. તમે ડરી ગયા છો. તમારે ડરવાની કાંઈ જરૂર નથી. તમે તો બ્રાહ્મણ છો. હું તો કહી ચૂકયો છું...'

ગુરખા સિપાઇ ઘણા જ કામના માણસ લાગ્યા. ઝાડ કાપવા માટે ઘણા મજૂરોને બોલાવી લાવેલા. સાંજે જ્યારે મજૂરોને મજૂરી ચૂકવવા ગયો ત્યારે જોયું કે સારા પ્રમાણમાં જગ્યા સાફ થઈ ગઈ હતી.

રામલાલ પટાવાળો બોલ્યો, 'સા'બ, હેડ ઑફિસમાંથી બીજા રૂપિયા મંગાવી લેજો.'

મેં પૂછયું, 'શું આટલા દિવસ કાંઇ જ કામ થયું નથી, રામલાલ?'

રામલાલ બોલ્યો, 'થોડુંઘણું થયું છે.' તે જ દિવસે મેં હેડઑફિસમાં મોટી રકમ મોકલવા માટે તાર કરી દીધો. પરંતુ રૂપિયા આવવામાં ઠીક સમય લાગી ગયો. મારી પહેલાં આવનારાઓએ આ રીતે રૂપિયા તો મંગાવ્યા હશે, પરંતુ કામ આગળ વધેલું જ નહિ. હિસાબ દીધા પહેલાં તેઓ મરી ગએલા. આમ કંપનીને ઘણા રૂપિયાનું નુકસાન ગયું હતું. એટલે રૂપિયા ન આવતાં હેડઑફિસેથી એક ઈન્સ્પેક્ટર આવ્યો.

કામ જોઇને તે ખુશ થયો. અસંખ્ય ઝાડ કાપીને જગ્યા ખાલી કરી નાખવામાં આવી હતી. એક અઠવાડિયું થયાં મજૂરી ન મળ્યાને કારણે મજૂરો મારો જીવ ખાતા હતા. એટલે ઈન્સ્પેક્ટરે હેડઑફિસે પહોંચીને એક હજાર રૂપિયા મોકલવાનું આશ્વાસન આપ્યું. શિવચરણને સાથે લઈને હું ઈન્સ્પેક્ટરને સ્ટેશને વળાવી આવ્યો. વળતાં શિવચરણ બોલ્યો, 'બીજા પણ રૂપિયા મંગાવી લો, બાબુજી; એક હજાર રૂપિયા તે કેટલાક દિવસ ચાલશે?'

હું બોલ્યો, 'પૈસા ખલાસ થયે હેડઑફિસવાળા ફરી મોકલાવશે.'

યતીનને હું વારંવાર કહેતો કે ઘણાંખરાં ઝાડ તો કપાઈ ગયાં, પરંતુ હું મર્યો નહિ. તે હસીને કહેતો, 'મેં તો પહેલેથી જ કહ્યું હતું કે બ્રાહ્મણે ડરવાનું હોય જ નહિ.' અને હું પણ કહેતો, 'ખરું છે; પહેલાં તો મને વિશ્વાસ બેસતો ન હતો, પરંતુ હવે તારી વાત સાચી લાગે છે.'

એ દિવસે રાત્રે જમતી વખતે મેં પૂછ્યું, 'યતીન, તેં કોઈ દિવસ ભૂત જોયું છે?' યતીન બોલ્યો, 'હા.' ત્યાર બાદ તેણે એક એવી લાંબી કથા શરૂ કરી કે જે કેમે ય પૂરી થાય તેમ ન હતી. સ્ટેશન પર છેલ્લી ગાડી આવી ચૂકી હતી. તે છૂટતાં જ સ્ટેશનમાસ્તર ચાલ્યા જાય. તેમના ચાલ્યા જતાં પહેલાં મારે ત્યાં પહોંચવું જરૂરી હતું. રાત્રે ત્યાં જ સૂવાનું હતું, એટલે યતીનને કહ્યું 'બાકીની વાત કાલે સાંભળીશ.'

પરંતુ વાત સંભળાવવાના જોશમાં સ્ટેશન સુધી તે મારી સાથે સાથે ચાલતો આવ્યો. સ્ટેશને પહોંચતાં જોયું કે સ્ટેશનમાસ્તર હજુ બેઠા છે. તેમણે કહ્યું, 'જંકશનથી તમારા પર તાર આવ્યો છે. એક હજાર રૂપિયા લઇને એક માણસ આવે છે. તમારી રાહ જોતો જ હું બેઠો છું.'

'રૂપિયા કઇ રીતે આવશે? ગાડી તો ચાલી ગઈ!' તેઓ હસીને બોલ્યા, 'આવડી મોટી કંપની માટે કયું કામ મુશ્કેલ હોય? પાઈલટ ઍંજિનમાં તે રૂપિયા લઇને આવે છે.'

યતીન મારી પાસે જ જમીન પર બેસી ગયો. થોડા સમય બાદ અવાજ કરતું એન્જિન આવી પહોંચ્યું. ચૂનાના કારખાનાના નાના મૅનેજર પોતે જ રૂપિયા લઇને આવ્યા હતા. રૂપિયા આપીને અને રસીદ લઇને તેઓ એ જ એન્જિનમાં પાછા ચાલ્યા ગયા.

તિજોરીમાં રૂપિયા મૂકી સ્ટેશન માસ્તર ચાલ્યા ગયા. યતીન પણ ચાલ્યો ગયો. હું બારીબારણાં બંધ કરી સૂવાની તૈયારી કરતો હતો ત્યાં યતીન ફરી પાછો આવી કહેવા લાગ્યો, 'આટલા રૂપિયા લઇને તમારે એકલા રહેવું યોગ્ય નથી, બંને ગુરખાને મોકલી આપું?'

મેં માથું ધુણાવીને ના કહી દીધી. યતીન ચાલ્યો ગયો. બધાં બારણાં તથા બારીઓ બંધ કરી દેવાથી તો મારો જીવ ઘૂંટાવા લાગ્યો, એટલે એક બારી ખોલી નાખી. રેલવે સ્ટેશનની નાની બારી ખુલ્લી રાખવામાં ભય ઘણો જ હતો. કોઈ પણ માણસ કૂદકો મારીને અંદર આવી શકે તેમ હતું. ભલેને આવે! રૂપિયા તો લોઢાની તિજોરીમાં છે. અને ભૂત જ જો રૂપિયા ચોરતા હોય તો તેનાથી કોઈ રીતે બચી શકાય તેમ ન હતું. બારી ખુલ્લી હોય કે બંધ, ભૂત માટે તો બંને બરાબર. આ બધો વિચાર કરતાં કરતાં અને આકાશમાં ઊગતા ચન્દ્રને જોતાં જોતાં હું ક્યારે ઊંઘી ગયો તેની મને ખબર ન રહી.

એકાએક મને એવું લાગ્યું કે જાણે કોઇએ લૂગડાના ડૂચાથી મારું મોં સજ્જડ દબાવી દીધું છે. મારી ઊંઘ ઊડી ગઇ. હું હાથ પગ પણ હલાવી શકતો ન હતો. મને દોરડાંથી બાંધી દેવામાં આવ્યો. હું બોલી શકું તેમ તો ન જ હતું. મારો શ્વાસ ઘૂંટાઈ રહ્યો હતો. પરંતુ મારી આંખો ખુલ્લી હતી. ચાંદનીમાં કેવળ એટલી જગ્યા જ દેખાતી હતી જ્યાં બારીમાંથી ચાંદની આવી રહી હતી. જે વ્યક્તિએ મારું મોં દબાવી દીધું હતું તેને હું અસ્પષ્ટ જોઈ શકતો હતો.

એવામાં તિજોરી ખૂલ્યાનો અવાજ થયો. હવે શું કરવું? મુરદાની માફક ચૂપચાપ પડ્યો રહ્યો. મોત નક્કી હતું. હવે હું સમજી શક્યો કે મારી પહેલાંના ત્રણ માણસો આવી જ રીતે મૃત્યુશરણ થયા હશે. હૃદય જોરથી ધડકી રહ્યું હતું. ગળું સુકાઈ ગયું હતું. એ ભયાનક અવસ્થાનું વર્ણન હું કરી શકું તેમ નથી.

રૂપિયાની થેલી બહાર નીકળ્યાનો ધીમો ખણખણાટ સંભળાયો. ત્યાં તો મેં જોયું કે બારીમાંથી એક વ્યક્તિ ઓરડાની અંદર કૂદીને આવી. આંખોમાં આંસુ ભર્યાં હોવાને કારણે મને ઝાંખુંઝાંખું દેખાતું હતું. તો પણ મને લાગ્યું કે માથાથી તે પગ સુધી સફેદ ચાદર લપેટેલી ખૂબ લાંબી એ વ્યક્તિ એ જ છે જેને મેં ટ્રેનમાં જોઇ હતી. એવામાં કોઇ બન્ને હાથ વડે મારું ગળું દાબી રહ્યું. હવે તો મૃત્યુ જ આવ્યું. પણ હું મરતો બચી ગયો. પેલી વ્યક્તિએ મારું ગળું છોડી દઇને કોઈ બીજાની સાથે મારામારી શરૂ કરી દીધી હતી.

ત્યાર બાદ એક ભયંકર અવાજ થયો. પછી ચીસ સાંભળી. મૃત્યુ પહેલાં માણસ જેવી ચીસ પાડે છે તેના જેવી જ કંઇક એ ચીસ હતી. મારામારી હજુ બંધ થઈ ન હતી. રૂપિયાની થેલી ખણ ખણ કરતી નીચે પડી ન હોય તેવું મને લાગ્યું. ત્યાર બાદ કોઇ બારીમાંથી કૂદકો મારીને બહાર નીકળી ગયું. તેની પાછળપાછળ કોઈ બીજો માણસ બહાર નીકળી ગયો. બહાર પણ અવાજ થવા લાગ્યો. નિરુપાય ને અસહાય દશામાં હું ચૂપચાપ મુરદાની માફક પડ્યો રહ્યો. થોડાક સમય બાદ બધું શાંત થઈ ગયું. શો બનાવ બની ગયો તેની મને બરાબર સમજ ન પડી. હૃદય પણ એવું ધ્રૂજી રહ્યું હતું કે કોઇ પણ ક્ષણે મારું મૃત્યુ થઇ જાય.

એવામાં છુકછુક, કરતું એક એન્જિન આવી પહોંચ્યું. સાથે સાથે લોકોનાં પગલાંના અવાજ પણ સંભળાવા લાગ્યા. પછી બંધ દરવાજા પર ટકોરા પડવા લાગ્યા. પરંતુ દરવાજો ખોલે કોણ? હું તો ઊભો થઈ શકું તેમ જ ન હતું. મારું મોં પણ બાંધેલું હતું. એવામાં પછી કોઇએ બારી કૂદીને અંદર આવી રૂમનો દરવાજો ખોલી નાખ્યો. રૂમમાં બત્તી કરવામાં આવી. જંકશનથી પોલીસનાં માણસો આવેલા હતા. સ્ટેશન માસ્તર પણ આવી પહોંચ્યા.

ઓરડો લોહીથી ખરડાઈ ગયો હતો. ગુરખો રામલાલ જમીન પર મરેલો પડ્યો હતો. લોઢાની તિજોરી ખુલ્લી પડી હતી. પરંતુ રૂપિયાની થેલી જમીન પર અકબંધ પડી હતી. મારા સમજવામાં કંઈ પણ આવતું ન હતું. મને મારીને રૂપિયા કોણ ઉપાડી જવા માગતું હતું? મને બચાવીને રામલાલને કોણે મારી નાખ્યો? પોલીસ અમલદારને મેં પૂછ્યું, 'આ બનાવની તમને ખબર કઈ રીતે મળી?'

જે રૂપિયા આપી ગયા હતા તે જ બોલ્યા, "જંકશન પર અમારું એન્જિન પહોચતાંજ અહીંનો તાર મળ્યો, 'ધાડ પડી છે.જલદી આવો.'"

અહીંથી તાર કોણે કર્યો? સ્ટેશન માસ્તરે ટેલીગ્રાફ મશીન પાસે જઇને જોઇને અમને કહ્યું કે પોતે કનેક્શન તો કાપીને ઘેર ગયા હતા.

બધા લોકો બહાર નીકળ્યા. ચાંદની ઘટી ગઇ હતી, તોપણ મેં જોયું કે દૂર પ્લૅટફૉર્મના અંતિમ છેડા પર કંઈક સફેદ જેવી ચીજ પડી હતી. પાસે જઇને જોયું તો શિવચરણ હતો! અમને જોઇને તે રડવા લાગ્યો. કાંઈ બોલ્યો નહિ. ત્યાર બાદ તેને પુષ્કળ માર મારીને

ઘણી જ મુશ્કેલીથી તેની પાસેથી વાત કઢાવી. તે અને રામલાલ મને મારીને રૂપિયા ચોરવા આવ્યા હતા. મારી પહેલાંના ત્રણ માણસોને પણ એ લોકોએ જ મારી નાખ્યા હતા. પરતુ આ વખતે તેઓ ફાવ્યા નહિ. વચમાં કોઇએ આવી રામલાલને મારી નાખ્યો અને શિવચરણ પાસેથી રૂપિયાની થેલી છીનવી લઈ તેની પાછળ પડચો અને તેના બન્ને પગ કાપી નાખ્યા. એવા પગે ઘણી જ મુશ્કેલીથી છાતીને ટેકે ઘસડાતો શિવચરણ ભાગવાની કોશિશ કરી રહ્યો હતો.

મેં પૂછ્યું, 'એ માણસ દેખાવમાં કેવો હતો?' શિવચરણ બોલ્યો, 'એ મનુષ્ય ન હતો, સા'બ; એ અસાધારણ બલવાન હતો. ખૂબ લાંબો તાડના ઝાડ જેવો હતો, અને બકરા જેવું તેનું મોં હતું!'

વધુ પૂછવાની હવે જરૂર ન હતી. મારુ માથું ભમવા લાગ્યું. હું ત્યાં જ બેસી ગયો. જ્યારે રામલાલ મને ગળું દબાવીને મારી નાખવા માગતો હતો ત્યારે તેને બારીમાંથી કૂદીને અંદર આવતો મેં જોયો હતો.

એવામાં મારા પગ પાસે 'ટપ' કરતું કાંઈક પડચું. મેં ઉઠાવીને જોયું તો પેલી જ દીવાસળીની પેટી, જે મેં તેને ટ્રેઈનમાં આપી હતી!

પછી તો મેં આમતેમ બહુ દૂર સુધી જોયું, પરંતુ કોઈ દેખાયું નહિ. મારું આખું શરીર ધ્રૂજી ઉઠચું.

એ કોણ હશે? જે કોઇ હો, એને મારા નમસ્કાર હજો!

('ગાંડિવ સાહિત્ય મંદિર'ના સૌજન્યથી : મૂળ લેખક તરફથી 'ગાંડિવ'ને મળેલા હક અન્વયે)

ટૉમસ સિમ્પસન (અનુસંધાન પૃષ્ઠ ૪૩૨થી ચાલુ) તરફ આગળ ન જવાયું તો, પાછા ફરતાં કિંગ વિલિયમ લૅન્ડના દક્ષિણ કિનારાની સાઠ માઈલની સફર હોડીમાં કરીને, અને વિકટોરિયા ટાપુના કિનારે કિનારે ૧૫૬ માઈલની પ્રદક્ષિણા કરીને એણે તેના નકશા તૈયાર કર્યાં. એવામાં શિયાળો શરૂ થઈ જતાં પવન તીરની જેમ ભોંકાતો ગયો અને બરફની ઝીણીઝીણી કરચો માણસને આંધળા બનાવી દે એટલા જોરથી ઊડવા લાગી. એટલે સિમ્પસન પોતાના સાથીદારો સાથે ઝડપભેર પાછો ફર્યો અને સમયસર ફૉર્ટ કૉન્ફિડેન્સમાં પહોંચી ગયો.

આ વખતના સાહસમાં સિમ્પસને ધ્રુવપ્રદેશમાં નાની હોડીમાં બેસી લગભગ સત્તરસો માઈલની સતત સફર કરી હતી. માત્ર હોડીમાં બેસીને આટલી લાંબી સફર ધ્રુવપ્રદેશમાં સિમ્પસન પહેલાં કોઇ સાહસિકે કરી નહોતી અને સિમ્પસન પછી હજુ સુધી કોઈએ કરી નથી!

આમ, સતત ચાર વર્ષ સુધી ધ્રુવપ્રદેશની દરિયાઈ અને જમીનમાર્ગની સાહસિક રખડપટ્ટી કરીને તેણે હડસન બે કંપનીએ સોંપેલું કામ અસાધારણ સફળતાપૂર્વક પાર પાડચું હતું. હવે સૌ થાકચા હતા ને ઇંગ્લંડ જવાના દિવસો ગણવા લાગ્યા હતા. પણ સિમ્પસનની ઇચ્છા પાછા ફરવાની નહોતી! એણે હડસન બે કંપનીને પત્ર લખીને હજુ એકાદ વર્ષ વધારે રોકાઇ બૅક નદીના મુખની તરફ ઠેઠ ફ્યૂરી ને હેકલા સામુદ્રધુની સુધીનો પ્રદેશ દરિયાઈ માર્ગે શોધવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરી ને એ માટે સાધનો, પુરવઠો, અન્ય સામગ્રી, મદદનીશો વગેરે સાથે નવા સાહસ માટે મંજૂરી આપવાની માગણી કરી.

ફૉર્ટ કૉન્ફિડેન્સમાં એના સાથીદારો જ્યારે ખાઈપીને આરામ કરતા હતા અને ઈંગ્લંડનાં સ્વપ્નાં સેવતા હતા ત્યારે સિમ્પસન કંપની તરફથી પોતાના નવા સાહસની મંજૂરીના પત્રની અધીર ઉત્સુકતાથી રાહ જોતો હતો. કેટલાક દિવસ પસાર થઈ ગયા છતાં કંપની તરફથી કંઈ જવાબ ન આવ્યો એટલે એની ઉત્કંઠા વધી ગઇ. પોતાને જલદી જવાબ મળે અને ચિત્તની શાંતિ અનુભવાય એટલા માટે શિયાળાના એ ભયંકર દિવસોમાં એક હજાર માઈલ પગે ચાલીને તે રેડ નદી પાસેના અમેરિકા ખાતેના કંપનીના મથકે આવી પહોંચ્યો. અહીં એણે ઘણા દિવસ રાહ જોઈ, પણ કંપની તરફથી કંઈ જવાબ આવ્યો નહિ.

આથી સિમ્પસન અતિશય નિરાશ થઈ ગયો. શા માટે કંપનીએ નવા સાહસ માટે મંજૂરી નહિ આપી હોય? મંજૂરી ન આપે તો કંઈ નહિ, પણ પત્રનો હા-નાનો જવાબ આપવાની પણ કંપનીને દરકાર નથી? કંપનીએ સોંપેલા કાર્યને કેટલી સરસ અને સફળરીતે પોતે પાર પાડી આપ્યું, છતાં શું કંપનીએ તેની કંઈ જ કદર નહિ કરી હોય? અરેરે, કંપનીના ડાયરેક્ટરો શું એટલા બધા જડ, નિષ્ઠુર અને ગણતરીવાળા હશે? શું ઇંગ્લંડની પ્રજાએ મારા કાર્યની કંઈ જ કદર નહિ કરી હોય કે જેથી કંપની મારી નવી યોજના મંજૂર કરવામાં નિરુત્સાહી બની ગઈ હશે?—આમ, સિમ્પસનનું મન ચકડોળે ચડચું. એ યૌવનમૂર્તિ હતો; સમર્થ અને અજોડ સાહસિક હતો; ઉત્કટ સંવેદનશીલ હતો. ધ્રુવપ્રદેશ સાથે એ તન્મય બની ગયો હતો. નવાનવા પ્રદેશો શોધવા એ જ એનું હવે જીવન બની ગયું હતું. એ સાચો મરજીવો હતો. એના યુવાન હૃદયને કંપનીની બેકાળજીથી ઘણો તીવ્ર આઘાત લાગ્યો. કંપની પ્રત્યે, કંપનીના ડાયરેક્ટરો પ્રત્યે, ઇંગ્લંડની પ્રજા પ્રત્યે એને તિરસ્કાર છૂટચો. એ આઘાત ન જીરવાતાં એના હૃદયમાં જન્મેલી વ્યથા ને કડવાશથી કંપનીને, અંગ્રેજોને, પોતાના સાથીદારોને, અરે ખુદ પોતાની જાતને પણ એ અનહદ ધિક્કારવા લાગ્યો.

ગાળો દેતાંદેતાં એણે કંપનીનું મથક છોડચું. પત્રના જવાબનો અભાવ, એ એને માટે ઇંગ્લંડ પાછા ફરવાનો જ હુકમ હતો. પણ પાછા ફરવામાં એનું ચિત્ત ચોંટતું નહોતું. ધ્રુવપ્રદેશ પાસેથી ખસતાં, ધ્રુવપ્રદેશ પ્રતિ પીઠ ફેરવતાં એની મહત્ત્વાકાંક્ષાઓ ભાંગીને ભુક્કો થઈ જતી હતી. એનું હૃદય ચિરાઈ જતું હતું.

ટૂંકામાં ટૂંકા રસ્તે, છેલ્લે રહેલા ચાર સાથીદારો સાથે તે ઇંગ્લંડ પહોંચવા માટે નજીકના બંદરે જવા નીકળ્યો. અણપૂરી આકાંક્ષા ને અદમ્ય ઝંખના સાથે જેમજેમ બંદરના માર્ગે એ જવા લાગ્યો તેમતેમ ક્રોધ, આવેશ, તિરસ્કાર, વગેરેને લીધે એ મગજ પરનું સમતોલપણું ગુમાવતો ગયો. એનું ચિત્ત ઉન્મત્ત થતું ગયું.

માર્ગમાં એક દિવસ સિમ્પસનની ઉન્માદાવસ્થા એકદમ વધી ગઈ. અન્ય પ્રત્યેનો અને પોતાના પ્રત્યેનો એનો તિરસ્કાર બેકાબૂ બની ગયો. તે દિવસે સાંજે, કંઈ પણ કારણ વિના, અચાનક જ એણે પોતાની બંદૂક વડે એકીસાથે પોતાના બે સાથીદારોનાં ખૂન કરી નાખ્યાં. બીજા બે સાથીદારો આથી છળી ગયા અને ભયભીત થઈ રાતોરાત જીવ લઇને નાઠા. બીજે દિવસે સવારે તેમણે ઝડપથી બંદર તરફ ચાલવા માંડચું. સિમ્પસનથી તેઓ ઘણે દૂર નીકળી ગયા હતા, પણ સિમ્પસન ચાલવામાં અસાધારણ ગતિવાળો હતો. સુડતાલીસ માઈલનું અંતર સીધી દિશામાં કાપી લગભગ સાંજને વખતે એ એમની સાથે થઈ ગયો!

પછી શું થયું તે ચોક્કસપણે જાણી શકાયું નથી. પણ એ જગ્યાએ સિમ્પસનનો દેહ ગોળીથી વીંધાએલો પડચો હતો. વધી પડેલી કટુતા અને નિરાશાથી ઉન્મત્ત થઈ એણે આત્મહત્યા કરી હશે? કે પછી ભયને લીધે એના સાથીદારોએ જ એનું ખૂન કરી નાખ્યું હશે? સાથીદારો પાસેથી સોગંદ સાથેનાં નિવેદનો લેવાયાં, પણ સિમ્પસનના મૃત્યુનો ભેદ હમેશ માટે અણઉકેલ્યો જ રહ્યો.

અને વધારે કરુણ ઘટના તો આ હતી: કંપનીના જવાબ માટે ટપાલની છેલ્લામાં છેલ્લી રાહ જોઇને જે દિવસે સિમ્પસને કંપનીનું મથક છોડચું, એના બીજા દિવસની ટપાલમાં કંપનીના સત્તાવાળાઓ તરફથી જવાબનો પત્ર આવ્યો હતો. કંપનીએ મંજૂર કરેલી સિમ્પસનના નવા સાહસની યોજનાની, અને એની શોધ તથા સિદ્ધિની કરેલી પ્રશસ્ય કદરની વિગતો એ પત્રમાં લખવામાં આવી હતી!

શૌર્ય અને સાહસ તથા પ્રેમ અને માનવતાની સાગરકથા



સાગરસાવજ દેવો ધાધલ



લેખક 'સુકાની'

ભાગ પાંચમો

ખંડ ૧૨: દ લા બાન

આ એ દ લા બાન! અનેક જુદ્ધનો જોગી; દક્ષિણ બ્રહ્મદેશનો પરાજિત ધણી. એની માનવતા હજુ અપરાજિત હતી; એક દહાડો ફરી પોતાના સિંહાસનને જીતી લેવાની એનામાં હિંમત હતી; પાતાળમાં પુરાએલા બલી પેઠે એ યોગ્ય કાળની પ્રતીક્ષા કરતો હતો!

એણે ઇશારો કર્યો. ઉપરની પરશાળમાંથી દસબાર સૅલોંગો મંડપમાં કૂદી પડ્યા. દરેકના હાથમાં ઝેર પાએલાં તીર હતાં, પણ તીરનાં ફળાં હવે જમીન તરફ તાકી રહ્યાં હતાં!

દ લા બાને મોરારીને છેલ્લો સવાલ પૂછ્યો, અને જવાબ મળતાં શુદ્ધ તમિળમાં દેવરાજને ઉદ્દેશીને કહ્યું.

'ધાધલ! અહીં આવવામાં તમે સાહસ ખેડ્યું છે. સંઘમિત્તાએ તમને મોકલાવ્યા છે એમ આ માઉં મ્યાદ મોરારી કહે છે, પણ અમને તમારી વાતમાં વિશ્વાસ આવવો જોઇએ. ચાર દહાડા તમારે અહીં રોકાઈ જવું પડશે. આજથી ચોથે દહાડે તમારો "નિકાલ" લાવશું!'

દ લા બાન પ્રતિમા પાછળ અદૃશ્ય થઇ ગયો. ધાધલ અને મોરારી નજરકેદી બન્યા હતા. ચાર દિવસ પછી નિકાલ, એટલે કાં તો 'કલાઓ' બેટ છોડે, કાં તો પ્રાણ છોડે, એમ દ લા બાને નિર્વિકારભાવે કહ્યું હતું!

સૅલોંગોએ એમને કેદી અને બંને મહેમાન તરીકે રાખ્યા. ધાધલે બુદ્ધપ્રતિમાને પ્રદક્ષિણા કરવા માંડી અને ઝડપથી આસપાસ નજર ફેરવી લીધી પાછળ ક્યાં ય દ્વાર ન દેખાયું. અનુભવી ધાધલ સમજી ગયો કે પ્રતિમા પોલી છે અને એની નીચે ભોંયરું હશે. ચાર દિવસ ધીરજ રાખી બે ય જણ ફ્યાની હદમાં નજરકેદી બની રહ્યા. એ ચાર દિવસમાં ધાધલે જોયું કે દ લા બાન કોણ છે એ સૅલોંગો જાણતા ન હતા. એ તો એને 'બિમ્મુની' (ભીમ મુનિ) કહેતા હતા અને એ કોઈ મહાપુરુષ છે એટલું જ જાણતા હતા. ભીમરાજ તલૈવન્ એ એનું આખું નામ હતું.

ખંડ ૧૩: તલૈંગનો ખજાનો

ચોથે દિવસે ઠેઠ સાંઝના ધાધલને દ લા બાને ફરી બોલાવ્યો. એના ચહેરા ઉપરથી કરડાકી અદૃશ્ય થઇ ગઈ હતી, એને સ્થાને બુઝાએલા જ્વાલામુખીની રાખોડી ખિન્નતા દેખાતી હતી; એની આંખોમાં જાણે ગત વૈભવનો વિષાદ હજુ છાયો પડ્યો હતો, પણ એના હોઠ ઉપર આવકારનું સ્મિત હતું. આદરથી એણે ધાધલનો સત્કાર કર્યો. એની અદામાં હવે રાજસિંહાસને બેસનારની છટા હતી. એણે તમિળમાં કહ્યું:

'રાજન્ દેવરાજ, તમારી વાત ઉપર વિશ્વાસ ન કરવા માટે હું તમારી ક્ષમા માગું છું; પણ જેના વધ માટે સહસ્રાવધિ ખડ્ગો સદાય સજ્જ થઇ રહ્યાં હોય એને એકદમ વિશ્વાસ કરવાની ટેવ ભુલાઈ જાય છે.'

ધાધલ દ લા બાને કરેલા સંબોધનથી વિસ્મય પામ્યો. બલીમાં બની ગએલા બનાવોની જેને જાણ હોય એ જ 'રાજન્' સંબોધન કરી શકે! ધાધલનું વિસ્મય સમજી જઇ દ લા બાને ઉમેર્યું: 'દેવરાજ તમારાં પરાક્રમ અને પદવી વિષે મને આજે જ ખબર પડી; અને ખબર કેમ પડી એનો ભેદ તમે પોતે જ નજરે જોશો ત્યારે સમજશો.'

આટલું કહી દ લા બાન ચાલવા લાગ્યા અને ધાધલને પાછળ આવવાની ઇશારત કરી. એ ફ્યાના મંડપની બહાર પડ્યો. બે ય જણ પહાડની કેડી ચડવા લાગ્યા. થોડે દૂર ચાલ્યા ત્યાં ફરી બે 'ચિન્થે' (સિંહ) દેખાયા. દ લા બાને નીચા વળી લાકડાના સિંહના બે આગલા પગ ઉપાડવા માંડ્યા. પગ વળવા માંડ્યા તેની સાથે સિંહનું ઉદર ઊઘડવા લાગ્યું, ને છેવટે ચાર હાથ ઊંચું અને બેએક હાથ પહોળું દ્વાર ઊઘડી ગયું. અંદર પગથિયાં હતાં.

દ લા બાન અને ધાધલ સીડી ઊતરવા લાગ્યા, અને છેવટે એક વિશાળ ગુફામાં આવી પહોંચ્યા. અહીં બે મશાલો સળગતી હતી. થોડી વારે બીજી ગુફા આવી. મશાલના પ્રકાશમાં એ અમરાવતી જેવી દીપતી હતી. સાગ અને સુખડનાં લાકડાંની સાત મોટી મન્જૂસો અહીં પડી હતી. દીવાલો ચકચકિત હથિયારોથી ભરી પડી હતી. દ લા બાને એક મન્જૂસ ખોલી. હીરા, મરકત, પાનાં, મોતી અને સોનારૂપાના દાગીનાઓથી મન્જૂસ ઠસોઠસ ભરેલી હતી. મશાલની ફરકતી જ્યોતમાં મન્જૂસમાં પ્રકાશની લહેરો સળવળી રહી હતી. દ લા બાને મન્જૂસ બંધ કરીને બીજી છ મન્જૂસ તરફ હાથ દેખાડતાં કહ્યું:

'દેવરાજ, તલૈંગ સામ્રાજ્યનો આટલો માત્ર ભંગાર! અને લાખોના પાલનહારની એકની એક સંતતિ હવે આટલાની જ વારસદાર બની રહી છે. આ ખંડિત વૈભવ તમે જોયો; હવે એની વારસદારને જોશો!'

આ સાંભળી ધાધલ ચૂપ રહ્યો. દ લા બાન ગુફાના છેવાડે પહોંચ્યો. એક સેવકે બળ કરી દીવાલમાંનું દ્વાર ખોલ્યું. અંદર પ્રકાશ ઝળાંઝળાં થઇ ગયો હતો. એ વિશાળ ખંડમાં રાજાનો મહેલ ખડો થઈ રહ્યો હતો. દ્વાર ખૂલતાં જ ખારી હવાની લહેરો આવી. આ ખંડના ઝરૂખા દરિયા ઉપર પડતા હશે એ ધાધલ સમજી ગયો. દાસદાસીઓ અદબથી કોરે ઊભાં હતાં. દ લા બાનને જોઈ સહુએ બ્રહ્મી રિવાજ મુજબ 'શિકો' (પ્રણામ) કર્યો. સામેના સુખાસન ઉપર બે યુવતીઓ બેઠી હતી, તે દ લા બાનને જોઈ આદરથી ઊભી થઇ ગઈ.

ધાધલ આંખો વિકસાવી જોઇ રહ્યો. એક સાવ અજાણી હતી: સહેજ ઊંચી, કમ્બુગ્રીવા, જાજ્વલ્યમાન, રૂપવતી, મનોહર અંગયષ્ટિવાળી અને બીજી હતી તન્ગમ્, ધાધલની સ્પર્ધામાં ઊતરેલી સોનલ!

'દેવરાજ!' દ લા બાને હળવેથી કહ્યું, 'આ મારી પુત્રી પદ્માવતી.'

પદ્માવતીએ હાથ જોડી નમસ્કાર કર્યા. સોનલ ધાધલના મુખભાવ જોઈ ખિલખિલાટ હસી પડી.

ખંડ ૧૪: સોનલની સિદ્ધિ

પણ બ દા મો–પદ્માવતી–એ તો ભિખ્ખુણી હતી અને એનું નામ સંઘમિત્તા હતું એમ સહુ કોઈ માનતા હતા! ધાધલે એને જોઈ હતી. કેશવપનવાળું એનું માથું ક્યાં અને અલકભાર નીચે નમી પડતું આ સુંદર મસ્તક ક્યાં?! શું આ સ્વપ્ન હતું? ધાધલ ઘડીભર પદ્માવતી સામે જોઈ રહ્યો. પછી એણે સોનલ તરફ પ્રશ્ન પૂછતી નજર ફેરવી. સોનલે સહજભાવે કહ્યું:



દુનિયાના ખંડોને અલગ પાડી દેતા મહાસાગરો આજે સ્ટીમરોને જવાઆવવાની ગલીઓ જેવા બની ગયા છે. આ ફેરફાર જે અનેક માનવીઓના પરિશ્રમથી થયો તેમાં રૉબર્ટ ફુલ્ટનનું નામ જુદું જ તરી આવે છે.



દુનિયાની પહેલી સ્ટીમર બનાવનાર એ માણસનો જન્મ ૧૭૬૫માં અમેરિકામાં ગરીબ માબાપને ત્યાં લિટન બ્રિટલ નામના ગામે થયો હતો. દસ વર્ષની વયે એને એક ઝવેરીને ત્યાં કામ શીખવા માટે ફિલાડેલ્ફિયા મોકલ્યો.



શોધક વૃત્તિના એ છોકરાને ચિત્રકળા અને માછલાં પકડવાનો શોખ હતો; પણ હોડીને ધકેલવાની મહેનત તેને ગમતી નહિ. ૧૭૭૮માં તેણે એક હાથથી ચક્રાકાર ડલેસાં ફેરવીને ચલાવી શકાતી એક યાંત્રિક હોડી બનાવી.



મહેનત કરીને કમાતો કમાતો તે ૧૭૮૨માં લંડન ગયો. ત્યાં ચિત્રકાર બેન્જામિન વેસ્ટ પાસે કળાનો અભ્યાસ કરતાં તેની શોધક શક્તિથી પ્રભાવિત થએલા વેસ્ટે તેને તમામ ધ્યાન સ્ટીમર બનાવવા ઉપર જ કેન્દ્રિત કરવા કહ્યું.



ફુલ્ટનનું મગજ શોધથી ઊભરાતું. તેણે આરસ કાપવાનાં, પૉલિશ કરવાનાં ને દોરડાંને વળ ચડાવવાનાં યંત્રો બનાવ્યાં. એક લોખંડી પુલની યોજના કરી. નહેરમાં ખાનાં (કૅનલ લૉક) બનાવવાનો પ્રારંભ પણ તેણે જ કર્યો.



તેના નફામાંથી ૧૮૦૩માં તેણે પારીસ પાસે સીન નદીમાં એક સ્ટીમર તરતી મૂકી. તે તરત ડૂબી ગઇ; પણ નિષ્ફળતાનો ઈન્કાર કરી તેણે નવી હોડી બનાવી. એ પ્રવાસ થોડોક સફળ થયો, પણ ઝડપ બહુ જૂજ આવી.

'અપ્પા! મેં તમને કહ્યું જ હતું કે આ કામ મારે પાર પાડવાનું છે, પણ તમે માનતા નહોતા. તલેંગરાજ ભીમદેવની પુત્રી તે આ જ પદ્મા! તમે ચાંઉમાં જોઈ તે સંઘમિત્તા; એણે પદ્માવતીનો તો માત્ર વેષ કાઢયો છે; એટલે તો આ પદ્માવતી મહારાજા સિન્ બ્યૂરોનથી બચી શકી છે. ભીમદેવ તે આ તમારે પડખે ઊભા છે એ. દ લા બાન (તલેંવન્–સરદાર) એ તો એમનું પદ છે. મને કહ્યા વગર તમે સંઘમિત્તા પાસેથી આ બેટનું રહસ્ય જાણી લઈને અહીં આવ્યા. મારા વગર મહારાજ ભીમદેવે તમારો વિશ્વાસ ન કર્યો; અને તમે સિન્ બ્યૂરોનના ભેદુ નથી એ કહેવા માટે, સંઘમિત્તાની મુદ્રા લઈને, ઠેઠ અહીં સુધી આવવું પડ્યું! અપ્પા! હવે તમે 'રાવળનાથ' ઉપર જાઓ! મોલમીનથી હંકારો ત્યાર પહેલાં વેળાસર અહીં ખબર મોકલાવજો. સંઘમિત્તાને કહેજો, એ ખબર પહોંચાડશે. પછીનું અમે પોતે સંભાળી લઇશું!'

સોનલ એવી ગંભીરાઈથી બોલતી હતી, કે જાણે દેવરાજ એ કોઈ મામૂલી 'માલમ' હોય અને પોતે સર નૌકાપતિ હોય! એ તમિળમાં બોલતી હતી, જે ભીમદેવ અને પદ્માવતી સારી પેઠે સમજતાં હતાં. સોનલે બોલવું પૂરું કર્યું કે ઘાઘલ ખડખડ હસી પડ્યો. એણે આવી છોકરી કદી જોઈ ન હતી; એની સાથે સૌ હસી પડ્યાં.

'સોનારાણી, જુસાં તું એ પાઘ પહેરી હોત નાં, તો આપણે બે ય કોઇ મલકને કોરો ન રાખત!' ઘાઘલે કહ્યું.

'પાઘ પહેર્યે જ કંઈ પરાક્રમ નથી થતાં, અપ્પા!' સોનલે લાડથી જવાબ આપ્યો.

'ખમાં મુઝા ધી (બેટી)' ઘાઘલે કહ્યું, 'અમે ઈ અજયપાળને કે'શું!'

ખંડ ૧૫: ફુયાનાં છેલ્લાં દર્શન

સાગવાનની લાદણી કરતાં બહુ દહાડા લાગે છે. 'રાવળનાથે' મલ-




હવે અમેરિકા પાછા આવી ૧૮૦૭માં તેણે એક સ્ટીમર બનાવી. દ્વેષીઓ ને ટીકાખોરો તેને 'ફુલ્ટન્સ ફૉલી' કહેતા. ૧૭મી ઑગસ્ટે એ સ્ટીમર 'ક્લેરમૉન્ટ' ન્યૂ યૉર્કથી આલ્બની જવા ઉપડી પણ થોડે જ દૂર જઇને અટકી પડી.




નદીકાંઠે ઊભેલા પ્રેક્ષકો મેણાં મારવા લાગ્યા; પણ ત્યાં તો 'ક્લેરમૉન્ટ' ફરી એકધારી ગતિએ આગળ વધી અને લોકોએ હર્ષનાદ કર્યા. સ્ટીમર આલ્બની જઇને ન્યૂ યૉર્ક પાછી પણ ફરી. તેણે ૬૨ કલાકમાં ૩૦૦ માઇલ કાપ્યા.




અમેરિકાનો ઝડપી વિકાસ જોનાર દીર્ઘદ્રષ્ટાઓનાં નાણાંની સહાયથી ફુલ્ટને હવે 'ન્યૂ ઑર્લીઅન્સ' નામે નવી સ્ટીમર બાંધી, જેણે ઍલેગૅનીઝ પર્વતોની પશ્ચિમનો મોટી નદીઓનો આખો પ્રદેશ ખુલ્લો કર્યો અને વસાવ્યો.



હવે મિસિસિપી અને ઓહાયો નદીમાં સ્ટીમર-વ્યવહાર શરૂ થયો. બાજુમાં ચક્રોવાળી મોટી સ્ટીમરો નદી પરનાં બંદરો વચ્ચે માલ અને માનવીઓની હેરફેર કરવા લાગી. તે અમેરિકન કાવ્યો ને કથાઓમાં પ્રસિદ્ધ થઈ.



૧૮૧૬માં પહેલી ઉતારુ સ્ટીમરે ઇંગ્લિશ ખાડી પણ ઓળંગી; અને પછી તો યુરોપની નદીઓ ને સાગરોમાં સ્ટીમરો દેખાવા લાગી. લાંબી મુસાફરી શક્ય બનતાં વિશ્વનો વેપાર વધ્યો, ને જગતનાં રાષ્ટ્રો પરસ્પરની નજીક આવ્યાં.



૧૮૧૫માં તેનો દેહાંત થયો. આજે ૫૪,૦૦૦ ટનની ભવ્ય આગબોટો ૪ દિવસમાં ઍટલાંટિક ઓળંગે છે, એ વિજયનો પ્રારંભ ફુલ્ટને કરેલો, જેની નાની 'ક્લૅરમૉન્ટે' ૧૮૦૭માં પ્રગતિના ઇતિહાસનું ઉજ્જવળ પાનું લખ્યું.

ચૂમાંથી તેજાના જેવો વજનમાં હલકો અને બારદાનમાં બહોળો માલ ઉપાડ્યો હતો. બબ્બે ફાલકા મોં સુધી ભર્યા હતા. છતાં 'રાવળનાથ'-ની જિમ્નાર માંડ ડૂબી હતી. હવે તેજાના પડખેનાં સંપાનોમાં ઉતાર્યા અને ધીંગા સાગવાનનાં થડ લદાવા માંડ્યાં. સાતસાત મોસમ ખારાં-મીઠાં પાણીમાં પકાવેલાં સાગ, ચોરાસી ચોરાસી આંગળનાં પરિઘ-વાળા સીધા સોટા જેવાં થડ ફાલકાના તળમાં ગોઠવાવા લાગ્યાં. ઉપર ફરી તેજાના ગોઠવાયા અને 'રાવળનાથ' તૈયાર થયાના ખબર નેમચંદ શેઠને પેગુ મોકલાયા. નેમચંદ શેઠે મોલમીનથી હંકારવાનો હુકમ મોકલાવ્યો અને પોતે 'અલખનાથ'ને લઈ હંડુમાન(આંડામાન)ના બેટમાં ભેગા થશે એમ કહેવડાવ્યું.

એક દહાડો ભિખ્ખુણીઓના ચાંઉમાંથી બુદ્ધઘોષાનો ધાધલ ઉપર સંદેશો આવ્યો. દેવરાજ સંદેશો મળતાં જ સ્થવિરાને મળવા ગયો. સ્થવિરાએ ખબર આપ્યા કે મોલમીનના મહાથેરાને નાગપત્તનમના બૌદ્ધ વિહારે એક સારી બુદ્ધમૂર્તિ પોતાને મોકલવા વિનંતી કરી છે; અને મહાથેરાએ સેત્સે ચેલે ફ્યાની અપૂજ મૂર્તિ નાગપત્તનમ્ મોકલવાનું ઠરાવ્યું છે. એ મૂર્તિ નાગપત્તનમ્ લઈ જવાની સ્થવિરાએ ધાધલને વિનંતી કરી. હમણાં જ સેત્સે ચેલે ફ્યાના બેટમાં થઈને તો દેવરાજ પાછો આવ્યો હતો. સ્થવિરાની આ વિનંતીમાં કંઇક રહસ્ય છે એ તો એને તુરત સમજાઈ ગયું. હવે એણે સોનલના હાથમાં બધું છોડી દીધું હતું, એટલે એણે વિશેષ કંઈ પણ પૂછ્યા વગર ફ્યાને મૂર્તિ નાગપત્તનમ્ પહોંચાડવાનું ખુશીથી કબૂલ કર્યું. સ્થવિરાએ આશીર્વાદ આપ્યા અને ઉમેર્યું : 'અમારી ભિખ્ખુણી સંઘમિત્તાને નાગપત્તનમના વિહારમાં વાસ કરવાની અતિ તીવ્ર ઇચ્છા છે. આપ જો એને પણ ફ્યા સાથે ત્યાં ઉતારી શકો તો કલ્યાણમાં વૃદ્ધિ થશે.' દેવરાજે એ

પણ કબૂલ કર્યું. રહસ્યની ઊંડાઈ વધતી જતી હતી, પણ હવે એ હાર્યો હતો. એની ખાતરી થઈ હતી કે આ કાર્ય સોનલ રાણી એકલે હાથે જ સાંગોપાંગ પાર ઉતારશે, અને પોતાને માત્ર નિમિત્ત બનાવશે.

આખા શહેરમાં વાત પ્રસરી ગઈ કે સેત્સે ચેલે ફ્યા નાગપત્તનમ્ પધારે છે. એનાં છેલ્લાં દર્શન કરવા લોકો ઉત્સુક થઈ ગયા. એક સવારે સાલવીન નદી પર વહેતીવહેતી ફ્યાની પાલખી આવી પહોંચી.

બે મજબૂત સંપાનો ચાર વાંસથી જોડી દેવામાં આવ્યાં હતાં. સંપાન વચ્ચે છ હાથનું અંતર રાખી વચ્ચે વાંસની પીઠ બનાવી હતી. એના ઉપર ઉમદા જરીનાં પાથરણાં પાથર્યાં હતાં અને ઉપર ફ્યાની પ્રચંડ મૂર્તિ બિરાજી હતી. મૂર્તિને પડખે બે અનુપમ બ્રહ્મી સુંદરીઓ અદાથી ઊભી હતી. એમના હાથમાં મયૂરપંખના મોટા વીંઝણા હતાં. ફ્યાની પછવાડે લાખ ઉપર સોનેરી ઢોળ ચડાવીને બનાવેલાં સાત રમકડાં જેવાં દાગબ (પેગોડા) લઈ સાત સંપાનો ચાલતાં હતાં. કિનારે હજારો લોકો ટોળે વળ્યા હતા. ફુંગીઓ અને ભિખ્ખુણીઓ એક પડખે ભેળાં થઈ ધર્મપાઠ કરતાં હતાં. થોડી વારે એક અદૂલું સંપાન કાંઠેથી અળગું થયું. એમાં એકલી ભિખ્ખુણી સંઘમિત્તા બેઠી હતી. સંપાન ફ્યા પાસે આવ્યું. સંઘમિત્તાએ ફ્યાના ખોળામાં માથું મૂકી દીધું.

લોકો માનતા હતા કે સંઘમિત્તા તે તલૈંગવંશની છેલ્લી વારસદાર રાજકુંવરી બ દા મો હતી. આ લોકો જાતે તલૈંગ હતા. આજે તલૈંગ સામ્રાજ્યની શેષકીર્તિ પરદેશ જઇ રહી હતી. શહેરના દરેક પેગોડામાંથી ઘંટનાદ ઊઠ્યા. સ્ત્રીઓનાં હૈયાં ભરાઈ આવ્યાં અને મુક્ત કંઠે રડવા લાગી. પુરુષો પણ હોઠ દબાવી રહ્યા. ખુદ મોલમીનનો મ્યો'થૂગી (સૂબો) પણ ત્યાં હાજર હતો. એ તલૈંગ ન હતો. એ તાંગૂ(કેતુમતી)નો રહેવાસી પાક્કો બ્રહ્મી હતો. એણે જોયું કે બ દા મો હવે હમેશ માટે એના મહારાજા સિન્ બ્યૂશેનના હાથમાંથી જઈ રહી હતી. પણ એ ય ધર્મભીરુ હતો. અદ્ભુત કારુણ્ય અને ગૌરવભરી ફ્યાની ધ્યાનસ્થ મૂર્તિ, અને એનાં ચરણમાં પડેલી બ દા મો, એ દૃશ્ય એને પણ હલમલાવી રહ્યું!

ફ્યાવાળાં સંપાન 'રાવળનાથ' પાસે થંભી ગયાં. અજયપાળે રસ્સાઓ ઉતાર્યા અને એક રસ્સા ઉપર સરતો સરતો પોતે પણ નીચે ઊતર્યો. ત્યારે જ એને ઓળખાણ પડી કે વીંઝણો નાખતી બે બ્રહ્મી સુંદરીઓમાંની એક યુવતી તો સોનલ હતી! બ્રહ્મી વેશ, બ્રહ્મી કેશ, મુખે સનાખા! સનાખા એ બ્રહ્મદેશનું ચંદનાંકન છે. આજે સાતેક દિવસ થયાં સોનલ બુદ્ધઘોષાના ચાંઉમાં રહેવા ગઈ હતી. ફરી અહીં એ ફ્યા જોડે ઊભી હતી. આ બે યુવતીઓમાંથી કોણ વધારે સુંદર લાગતી હતી એ અજયપાળની રસિક આંખો નક્કી ન કરી શકી. પાલખીને ચાર પડખે રસ્સાઓ બાંધતા અજયપાળે ધીમે સ્વરે ગાવા માંડ્યું:

'કામેનાકૃષ્ય ચાપં, હતપટુપટહં, વલ્ગુભિર્મારવીરૈઃ
ભ્રૂભંગોત્ક્ષેપજૃમ્ભા, સ્મિતલલિતદશા, દિવ્યનારીજનેન;
સિદ્ધૈઃ પ્રહ્વોત્તમાંગૈઃ પુલકિતવપુષા વિસ્મયાદ્વાસવેન,
ધ્યાયન્યો યોગપીઠાદચલિત ઇતિ વઃ પાતુ દૃષ્ટો મુનીન્દ્રઃ.

—અને એણે તમિળમાં કહ્યું, 'અહો ભગવાન ગૌતમના તપોભંગ કરવાના ઉદ્યમમાં પરાસ્ત થએલાં અપ્સરાજન! હવે પાછાં અમરાવતીના તૃતક ઉપર ક્યારે પધારશો?'

જવાબમાં સોનલે કહ્યું, 'ના મા લે બુ, કલા!' (હે પચ્છમના પરદેશી, તારું કહેલું હું સમજતી નથી.)

ખંડ ૧૬: સમુદ્રાભિસ્થા

ફ્યાની મૂર્તિ ચડી રહી અને લોકો દર્શન કરી શકે, માટે ઊંચા સા પર મુકાઇ. હવે નદીનાં પાણી ઉપર સેંકડો સંપાનો છૂટ્યાં અને 'રાવળનાથ'ની આસપાસ એ ફરવા લાગ્યાં. સંપાન સંપાનમાંથી આતશબા ઊડવા લાગી; મહાથેરા સાથે ભિખ્ખુઓ, અને સ્થવિરા બુદ્ધઘો સાથે ભિખ્ખુણીઓ જુંગ ઉપર આવીને ફ્યાને ચરણે ફળફૂલની ભે ધરી ગયાં. મ્યો'થૂગી 'શિકો' કરી ગયો, ને 'રાવળનાથે' લંગર ઉપાડ્યું

અહીંથી સાલવીનનું મુખ ત્રીસ કોશ ઉપર છે. ત્રીસે કોશની કંઠા લોકોથી ઊભરાઈ રહી હતી. કિનારાના ફ્યાઓમાં ભિખ્ખુઓની ભી જામી હતી. ફ્યા ફ્યામાંથી ઘંટનાદ થતો હતો. અનેક સંપાનો, એક બે કોશ સાથે ચાલતાં હતાં. છેક મોડી સાંજે 'રાવળનાથે', ફરી બંગલા સાગરના હેલા ઉપર મોરો ઉપાડ્યો!

હવે ફ્યાની મૂર્તિની પીઠ ઉઘાડીને ભીમદેવ તલૈંગ, બ્રહ્મીઓને દ લા બાન, સૅલોંગોનો બીમ્મુની, સથા ઉપર બહાર આવ્યો. એને હવે શ્વેત જટા ન હતી; લાંબી સફેદ દાઢી ન હતી. એ તો નકલી બીમ્મુનીના વાઘા હતા. એના અસ્સલ રૂવરૂપમાં એ સોળે કળાએ રાજા લાગતો હતો. પદ્માવતી એને ખભે માથું મૂકી હરખથી વિહ્વળ બની ગઈ. દસ દસ વર્ષ સુધી મોતના મુખમાં રહેલા પિતાને આજે આ બખ્તાવર ભારતીય વહાણના આઝાદ સથા પર જોઈ એનું હૈયું ભરાઈ આવ્યું હતું.

પરંતુ ભીમદેવ કરતાં પણ વિશેષ અદ્ભુત વેશપલટો તો ભિખ્ખુણી સંઘમિત્તાએ કર્યો હતો. એણે ભિખ્ખુણીનાં વસ્ત્રો બદલાવી નાખ્યાં હતાં અને કાકુલ માલમ પાસેથી મેળવેલો પુરુષવેશ ધારણ કર્યો હતો. એ 'સંઘમિત્તા'માંથી 'સંઘમિત્ત' બની ગયો હતો. એણે ભીમદેવ મામાના ચરણમાં પ્રણામ કર્યાં, અને વિહ્વળ પદ્માવતીને આશ્વાસન આપવા હોય, એમ એની લગોલગ, અતિ લગોલગ—ખડો થઈ ગયો. સોનલે, સહજ વાત કરતી હોય એવા સ્વરે, સૌની મૂંઝવણ દૂર કરતાં કહ્યું:

'સ્થવિરા બુદ્ધઘોષા એ તલૈંગરાજ ભીમદેવની બહેન થાય. આ સંઘમિત્ત એ બુદ્ધઘોષાનો પુત્ર થાય, એટલે ભીમદેવ એના મામા થાય; અને સંઘમિત્ત ને પદ્માવતી એ તો મામા ફોઈનાં.' આ અસમંજસ બધાને સમજાઈ ગયું છે એ જોઈ, એણે ઉમેર્યું, 'અને અમારામાં મામા ફોઈનાં પરણે એ તો તમે જાણો જ છો, અપ્પા!'

સોનલના શબ્દો સાંભળી સંઘમિત્તે એના તરફ કૃતજ્ઞભાવે જોયું. પદ્માવતીએ આંસુવાળી આંખમાંથી લજ્જિત ભાવે જોયું; ભીમદેવે વત્સલભાવે જોયું; દેવરાજે વિસ્મિત ભાવે જોયું; ને અજયપાળ? એની આંખો નિઃશબ્દ ભાવે કહી રહી હતીઃ 'મુગ્ધે! ધાનુષ્કતા કેયમપૂર્વા ત્વયિ દૃશ્યતે?' એ અણબોલ્યા બોલ જાણે સાંભળ્યા હોય એમ, સોનલે અજયપાળની આંખ ચુકાવી!

કુટુમ્બવત્સલતાની ઊંડી ભૂખ જેણે હૈયામાં જીવનભર ભંડારી રાખી હતી એ દેવરાજ, આજે પોતાના મરુજીવનમાં નવપલ્લવ ફૂટતાં હોય એવું અનુભવી રહ્યો.

'રાવળનાથે' જાણે પ્રેમ અને તૃપ્તિના સાગરમાં પઠાણ મૂક્યાં હતાં. અજયપાળ સોનલ, કાકુલ-ચમ્પકમ્, સંઘમિત્ત-પદ્માવતી, અને વીર ભીમદેવ, એ જાણે અતિ નિકટનાં સ્વજન લાગી ગયાં; અને ખરેખર એમાંથી કોઇને દેવરાજ કરતાં વધારે નિકટનું કોઈ ન હતું. (ચાલુ)

શેઠિયા મોટર લઈ પર્વતોની સહેલગાહે નીકળ્યા. રસ્તો ઢાળવળાંકવાળો અને સાંકડો હતો. ત્યાં સામેથી બીજી કોઈ ગાડી આવી. પરિસ્થિતિ એવી ઊભી થઇ કે બેમાંથી એકે ગાડી પસાર ન થઇ શકે. હવે શું કરવું? તમને ઉકેલ સૂઝે છે?... ના? તો—

શેઠે પેલી ગાડી ખરીદી લીધી, અને તેને ધક્કો મારી રસ્તા પરથી ખીણમાં ગબડાવી દઇ આગળ ઊપડ્યા!



પાનાંની રમત

[૧] સર બાજી

હુકમ
સાત હાથ
સતિયો
યા કોટ

લેખક

સાધુરામ દવે

આ લેખના લેખક શ્રી સાધુરામ દવેના 'લઘુયોગ' ઉપરના લેખોથી 'કુમાર'ના વાચકો પરિચિત છે. આ લેખમાળા સાથે એમની એક નવી જ બાજુનો વાચકોને પરિચય થશે. મદ્રાસ ખાતે વસતા એ ગુજરાતી સર્જન એ પ્રદેશના 'બ્રિજ' રમનારાઓમાં અગ્રણી સ્થાન ધરાવે છે. આથી તે વિષેની લેખમાળા 'કુમાર' માટે આપવાની અમે તેમને વિનતિ કરેલી તે સ્વીકારીને પાનાંની રમતથી અનભિજ્ઞ જનોને પણ તદ્દન શરૂથી તેમાં પ્રવેશ મળે એ હેતુથી તેમણે પ્રવેશક તરીકે 'સર બાજી'ની રમત સમજાવતો હપતો આ અંકમાં આપ્યો છે. હવે એ લેખમાળા આગળ ચાલશે. યુરોપ-અમેરિકાનાં પ્રતિષ્ઠિત સામયિકોની માફક, બુદ્ધિને કસતા અસંખ્ય કોયડાથી ઊભરાતી એ રમતનો વિભાગ 'કુમાર'માં નિયમિત આવે એવી અમારી મનીષા છે.

પત્તાં, પાનાં યા ગંજીફાથી ભાગ્યે જ કોઇ અજાણ હશે. પત્તાંની રમતો અનેક જાતની છે: સહેલામાં સહેલી 'ઢગલા બાજી'થી માંડીને, ખૂબ જ બુદ્ધિપૂર્વકની અને પત્તાંની ટોચની રમત 'બ્રિજ' (Bridge)સુધીની એની વિવિધતા છે. ઘણાને આશ્ચર્ય થશે, કે એ બ્રિજની રમત ઉપર તો સેંકડો પુસ્તકો લખાયાં છે, કેટલાંક નિયમિત માસિકો પણ એની બાબતમાં નીકળે છે, ને અનેક રોજિંદાં છાપાંઓમાં પણ તેની ચાલો વિષે અઠવાડિક સમાલોચનાઓ દરતા નિયમિત વિભાગ ચાલે છે. યુરોપ-અમેરિકામાં તો શહેરે શહેરમાં તેની હરીફાઇઓ યોજાય છે. આ 'બ્રિજ' અને આપણી ચાર કે છ જણ રમે તેવી 'ગ્રિમ'(પાનાંની એક રમત), એ બંનેનો પાયો સરબાજી પર જ રચાએલો છે, એટલે આપણે પહેલાં સર બાજી વિષે પરિચય મેળવી લઇએ. સર બાજીને, અંગ્રેજીમાં 'વ્હિસ્ટ' (Whist)કહે છે.

આપણામાંના કેટલાયે જણને પત્તાંના નામમાત્રથી જ સૂગ ચડે છે, અને એ તો જુગારીઓનો ધંધો એમ કહેતાં પણ અચકાતા નથી. અલબત્ત, દરેક વસ્તુને સારી ને ખોટી બંને રીતે વાપરી શકાય છે અને પત્તાં ઉપર ખૂબ જ મોટા જુગાર પણ રમાય છે; પરંતુ અહીં તેને સ્થાન જ નથી. અહીં તો પત્તાંની નિર્દોષ, જ્ઞાન સાથે ગમ્મત આપે તેવી ને બુદ્ધિને કસનારી તથા પ્રામાણિકતાથી રમવાની રમતોનો જ પરિચય કરવાનો છે. ઘરમાં બેઠાં આનંદ લેવા માટે ઘરનાં સર્વ ભાગ લઇ શકે તેવી, સસ્તામાં સસ્તી કોઇ રમત હોય તો તે આ છે. તેમાં કોઇ પણ જાતની અપ્રામાણિક રીતિઓ—દાખલા તરીકે ઇશારતો કરવી, (જેવી કે માથા ઉપર હાથ મૂકવો, ખમીસનાં બટન ફેરવવાં, જોરથી બોલવું, પાનું પછાડવું, સિસોટી વગાડવી, આંખ મિચકારવી વગેરે) ને પત્તાં ચાલાકીથી સરકાવી લેવાં કે રમતમાં ચિડાવાને સ્થાન જ નથી. એનો એકમાત્ર હેતુ નિર્દોષ આનંદ સાથે બુદ્ધિચાતુર્ય કેળવવાનો જ છે. હારવાજીતવાનો પણ આમાં સવાલ ન હોય.

ચાલો ત્યારે, આપણે સરબાજી વિષે વિચારીએ.

પાનાંની એક જોડ એટલે બાવન પત્તાં. તેમાં ચાર ભાત: જેમાં ♠ કાળી, ♠ લાલ, ♦ ચોકડી, અને ♣ ફુલ્લી. એ દરેક ભાતનાં ૧૩ પાનાં હોય છે, જેમાં એક્કો સૌથી ભારે, અને પછી અનુક્રમે બાદશાહ, રાણી, ગુલામ, દસ્સો, નવ્વો વગેરે ક્રમમાં છેવટે દૂરી સૌથી હલકી.

શરૂઆત

સર બાજી રમવા માટે ચાર જણ જોઇએ. તેમાં બબ્બે જણ સાથી કે ભિલ્લુ બને, એટલે બે પક્ષ થયા. સામસામા બેસે તે ભિલ્લુઓ ગણાય. રમત શરૂ કરતાં પહેલાં ભિલ્લુઓ નક્કી કરી લેવા જોઇએ. તે માટે પત્તાંની જોડ ઊંધી રાખીને ચારે ય રમનારા પોતાને ફાળે તે એક એક પાનું ઉઠાવે. તેમાં જેને બે સૌથી ભારે પાનાં આવે એ ભિલ્લુ, અને બાકીના બે પાનાંવાળા તે બીજા ભિલ્લુ. હલકામાં હલકું પાનું જેને ભાગે આવ્યું હોય તે ચીપે; અને ચીપ્યા બાદ પોતાની જમણી બાજુના સામા પક્ષના ખેલાડીને પત્તાં કાપવાનું (એટલે પત્તાંની જોડમાંથી તેને ફાળે તેટલો ભાગ અલગ પાડવાનું) કહે. તે કર્યા બાદ, ચીપનાર પોતાની ડાબી બાજુ બેઠેલા સામાવાળાને પહેલાં એકસાથે પાંચ પાનાં આપે. તે પાંચ પાનાં જોઇ, સામાવાળો પોતાને મનગમતો 'સર' પાડે. પછી દરેકને પાંચપાંચ પાન એક વાર, અને ત્યાર બાદ, ચારચાર પાનાં બે વાર વહેંચી, પૂરાં બાવન પાનાં વહેંચવામાં આવે.

'સર પાડવા' એટલે કાળી, લાલ, ચોકડી કે ફુલ્લીમાંથી કોઈ પણ એક ભાત 'સર' તરીકે જાહેર કરવી. તે પછી એ રમતમાં એ સરનું પાનું બીજી ભાત કરતાં ભારે ગણાય, અને જ્યારે 'ઊતર' કરેલી ભાત આપણામાં ન હોય ત્યારે જ, અને આપણી મરજી હોય તો જ, એ સરના પાના વડે કાપીને તે હાથ આપણે લઈ શકીએ. એવું પણ બને, કે એકથી વધુ જણ એ જ ભાત કાપતા હોય. એવા પ્રસંગે જેણે સૌથી ભારે સરનું પાનું નાખ્યું હોય તેનો તે હાથ ગણાય. આમ, સરની દૂરી, બીજા એક્કા કરતાં પણ ભારે ગણાય; પણ સરની જ ભાતમાં તો, નિયમ મુજબ, દૂરી સૌથી હલકી અને એક્કો સૌથી ભારે.

હાથ

'હાથ કરવો' એટલે જેનું પાનું સૌથી ભારે હોય તે ભિલ્લુઓનો તે હાથ (trick) ગણાય. જેનો 'હાથ' થયો હોય તે રમનાર એ હાથનાં ચારે ય પાન બરાબર ભેગાં કરી, પોતાની પાસે યા પોતાના ભિલ્લુની આગળ, તેની ઢગલી ગોઠવે. આમ, આખી એક રમતમાં ૧૩ હાથ થાય. તેમાં જેના વધારે (સાત કે તેથી વધુ) હાથ થાય તે પક્ષ જીત્યો ગણાય. આમ, પ્રથમનો ચીપનાર તથા તેનો ભિલ્લુ જ્યાં સુધી સાત હાથ કરીને બાજી જીતે નહિ ત્યાં સુધી તે જ ચીપ્યા કરે. પક્ષ ચીપનાર તથા તેનો ભિલ્લુ જો સાત હાથ કરે તો ચીપ, તેમના પણ ઉપરથી નીકળી જઇ, ચીપનારના ડાબી તરફના હરીફને માથે જાય, અને તેની પછીનો ખેલાડી સર પાડે. આમ રમતનો ક્રમ ઘડિયાળના આંકડાના ક્રમમાં ચાલતો જાય. જ્યારે કોઇ પણ ભિલ્લુઓ, સામાવાળાનો એક પણ હાથ કરવા દીધા સિવાય પોતાના સાત હાથ સળંગ કરી નાખે, ત્યારે સામાવાળાને 'કોટ' (coat) આપ્યો કહેવાય. (હારની મુંઝારીથી કદાચ શરદી ભરાઈ જાય માટે આ નામ શોધાયું હશે?) સામાન્યરીતે સર પાડનારા સામાવાળાને કોઇકોઈ વાર કોટ આપે એમ બને છે; પરંતુ કોઈ વાર એવો પણ યોગ બની જાય છે કે 'સર' સામાવાળાએ

પાડચો હોય, ને સળંગ સાત હાથ ચીપવાવાળા જ પ્રથમ કરી લે! આ રીતે આપેલો કોટ 'જાબિયો કોટ' કહેવાય છે.(એવા કોટમાં તળે અને ઉપર, એમ બંને જગ્યાએ ગરમ કપડું રહેવું હશે!)

સર

હવે આપણે સર શી રીતે પાડવો તે જોઇએ. સરનાં પાનાંની સંખ્યા જેમ વધારે, તેમ જીતવાની તક વધારે; એટલે સામાન્ય રીતે પાંચ પાનાંમાં વધુમાં વધુ જે ભાતનાં પાનાં હોય તે જાતનો 'સર' પાડવો. સરળતાથી સમજવા માટે A K Q J/10 (એક્કો, બાદશાહ, રાણી, ગુલામ ને દસ્સાની સંજ્ઞાઓ પાનાં ઉપર પણ અંગ્રેજીમાં આ જ રીતે આવતી હોવાથી, આપણે અંગ્રેજીમાં અહીં પણ તેની ટૂંકી સંજ્ઞા જ દર્શાવીશું) એ પાંચ પાનાંને 'મોટાં પાનાં' (honours) કહે છે. આ પાંચમાંથી ત્રણ યા તેથી વધુ મોટાં પાન જો કોઇ એક ભાતનાં હોય તો તો સર પાડવામાં ઝાઝા વિચારની જરૂર જ નથી—તે જ ભાતનો સર પાડવો. પરંતુ સમજો કે લાલના 5,3,2 હોય અને કાળીના A તથા 10 હોય તો, લાલનાં ત્રણ પાન હોવા છતાં, કાળીનો જ સર પાડવો; કારણકે તેનાં બંને પાન સંખ્યામાં ઓછાં છતાં કિંમતમાં 'મોટાં પાનાં' છે. પરંતુ જો લાલના 10,5,3 હોય અને (કાળીના) A, + હોય તો, લાલનો જ સર પાડવો; કારણ કે બંને ભાતમાં 'મોટું પાન' એક જ હોવા છતાં, લાલનાં પાનાંની સંખ્યા વધુ છે. કોઈ પણ ભાતનાં ચાર પાન હોય–પછીતે ગમે તેટલાં હલકાં હોય તોપણ તેનો જ સર પાડવો: જેમકે♠ 5, 4, 3, 2 અને ♠ A હોય તો પણ સર લાલનો જ પાડવો.

સર નક્કી થયા બાદ, બધાં પાન વહેંચાઈ જાય એટલે, આપણા ભાગે આવેલાં ૧૩ પાનને વ્યવસ્થિતરીતે ભાતવાર તથા ગુણક્રમે ગોઠવીને બરાબર તપાસી લેવાં; અને પત્તાં જેવાં તથા જે પ્રમાણમાં આવ્યાં હોય તે ખયાલમાં રાખીને આખી રમતનો વ્યૂહ રચવો. તે માટે આપણે સરાસરીનો કાયદો(law of averages) ધ્યાનમાં લેવો. એ કાયદો એ રીતનો છે કે જો આપણામાં ગમે તે ભાતનું એક જ પાનું હોય તો બીજા કોઇકનામાં પણ, કોઇ બીજી ભાતનું એક જ પાનું હશે. સમજો કે આપણામાં ચારે ભાતનાં ૪,૪,૩ અને ૨ એ ક્રમમાં, કુલ ૧૩પાન આવ્યાં હોય, તો બીજા કોઈનામાં પણ એ જ પ્રમાણમાં (પણ જુદી ભાતનાં) પાનાં હશે. બાકી આપણામાં સરનાં પાંચ પાનાં આવ્યાં હોય તો બાકી વધેલાં તેનાં ૮ પાન, ત્રણ જણમાં લગભગ સરખે ભાગે વહેંચાએલાં હશે. એટલેકે સરનું પ્રમાણ બાકીના ત્રણમાં લગભગ ૩, ૩ અને ૨ એમ રહેશે: આ સરાસરીનો નિયમ, સામાન્યતઃ સાચો રહે છે; એટલે એ પ્રમાણે કલ્પના કરીને જ રમત શરૂ કરવી. રમતની શરૂઆતમાં જ આ રીતે કરેલો એકાદ બે મિનિટનો વિચાર, પાછળથી માથું ખંજવાળવાનો વખત નહિ લાવે એ ચોક્કસ છે.

સરનાં આપણી પાસે મોટાં પાન હોય તો સામાન્ય રીતે, શરૂમાં સર જ રમવા, જેથી બીજા પાસેનાં નાના સરનાં પાનાં નીકળી આવે, તેના હાથ બીજાને જવા ન પામે અને પછીથી આપણાં બીજાં મોટાં પાનાં કપાય નહિ. રમતી વખતે આમ તો બધી ભાતનાં પાનાંની આપણા મનમાં ગણતરી રાખતાં જવું જોઈએ—ખાસ કરીને મોટાં પાનની (કે કઇ ભાતનાં કેટલાં પાનાં કોની પાસે હોવાં જોઇએ);પણ તેમાંયે સરનાં તો ૧૩ પાનાંની ચોક્કસ ગણતરી રાખવી જોઇએ: કેટલા સર નીકળી આવ્યા, કયા કયા બાકી રહ્યા, તે કોની પાસે હોઈ શકે વગેરે બાબતો ઉપર ચોક્કસ ધ્યાન રાખવું. તો જ રમતમાં મઝા આવશે.

ધારો કે થોડાક સર સિવાયનાં બીજાં ઘણાં મોટાં પાન આપણી પાસે છે. તે જો કપાય તો અમુક હાથ જાય. માટે આપણે, જે કંઈ સર આપણી પાસે હોય તેવા પણ, સર જ પહેલા રમવા. આથી સામાવાળાના સર નીકળી જાય એટલે આપણાં બીજાં મોટાં પાન વધેરાઈ ના જાય!

ભિલ્લુ કાપતો હોય તે ભાત તો આપણી ઊતર આવે ત્યારે તરત જ રમી નાખવી, જેથી તેના હલકા સરના પણ હાથ થઈ જાય. પરંતુ ભિલ્લુએ પહેલી જ વાર, સમજો કે બાદશાહથી કાપ્યું, તો ફરી તે ભાત રમવાનો અર્થ નહિ; કેમકે ભિલ્લુ પાસે કાં તો પછી સરનો એક્કો જ વધ્યો હોય (જેનો હાથ તો ગમે ત્યારે ચોક્કસ જ છે),યા તો પછી તેની પાસે સર બિલકુલ ન પણ હોય.

રમત

સર પાડનાર શરૂમાં પહેલો રમનાર ગણાય. ત્યાર બાદ, જેનો હાથ હોય તે પહેલો રમનાર સમજવો. બીજા રમનારે સામાન્યરીતે પોતાનું હલકમાં હલકું જ પાનું રમવું. જો પોતાની પાસે એ ભાતનાં પાંચ પાન એક્કા સાથે હોય તો એક્કો જ રમી લેવો, નહિ તો કોઈકને હાથે કપાઇ જાય. બાકીની ઊતરમાં સામાન્યરીતે હલકું જ પાનું રમવું. ત્રીજા રમનારે પણ પોતાનું સૌથી ભારે જ પાનું રમવું; પણ જો બીજો રમનાર એક્કો રમ્યો હોય તો ત્રીજાએ ભારે પાન ઊતરવાનો અર્થ નથી. ત્રીજો રમનાર, શક્ય હોય ત્યાં સુધી બીજા રમનારથી ભારે જ રમે, અને બનતાં સુધી પોતાનું ભારેમાં ભારે જ પાન રમે. સમજો કે લાલના હલકા પાનની ઊતર થઇ, બીજાએ પણ હલકું પાન નાખ્યું, ત્રીજા પાસે લાલનો A K છે તો તેણે પ્રથમ K જ નાખવો, જેથી ચોથા પાસે હવે લાલનો A નથી જ, તેની સામાન્ય કલ્પના થઈ શકે.

વળી, સમજો કે બીજા રમનાર પાસે QJX (Xએટલે નવ્વો કે તેથી હલકું કોઈ પત્તું)એમ ત્રણ પાનાં હોય, તો તેણે રાણી જ રમવી, જેથી તેના ભિલ્લુ પાસે જો A હોય તો, ત્રીજાનો બાદશાહ બરાબર સપડાય.

શરૂના રમનાર પાસે A K હોય તો પહેલાં તે K જ રમશે, અને તેની ઉપર કોઇ A ના રમે, એટલે K સામાન્યરીતે તેની જ પાસે છે. એમ સમજવું. તેવી જ રીતે K Q J હોય તો પણ K જ રમવો, જેથી સામાવાળાનો A પડે તો ભિલ્લુ ચોક્કસ સમજે કે ઊતરનાર પાસે કાં તો Q હશે, અથવા તો તે ભાત ભિલ્લુ નક્કી કાપતો જ હશે. આમ ના હોય તો K રમવો એ લગભગ મૂર્ખતા જ ગણાય.

કોઈ પણ ભાતનાં A સાથે ચાર પાનાં હોય તોપણ બનતાં સુધી A શરૂમાં જ રમી લેવો, નહિ તો કદાચ કપાય. પણ ધારો કે AXX, એમ ત્રણ પાન હોય તો, કોઈક વાર હલકું જ પાનું રમવું. બીજો રમનાર, તેનામાં K હોય તો પણ તુર્ત તો નહિ જ રમે, અને આપણા ભિલ્લુમાં કદાચ Q હોય તો ચોક્કસ તેનો હાથ મળે. પછી આપણા એક્કાનો હાથ તો થવાનો જ; આમ એકને બદલે બે હાથ કરી શકાય.

જો કોઇ ભાતના A Q આપણી પાસે હોય, તો તે ઊતર આપણે બનતાં સુધી તો ન જ કરવી, કેમકે આપણી છેલ્લી ઊતર આવે તો A Qના બે હાથ નક્કી છે જ; તે જ રીતે K વાળી ભાતની પણ રમત આપણે ન કરવી. નહિતો Kનો હાથ મળવો મુશ્કેલ. આપણે છેલ્લે રમવાનું આવે, તો બાદશાહ સલામત હોઈ ચોક્કસ તેનો હાથ મળે.

બીજી એક અગત્યની વાત ધ્યાનમાં રાખવા જેવી છે. ધારો કે આપણો ભિલ્લુ લાલનો A રમ્યો. આપણામાં લાલનાં K 7 2 એમ ત્રણ પાનાં છે. હવે જો આપણે ભિલ્લુના એક્કા ઉપર 7(સત્તો)રમીએ તો ભિલ્લુ સમજે, કે લાલની જ ઊતર ફરીથી કરવામાં ફાયદો છે. એ જ રીતે ભિલ્લુ સામાન્ય રીતે હલકા પાનની જગ્યાએ છક્કો કે તેથી ભારે પાનું નાખે ત્યારે ચોક્કસ તે જ ભાતની ઊતર ફાયદાકારક છે તેમ સમજવું; કેમકે કાં તો ભિલ્લુમાં કદાચ K હોય યા તો ભિલ્લુ તે ભાત કાપતો હોય અથવા તે જ ભાત ચાલુ રમવાથી બીજી ભાતનાં તેનાં ભારે પાન બચી જતાં હોય. કોઈક વાર એમ પણ (અનુ. પૃ. ૪૫૯મે)

આ યુગના વાતાવરણમાં વિકસીને લાખોની સંખ્યાને ભરખતો માનવકુલનો જૂનો રોગ

એથેરો-સ્ક્લેરોસિસ

લોહી-નળીઓની જરઠતા

[માંદગીનાં મૂળ-૩૧]

લેખક - ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



હૃદયની લોહી-નળીઓ કેમ જરઠ થાય છે તે ડાબીબાજુનાં ચિત્રો બતાવે છે.

લોહીની ધમનીઓની દીવાલો જાડી થવાથી લોહીનું દબાણ પરિણમે છે એ આપણે જોયું. એટલે વસ્તુતઃ ખરો રોગ તો ધમનીઓની દીવાલોનું જાડા અને કઠણ થવું, એ છે. એનું નામ 'ઍથેરો-સ્ક્લેરૉસિસ' કે 'આર્ટેરિયો-સ્ક્લેરૉસિસ'(આર્ટરી=ધમની). આના લીધે ધમનીઓની સંકોચનશીલતા ને સ્થિતિસ્થાપકતા કમી થાય છે. જાણીને નવાઇ લાગશે કે માનવકુળના ઇતિહાસમાં એ ઘણો જૂનો રોગ છે, પણ આધુનિક સંસ્કૃતિના યુગમાં એનું પ્રમાણ વધી ગયું છે.

લોહીની નળીઓનાં ત્રણ પડ છે: અંદરનું સુંવાળું, વચલું સ્થિતિસ્થાપક અને બહારનું રક્ષણાત્મક. એ પૈકી અંદરના અને વચલા પડમાં આર્ટેરિયો-સ્ક્લેરૉસિસ(Arterio sclerosis)ની સ્થિતિ આવી પડે છે. એ અંદરનું અને વચલું પડ લોહીમાંથી પોષણ મેળવી જીવતાં રહે છે. આ બંને પડમાં ચરબી જમા થતાં જાડાશ આવે છે, જેને પરિણામે લોહીના વહેણમાં અવરોધ ઊભો થાય છે. બંને પડોને પૂરતું પોષણ મળતું નથી. પરિણામે, પ્રથમ તો વચલા પડની સ્થિતિસ્થાપકતા નાશ પામે છે. આગળ વધતાં લોહીની નળીની નેળ સાંકડી બને છે. સાંકડી બનેલી લોહીની નળીમાં દબાણપૂર્વક લોહી વહેવડાવવા માટે હૃદયને બળ વાપરવું પડે છે. વળી લોહીની નેળ જેમ સાંકડી, તેમ લોહી જામી જવાની દહેશત વધારે. અંતે લોહી જામીને બનેલા ગઠ્ઠાથી લોહીની નેળ પુરાય છે. પગની લોહીની નળીમાં આવું બને તો ચાલવાનું બંધ થાય છે; આંખમાં બને તો અંધાપો આવે છે; હૃદયની નળીમાં બને તો હૃદયશૂળ ઊપડી આવે છે, જે પ્રાણઘાતક પણ નીવડે છે; મગજમાં આવું બને તો પક્ષઘાત કે મૃત્યુ આવી પડે છે.

શરૂઆતમાં લોહીની નળીમાં જમા થતી ચરબીનાં ધાબાં બાઝે. એનું નામ 'ઍથેરો-સ્ક્લેરૉસિસ' (Athero-sclerosis). આ સ્થિતિ વ્યાપક બનીને નળી જાડી તથા અ-સ્થિતિસ્થાપક થઈ જાય તે 'આર્ટેરિયો-સ્ક્લેરૉસિસ'. આમ તો ઍથેરો-સ્ક્લેરૉસિસ શરીરમાં કોઇ પણ લોહીની નળીમાં થઇ આવે છે, પણ મુખ્યત્વે તે મહાધમની અને એની હૃદયની શાખાઓ કૉરૉનરી આર્ટરીઝમાં થાય છે.

આર્ટેરીઓ-સ્ક્લેરૉસિસ થવામાં ઉંમર અને જાતિ મહત્ત્વનો ભાગ ભજવે છે. લગભગ ચાળીસ વર્ષ ઉપરાંતના બધા જ પ્રૌઢોને થોડાવત્તા પ્રમાણમાં ઍથેરૉમા (Atheroma—લોહીની નળીમાં ચરબીની જમાવટ) થાય છે. પણ કૉરૉનરી આર્ટરીમાં ઍથેરૉમા સ્ત્રીઓ કરતાં પુરુષોમાં વધારે થાય છે. એની અધિકતા, ઝડપ ને તીવ્રતાનો આધાર જાત, ખોરાક, ધંધો, કેટલાંક શારીરિક કારણો, લોહીનું બંધારણ, કૌટુમ્બિક ને વારસાગત અસરો વગેરે ઉપર છે.

ખોરાક સાથે આ રોગને કંઈ સંબંધ છે કે કેમ તે જાણવા માટે ઘણાં સંશોધનો થયાં છે. એમાં ચરબીથી ભરપૂર ખોરાક સાથેનો એનો સંબંધ પુરવાર થયો છે. જે દેશોમાં એવો ખોરાક વધારે ખવાય છે ત્યાં હૃદયના ક્ષીણકારી (degenerative) રોગોનું પ્રમાણ વધારે રહે છે. બીજા વિશ્વયુદ્ધ વખતે નૉર્વેમાં ચરબીનું રેશન ઘણું ઓછું હોવાથી હૃદયના આ રોગથી થતું મરણપ્રમાણ ત્યાં ઘણું ઓછું હતું.

લોહીમાં ચરબી 'કોલેસ્ટેરોલ'ના રૂપમાં દેખાય છે. એ કોલેસ્ટેરોલ શું? એ ચરબી જેવો જ પદાર્થ છે. તે દરેક પ્રકારની પ્રાણિજ ચરબી, ઇંડાંની જરદી અને આપણા શરીરના ઘણા ભાગોમાં હોય છે. આપણા ખોરાકમાંથી એ થોડાક પચે છે; થોડું પ્રમાણ લોહીમાં તરતું રહે છે. તંદુરસ્ત માણસના ૧૦૦ સી સી લોહીમાં એનું પ્રમાણ ૧૪૦થી ૨૦૦ મિલિગ્રામનું છે. આનાથી વધારે પ્રમાણવાળા માણસો શરીરે જાડા હોય જ એવું પણ નથી. એ પાતળા પણ હોય. માત્ર જે ઓછી ચરબીવાળો ખોરાક ખાય છે તેના લોહીમાં કોલેસ્ટેરોલનું પ્રમાણ ઓછું રહે છે.

દુનિયાભરમાં ઓછામાં ઓછી ચરબી ખાનારો દેશ જાપાન છે. શું ત્યાંના લોકોનાં હૃદય તંદુરસ્ત હશે? હા; હૃદયશૂળની માંદગી અમેરિકા કરતાં ત્યાં ફક્ત દસમા ભાગની છે. હવે આપણી વાત વિચારીએ. આપણે ત્યાં માણસ પૈસેટકે સુખી થાય કે તરત તેના ખોરાકમાં ઘીનું પ્રમાણ વધે છે. સાથેસાથે ઘી અને તેલમાં તળેલો ખોરાક ખાવાનું પણ શરૂ થાય છે. સાંજનો ખોરાક તો મોટે ભાગે તળેલો જ હોય છે!

આર્ટેરિયો-સ્ક્લેરૉસિસમાં જાડી અને દોરડી જેવી લોહીની નળીઓ રોગીનાં કાંડાં ને કપાળ ઉપર દેખાય છે. આ રોગાવસ્થા વધતાં રોગીની અગાઉની શારીરિક અને માનસિક શક્તિ કમી થવા માંડે છે. તે અકાળે વૃદ્ધ બને છે. આ માટે પાશ્ચાત્ય વૈદકમાં તો કહેવત છે કે 'માનવી એની લોહીની નળીઓ જેટલો વૃદ્ધ છે!' લોહીની નળીઓની સ્થિતિસ્થાપકતા અને સંકોચનશીલતા કમી થવાથી અવયવો અને પેશીઓને નિયમિત પોષણ મળતું બંધ થાય છે, જેથી ધીરેધીરે શક્તિ ઓછી થતી જાય છે અને વૃદ્ધત્વનાં ચિહ્નો દેખાય છે.

એક મહત્ત્વની બાબત: ખોરાકમાં ચરબી ઓછી કરવાથી કૉરૉનરી—હૃદયરોગ ન જ થાય એવું પણ નથી. એ રોગ અંગે બીજી બે બાબતો પણ સંડોવાએલી છે. એ છે 'જાતિ' અને 'વારસો'. વળી કેટલાકનું શરીરબંધારણ જ એવું હોય છે કે જેમાં થોડી ચરબી ખાવામાં

આવે છતાં ય કોલેસ્ટેરોલ જમા થાય છે. એ પણ સંભવિત છ કે શરીરનું ઇષ્ટ વજન અને લોહીમાં કોલેસ્ટેરોલનું આવશ્યક પ્રમાણ બંને હોવા છતાં પણ હૃદયશૂળનો પ્રાણઘાતક હુમલો થઈ આવે છે.

ત્યારે કરવું શું? વારસો, ઉમર, જાતિ અને શરીરનું બંધારણ તો બદલી ન શકાય, પણ ખોરાક તો બદલી શકાય ને? શરીરની જરૂરિયાત કરતાં ચરબીવાળો વધારે ખોરાક ખવાય તો પણ કોલેસ્ટેરોલ પેદા થાય છે. માટે પહેલું તો એ, કે જરૂરી પ્રમાણ કરતાં વધારે કૅલોરીવાળો ખોરાક હરગીઝ ન ખાવો. ચરબીનું પ્રમાણ માંડ એકાદ ઔંસનું કરી નાખવું. ચરબી સાવ કમી તો ન જ કરવી, કેમકે એમાં વધારેપડતો ઘટાડો કરવાથી કલેજાનું ફૅટી ડિજનરેશન નામનો રોગ અને અકાળે વૃદ્ધત્વ આવી પડે છે. વળી વિટામિન 'એ' અને 'સી' પણ શોષાતાં નથી. શાક બાફેલાં ખાવાં. રોટલી ઉપર માખણ-ઘીને બદલે મુરબ્બો કે મધ લેવાં. ચરબી કાઢી નાખેલું દૂધ જ વાપરવું. એમાં ચરબી ઓછી થવા છતાં પ્રોટીન તો મળી રહે છે. વિટામિન 'સી'વાળાં ખાટાં ફળો ખાવાં. વિટામિન 'સી'થી લોહીમાંનું કોલેસ્ટેરોલનું પ્રમાણ ઘટે છે. જ્ઞાનતંત્રને ઉશ્કેરે એવાં પેય (કડક ચા ને કૉફી) વધારે પ્રમાણમાં ન પીવાં. ખોરાકમાં દહીં અને છાશનો ઉપયોગ હિતાવહ છે. અઠવાડિયામાં એક કે બે દિવસ કેવળ શાકભાજી, દૂધ અને દહીં ઉપર ગાળવા. આવો ખોરાક ખાવાથી શરીરનું વજન ઘટવા સાથે લોહીમાં કોલેસ્ટેરોલના પ્રમાણ સામે રક્ષણ મળે છે. કામગરું જીવન હોવું જરૂરી છે. શારીરિક શ્રમ સાથે માફકસરની કસરત પણ હોવી જોઈએ. પિસ્તાલીસની વય બાદ ચાલવાનો વ્યાયામ ઇષ્ટ છે.

એક ખુલાસો

ગયા અંકમાં 'લોહીનું દબાણ'વાળા લેખમાં એ દર્દનાં ઔષધોમાં સર્પગંધામાંથી બનાવેલી 'સર્પાસિલ' ગોળીઓનો ઉલ્લેખ થયો છે. તે પરથી કંઈક એવી ગેરસમજૂત થઈ જણાય છે કે લોહીના દબાણ માટે એ એકમાત્ર ઔષધ હશે. વસ્તુતઃ એમ નથી. એ સિવાય પણ સર્પગંધાની ઘણી બનાવટો અનેક દવા બનાવનારાઓ બનાવે છે, સર્પાસિલ નામ પાછળ કોઈ પક્ષપાત મનમાં ન હતો; માત્ર સર્પગંધામાંથી બનેલી બનાવટોની ઓળખ આપવા પૂરતું ઉદાહરણાર્થે જ એ નામ આપેલું. બાકી તો એ સર્પગંધાને અનેક રસાયનોથી શોધીને જુદાજુદા નામથી અને વત્તાઓછા ગુણદોષવાળા પ્રકારોમાં બનાવીને આજે દુનિયાભરની ઔષધશાળાઓ વેચે છે; અને દરેક રોગીની સ્થિતિ અનુસાર, તે પૈકી જે બનાવટ વાપરવાની જરૂર લાગે તેની તબીબી સલાહ અપાય છે.

—ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

જે રોગ બહુ જીવલેણ નથી,—અને છતાં જેની અસરકારક દવા હજી શોધી શકાઈ નથી તે

ઇન્ફ્લુએન્ઝા



માણસોની વાતચીત, ઉધરસ કે છીંક વખતે તેનાં લીટ, ગળફા કે થૂંકના બારીક ફુવારામાં રોગના વિષાણુઓ બહાર પણ હવામાં ફેલાય છે.

રોગીના સ્પર્શમાં આવ્યા સિવાય પણ રોગોત્પાદક જીવાણુઓ સાજા માણસના શરીરમાં પ્રવેશી જાય એનું નામ 'ચેપ'. રોગ ઉત્પન્ન કરનાર જીવાણુઓ જેના શરીરમાં વાસ કરે છે એ 'યજમાન' (host) કહેવાય છે. એને રોગ થાય કે ન પણ થાય; પણ એના શરીરમાંથી નીકળતાં મળ–મૂત્ર, ઉચ્છ્વાસ, થૂંક, લીંટ, ગળફા વગેરે દ્વારા જીવાણુઓ બહાર પડે છે. ચેપયુક્ત પદાર્થો કૉન્ટેજિયન (Contagion) કહેવાય છે, જેના દ્વારા બીજા માણસોને ચેપ લાગે છે.

'બળિયા'નો રોગ કૉન્ટેજિયન હવા વાટે માણસે માણસે ફેલાય છે, એટલે એને 'ચેપી રોગ' કહ્યો છે; જ્યારે 'દાદર' કે 'સિફિલિસ'માં ચેપ લાગવા માટે ગાઢો સંપર્ક જરૂરી છે, માટે એ 'સ્પર્શજન્ય' (કૉન્ટેજિયસ) રોગો કહેવાય છે. તો વળી મલેરિયાનો ચેપ મચ્છર દ્વારા લાગુ પડે છે. 'ચેપી' ને 'સ્પર્શજન્ય' રોગો વચ્ચે ચેપ લાગવામાં આટલો ફેર છે, પણ વિશાળ અર્થમાં એ બધા રોગો એક જ પ્રકારના–એટલે 'ચેપી' છે.

ચેપ 'સ્થાનિક' કે 'સાર્વત્રિક' હોઈ શકે. ડિફ્થેરિયા અને ધનુર્વામાં જીવાણુઓ ચેપ લગાડવા બાદ સ્થાનિક પીડા મચાવે છે, પણ લોહીમાં તે દેખાતા નથી; જ્યારે ટાઇફૉઈડ, મલેરિયા વગેરેમાં રોગના જીવાણુઓ લોહીમાં હાજર હોય છે. આ બંને પ્રકારના જીવાણુઓને લીધે નહિ પણ એમના ઝેરને લીધે રોગનાં શારીરિક ચિહ્નો પેદા થાય છે.

થોડાંક માણસો તો અમુક રોગોના ભોગ જલદી થઈ પડે છે. આને 'પ્રી-ડિસ્પોઝિશન' (Pre-disposition) કહે છે; જ્યારે બીજા તેનો સામનો કરી શકે એવા હોય છે. એમની એ પ્રતિકારશક્તિને રોગ-ક્ષમતા 'ઈમ્યુનિટી'(immunity) કહે છે. જાણવા જેવું છે કે ચેપ લાગવાની શક્યતામાં રોગીનાં વય, જાતિ, ઋતુ, હવામાન ને વસવાટ પ્રમાણે ફેરફાર હોય છે. ચેપી રોગના ઉપદ્રવ વખતે દરેક સમયે શરીર એનો ભોગ થઈ જ પડે એવું પણ બનતું નથી.

ચેપ લાગ્યા પછી શરીરમાં જીવાણુઓ સામાન્યતઃ શાંત રહે છે. આ દરમિયાન રોગીને કોઈ ચિહ્નો થતાં નથી. શરીરમાં જીવાણુઓ શાંત રહે એ કાળને 'રોગસંક્રમણ કાળ' (incubation period) કહે છે. ચેપના ઝેરનું પ્રમાણ અને વ્યક્તિગત પ્રતિકારશક્તિ અનુસાર આ સમયગાળો માણસે માણસે જુદો હોય છે. આ કાળ દરમિયાન રોગી તંદુરસ્ત રહે છે, કે બહુબહુ તો એને થોડી સુસ્તી થાય છે.

વળી આ રોગસંક્રમણનો કાળ પણ રોગે રોગે જુદો હોય છે. મોટા ભાગના રોગોનો સંક્રમણ-કાળ અમુક દિવસોનો છે, જ્યારે ઈન્ફ્લુએન્ઝા અને કૉલેરાનો એ કાળ તો બહુ જ ટૂંકો—માત્ર થોડા કલાકોનો છે.

ઉપરના બંને રોગોમાં કૉલેરા ભયાનક છે. ઈન્ફ્લુએન્ઝા એટલો ઉગ્ર વ્યાધિ નથી. એમાં રોગીને બેચાર દિવસનો આરામ લેવો પડે છે. માત્ર એની મુખ્ય વિશિષ્ટતા 'ચેપીપણા'ની છે. (અનુસંધાન પૃ. ૪૫૯)

અગસ્ત્યને પગલે…

લેખક અને ફોટોગ્રાફર
નવનીત પારેખ




નિક્કો

ટોકિયોમાં એક સપ્તાહ ગાળી હવે બીજાં સ્થળો જોવા માં ગ્યાં. મુંબાઇમાં ટ્રાવેલ-એજન્સીના ધંધામાં હોવાથી જાપાનની ત્રણે મુખ્ય ટ્રાવેલ-એજન્સીના નિકટના પરિચયમાં હતો. તેમાંની અગ્રણી જાપાન-ટ્રાવેલ-બ્યુરોએ મારો આખો પ્રવાસ-ક્રમ ઘડી રાખ્યો હતો. સૌ પ્રથમ નિક્કો જવાનું ગોઠવ્યું હતું. મારી સાથે ન્યૂ યૉર્કનાં કુ. રૉસન તથા ટોકિયોનાં શ્રીમતી કુરાટા હતાં. આસાકુસા સ્ટેશનેથી એક્સપ્રેસ ટ્રેન મળે છે, જે નિક્કો જતાં વચ્ચે એક જ સ્ટેશને ઊભા રહે છે અને સવા બે અઢી કલાકમાં ૮૪ માઈલ કાપે છે. આવી એક્સપ્રેસ ટ્રેનને અહીં 'સુબામે' કહે છે, જેને મુંબાઈની 'ડેક્કન-ક્વીન' સાથે સરખાવી શકાય; પરંતુ એ બ્રૉડ-ગેઈજની છે જ્યારે આ ગાડી નૅરૉ-ગેઇજની છે, તે દૃષ્ટિએ તેનો વેગ ખાસ ધ્યાન ખેંચે. શ્રીમતી કુરાટાએ કહ્યું, 'અમારી કુલ અઢાર હજાર માઇલની રેલવે લાઇનો બધી નૅરો ગેઇજની છે, જેમાં રાષ્ટ્રીય રેલવે ઉપરાંત ખાનગી કંપનીઓની પણ રેલવે-લાઇનો છે.'

ગાડી અરધી મિનિટમાં ઊપડવાના ખબર આપતી એક લાંબી ઘંટડી વાગી. વળી લાઉડ-સ્પીકરથી ગાડી કયાં કયાં સ્ટેશનોએ કયે સમયે ઊભી રહેશે તે સમજૂતી પણ જાપાની ભાષામાં અપાઇ. ડબ્બા સળંગ ને લાંબા; જરા સાંકડા લાગે ખરા, પરંતુ બેઠક બહુ જ મુલાયમ, આરામદાયક અને મખમલથી મઢેલી. બબ્બે બેઠકનાં જોડકાં ગોળ ફરી શકે તેવાં, જેથી ઇચ્છા પ્રમાણે સામસામી ગોઠવીને ચાર જણ વાતોએ વળગી શકે, અથવા કોઈ વાર બહારનાં દૃશ્ય જોવા બારીની સામે આડી પણ ગોઠવી શકાય. ડબ્બાની બંને બાજુએ લાંબી સળંગ ટ્યૂબ-લાઈટ અને બારીઓ પણ આખા કાચની, જેથી બહારનું પૂરું દૃશ્ય સરળતાથી જોવા મળે. દરેક ડબ્બામાં ખૂણામાં નાનું લાઉડ-સ્પીકર, જેના ઉપર મધુર હળવું સંગીત સંભળાય અને સ્ટેશન આવતાં પહેલાં યાત્રીઓની જાણ માટે ધીમેથી ઘોષણા થાય; પરંતુ તે પહેલાં યાત્રીઓનું વિવેકથી ધ્યાન ખેંચવા ધીમેથી પાંચેક સેકંડ સંગીતનો એક મધુર રણકાર થાય.

અગિયાર વાગ્યે નિક્કો આવી પહોંચ્યા. કાનામા હોટેલ પર મુકામ કરી બપોરનું ભોજન લઈ પ્રથમ ટોશોગુ સ્થાનક પર ગયા. જાપાનના શિન્ટો ધર્મનું આ મોટું તીર્થધામ સત્તરમી સદીના વિખ્યાત શોગુન ટોકુગાવાના અવશેષો ઉપર બાંધવામાં આવ્યું છે. એ ટોકુગાવા બોધિસત્ત્વનો અવતાર મનાતા. જાપાનનાં બધાં જ બૌદ્ધ મંદિરો કે શિન્ટો તીર્થસ્થાનોમાં આ કદાચ સૌથી સુંદર અને કળામય હશે. તેના બે દરવાજા તેનાં મુખ્ય આકર્ષણો છે. જાપાનના તે સમયના શ્રેષ્ઠ કાષ્ઠ-શિલ્પીઓને સરકારી ખર્ચે આ સમાધિસ્થાન બાંધવા કામે લગાડવામાં આવ્યા હતા. અહીંનું યોમીમોન—પ્રવેશદ્વાર અત્યંત ભવ્ય છે. કાળા લાકડાના શિલ્પ ઉપર ઠેકઠેકાણે વિપુલ પ્રમાણમાં સોનાનો વરખ લગાડવામાં આવ્યો છે અને તે બંનેનો સુમેળ બહુ ચિત્તાકર્ષક છે. બીજું દ્વાર ચીની શૈલીનું છે અને તેને કારામોન કહે છે.




જાપાનમાં બધે નૅરોગેજ રેલવે હોઇ ડબ્બા સાંકડા, પણ આરામવાળા.

એક સ્થળે પેલું 'અશુભ સાંભળો નહિ, અશુભ બોલો નહિ અને અશુભ જુઓ નહિ' એ ઉપદેશનું જગવિખ્યાત ત્રણ વાનરનું અસલ શિલ્પ જોઇને અમે હરખાઈ ઊઠયાં. તેની પ્રતિકૃતિ પોતાની પાસે રાખનાર અને તેનો ઉપદેશ જીવનમાં ઉતારનાર ગાંધીજીની યાદ આવે જ.

ટોશોગુ પછી રિન્નોજી મંદિર જોવા ગયાં. આશરે ૧૧૦૦ વર્ષ પહેલાં બંધાએલા આ મંદિરમાં ભગવાન બુદ્ધની ત્રણ મોટી પ્રતિમાઓ છે, અને તેનો હૉલ પણ વિશાળ,-૧૧૨ ફીટ લાંબો છે. ત્યાંથી મોટરમાં પાસે આવેલા પહાડ ઉપર ચઢતા ગયા, જેમાં એક ઉપર એક ત્રીસ તો વળાંકો આવ્યા: એ દરેક પર સંખ્યા લખેલી. આલ્મોડાનો પહાડ ચડતો હોઉં તેમ લાગ્યું. ઉપર જઇને જોતાં પાસે જ ભવ્ય 'કેગોનનો ધોધ' હતો, જે થોડે દૂર આવેલા ચુઝેન્જી સરોવરમાંથી નીકળીને ૩૩૦ ફીટ નીચે ખીણમાં ફદકો મારે છે. પથ્થરો સાથે અફળાઇને ફીણ ઊછળતાં. પોતાનું હાસ્ય વેરતા તરંગો નીચે ખીણમાં પછડાતા તેનાં જલ-કણોએ સર્જેલા ધુમ્મસ પર સૂર્યનો પ્રકાશ પડીને સુંદર મેઘ-ધનુષ રચાયું હતું અને જલ-પ્રપાતનો ઘેરો નાદ વાતાવરણ ભરી દેતો હતો. વર્ષો પહેલાં જોએલો દક્ષિણ ભારતનો જોગ(ગેરસપ્પા)નો ધોધ યાદ આવ્યો. રેઈનકોટ પહેરીને એક મોટી લિફ્ટમાં ત્રણસો ફીટ નીચે ઊતર્યા ને આ ભવ્ય પ્રપાતને ચરણે ઊભા રહીને ઉપરથી સતત વૃષ્ટિ કરતો જલરાશિ જોઈ જ રહ્યા.

પછી ઉપર જઈ ચુઝેન્જી સરોવર પર આવ્યા. નિક્કોથી ૧૧ માઇલ અને સમુદ્રતલથી આશરે ૪૨૦૦ ફીટ ઊંચે આવેલા પંદર માઈલના ઘેરાવાના આ સરોવરને તીરે ટોકિયોના શ્રીમંતોએ ઉનાળામાં રહેવા માટે નાનાં ઘર બાંધ્યાં છે અને સરોવરમાં નૌકા-વિહાર પણ થઈ શકે છે.



જાપાનનાં શિન્ટોધર્મનાં તીર્થધામોમાં સૌથી મોટું સુંદર ને કલામય નિક્કોમાં ઈયેશુનું મંદિર

ચોમેર વૃક્ષોથી છવાએલા પહાડો વચ્ચે શોભતું આ શાન્ત રમણીય સ્થળ ઘણું ગમી ગયું. પાસે જ બૌદ્ધ દેવી કાન્નોનનું મંદિર હતું અને થોડે દૂર નાની રેસ્ટોરાં હતી. ત્યાં ગરમ ચા પીને ત્યાંની ફ્નીક્યુલર ગાડીમાં નીચે ઊતર્યા, અને મોટર જે જુદે રસ્તે નીચે મોકલાવી દીધી હતી તેમાં બેસીને સીધા સ્ટેશને જઈ છ વાગ્યાની ગાડી પકડીને ટોકિયો આવ્યા. રસ્તામાં શ્રીમતી કુરાટાએ નિક્કો વિષે મારો અભિપ્રાય પૂછ્યો. મેં જવાબ વાળ્યો, 'અત્યન્ત સુંદર અને ભવ્ય!' એટલે તેમણે મને જાણીતી જાપાની કહેવત સંભળાવી: 'નિક્કો જોયા વિના કેક્કો (ભવ્ય) કદી કહેશો નહિ!'

ઓસાકા

ટોકિયોથી ૩૪૪ માઈલ નૈઋત્યે આવેલું, વીસ લાખની વસતિવાળું જાપાનનું બીજા નંબરના ઓસાકાની સરખામણી મુંબઇ પછી આવતા અમદાવાદ સાથે થઈ શકે. ટોકિયો રાજધાની હોવાથી ત્યાં ઉદ્યોગો ઉપરાંત રાજકીય, સામાજિક તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ઘણી છે. ઓસાકા મુખ્યત્વે ઔદ્યોગિક નગર છે. રેલવે માર્ગે પહોંચતાં તો ઓછામાં ઓછા આઠ કલાક થાય તેથી વિમાન માર્ગે જવાનું ગોઠવ્યું હતું. આસો માસ ચાલતો હતો છતાં લગભગ રોજ વરસાદ પડતો હતો—અને નડતો પણ હતો. મુંબઇથી નીકળતાં વૃદ્ધશ્રવા ઇંદ્રની મેં વધારે પડતી સ્તુતિ તો નહોતી કરીને? થોડી વારે વાદળાંઓથી પણ ઊંચે અમે આવ્યા ને વિમાનના નાયકે ઘોષણા કરી કે પૂર્વ દિશામાં દૂર જાપાનનો વિખ્યાત પર્વતરાજ ફ્યુજી યામા જોઈ શકાય છે! તરત જ વિમાનના બધા યાત્રીઓ તે બાજુની બારીઓ ઉપર તૂટી પડ્યા અને પહાડનું દૃશ્ય જોવા પડાપડી કરવા લાગ્યા. વિમાનની એક બાજુ ખાલીખમ ને બીજી બાજુમાં બધા પ્રવાસીઓની ભીડ! દૂર વાદળોના ગાઢા પડદાને ચીરીને ફ્યુજી યામાએ પોતાનું હિમાચ્છાદિત ડોકું બહાર કાઢ્યું હતું. જાણે કે તરંગો ઉછાળતા સાગર પર આઇસબર્ગ તરતો હોય! ફ્યુજી યામાને જાપાનનો કૈલાસ કહી શકાય. તેના દર્શનની અભિલાષા તો વર્ષોથી સેવી હતી. તેની ઝાંખી થવાથી પણ ધન્યતા અનુભવી.

ઓસાકા વિમાન–મથકે ટાકારાઝૂકા નાટક કંપનીના શ્રી યામા મોટો અમારી રાહ જોતા ઊભા હતા. જાપાની લોકો સામાન્ય રીતે બહુ ઓછાબોલા હોય છે. તેમના હાવભાવ કે વાતચીત પરથી તેમના મનની વાત કળવી મુશ્કેલ. અમેરિકન, ઈટાલિયન કે ચીની લોકો જેવા નિખાલસ આ લોકો નહિ. પરંતુ આ યામામોટો તો જાણે મારા વર્ષો જૂના મિત્ર હોય તેમ દોડી આવ્યા ને ભાવપૂર્વક હસ્તધુનન કર્યું, કેમકે ભારતીય સંસ્કૃતિ તથા જીવનદૃષ્ટિ વિષે તેમને ઊંડો આદરભાવ હતો. હું ચુસ્ત શાકાહારી અને ખોરાક વિષે બહુ ચીકણો છું એ જાણતા હોવાથી તેઓ મને 'ચાઅરી-રેસ્ટોરાં' પર લઈ ગયા. આ રેસ્ટોરાં મૂળ સૌરાષ્ટ્રના એક વ્રજલાલભાઇ ચલાવે છે તે જાણીને સાનંદાશ્ચર્ય થયું. તેઓ ચાળીસ વર્ષથી જાપાનમાં છે અને તેમનાં પત્ની પણ જાપાની છે. તેઓ તો હવે વૃદ્ધ થયા છે અને ભોજનગૃહ તેમનાં પત્ની તથા પુત્રીઓ જ ચલાવે છે. બધા મશાલા ભારતથી મંગાવે છે અને શુદ્ધ ગુજરાતી ઢબનું ખાણું આપે છે. પૂરી, ભીંડાનું શાક તેમજ ચટણી સાથેની કચોરી મળતાં જીવ તેમજ ઉદર બંનેને તૃપ્તિ થઈ. ઉપરાંત નજીકમાં જ અનેક ભારતીયોને મળ્યો. ઓસાકામાં ગુજરાતી, સિંધી, પંજાબી વેપારીઓ ઠીક સંખ્યામાં છે. હિંદની વાણિજ્યવિદ્યા અહીં પણ પાંગરતી જોઇને ઘણી ખુશી થઇ.

કોબે

કોબેને તો ઓસાકાનું પરું કહી શકાય. વીસેક માઈલ દૂર છે અને કેટલીયે ટ્રેનો રોજ દોડે છે. ઓસાકાના ઘણા લોકો કોબે તથા તેની આસપાસનાં પહાડી ગામોમાં રહે છે અને રોજ ઓસાકા વેપાર-ધંધા માટે આવે છે. વહેલી સવારે ઊપડી પંદર-વીસ મિનિટમાં તો અમે રોક્કો સાન સ્ટેશને પહોંચ્યા, જ્યાંથી પાસેના ત્રણ હજાર ફીટ ઊંચા





જમણી બાજુ—ઉપર: નિક્કોના એક દેવસ્થાન-નું કલામય છાપરું. નીચે: 'અશુભ સાંભળો નહિ, અશુભ બોલો નહિ, અશુભ જુઓ નહિ' એ ઉપદેશનું ત્રણ વાનરોનું જગવિખ્યાત શિલ્પ; ઉપર: નિક્કોમાં અમારાં સાથી: શ્રીમતી કુરાટા.

રોક્કો પહાડ પર જવાય છે. રોક્કો પહાડ અત્યંત રમણીય અને વિવિધ વનરાજીથી છવાએલો હતો. જમીનની અછતને લીધે જાપાની લોકો દરેક ઇંચ ભૂમિનો વ્યવસ્થિત ઉપયોગ કરે છે એમ કહી શકાય. બીજા દેશોનાં જંગલોની જેમ જાપાનનાં વનવૃક્ષો ગમેતેમ કુદરતી રીતે ઊગેલાં નથી હોતાં. ચીડ અને ઓક, ચેરી અને સુગી, વાંસ અને દેવદાર બધાં વૃક્ષો ગણતરીબંધ અને પદ્ધતિસર વાવેલાં હોય છે અને તેમનો ઉછેર તથા માવજત બહુ સંભાળપૂર્વક કરવામાં આવે છે. પહાડોના ઢોળાવ ઉપર નદી–ઓવારાનાં પગથિયાં જેવાં ખેતરો (terrace–fields) પણ હતાં. આપણા કૂમાઉં કે ગઢવાલનો જ એક પહાડ હોય એમ લાગે. રોક્કો સાન ઉપર ગોલ્ફ રમવાનું મેદાન પણ છે. જાપાની લોકો આ પહાડને રોક્કો–સાન કહે છે. જાપાની ભાષામાં 'સાન' શબ્દ સન્માનસૂચક છે. વ્યક્તિના નામની પાછળ 'સાન' લગાડવાની ત્યાં પ્રથા છે; જેમકે કોબાયાશી–સાન, યામાગાટા–સાન. મને પણ મારા જાપાની મિત્રો પારેખ-સાન કહીને જ બોલાવતા. હોટેલના બૉયને બોલાવવો હોય તો પણ તેને બૉય–સાન કહીને જ સંબોધી શકાય. 'સાન' વિનાનું સંબોધન અવિવેકી ને તોછડું ગણાય. એ જ રીતે સન્માન દર્શાવવા વ્યક્તિઓ ઉપરાંત સ્થળોને પણ કેટલીકવાર સાન શબ્દ લગાડે છે.

રોક્કો–સાનથી અમે પાસેના માયાપહાડ પર આવ્યા. ભગવાન બુદ્ધનાં માતા માયાદેવીના નામ ઉપરથી ઓળખાતા આ પહાડની ટોચ નીચે એક બૌદ્ધ મંદિર છે, જેની સ્થાપના ઈ. સ. ૬૪૬માં હોડો નામના એક હિંદુ પૂજારીએ કરી હતી. મહર્ષિ અગસ્ત્યને પગલે ભારતના અધિનિવેષકો તથાગત શાક્યમુનિનો સંદેશો લઇને સેંકડો વર્ષો પૂર્વે કેટકેટલા સાગરો અને પર્વતો ઓળંગીને હજારો ગાઉ દૂર આ નિપ્પોં દેશમાં આવ્યા હશે! રાજકુમાર સિદ્ધાર્થને જન્મ આપનાર માયાદેવીને અહીં મનથી જ વંદના કરી.

રોકકો-સાન પહાડ પરથી નીચેના દોબાશી પહાડ પર જવા માટે એક 'ઝૂલતી-ગાડી' છે. એક પહાડની ટોચ ઉપરથી બીજા પહાડની ટોચ સુધી બાંધેલાં લોખંડનાં બે મજબૂત દોરડાં ઉપર દસબાર માણસો ઊભી શકે તેવા બે સુઘડ ડબ્બા સામસામા લટકાવ્યા હોય છે. યંત્રની મદદ વડે ખેંચવાથી આ પહાડનો ડબ્બો સામા પહાડ ઉપર અને સામા પહાડનો ડબ્બો આ પહાડ ઉપર આવી જાય છે. આ ઝૂલતી-ગાડી (cable-way) જાપાનની વિશિષ્ટતા છે. કૈલાસ જતાં માર્ગમાં કાલી નદી ઉપર કાથીનાં દોરડાં ઉપર લટકીને સામે કાંઠે નેપાળ ગએલો તે યાદ આવ્યું. સ્વિટ્ઝર્લૅન્ડમાં પણ પહાડની ટોચ પર જવા માટે બબ્બે જણ બેસી શકે તેવી ખુરશીઓ લોઢાનાં દોરડાં પર લટકાવે છે, પરંતુ આવો ડબ્બો તો અહીં જાપાનમાં જ જોયો. બે પહાડો વચ્ચેનું અંતર એકાદ માઈલ હશે! ત્રિશંકુ-જેમ લટકતા પાંચ મિનિટમાં તો દોબાશી પર આવી ગયા. ડબ્બામાંથી સેંકડો ફીટ નીચે સરી જતાં વૃક્ષો અને ટેકરીઓ જોઇને એક બાળકના જેવો આહ્લાદ અનુભવ્યો. દોબાશીથી વળી રૂનીક્યૂલરમાં નીચે આવી, બસમાં બેસીને કોબે આવ્યાં.

કોબે જાપાનનું સૌથી મોટું બંદર ગણાય છે. તેના જેવું બીજું મોટું બંદર ટોકિયો પાસે આવેલું યોકોહામા છે. નજીકમાં આવેલા ઓસાકામાં અહીંથી નહેરો વાટે વહાણો આવે-જાય છે, પરંતુ દેશ-પરદેશની મોટી સ્ટીમરો તો કોબે બંદરે જ આવે છે. દસેંક લાખની વસતિનું જાપાનનું છઠ્ઠા નંબરનું આ શહેર, સન્મુખના સાગર ને પાછળના પહાડને લીધે રમણીય લાગે છે અને ટોકિયો કરતાં દક્ષિણે આવ્યું હોવાથી શિયાળામાં ટોકિયો જેટલી ટાઢ પણ પડતી નથી. કોબેના વહાણોના ધક્કા, ગોદી ને માલ ઉઠાવતી ક્રેઇનો જોઇને મુંબાઈ યાદ આવ્યું. મુંબાઇના ગોદી-કામદારો તથા કસ્ટમ્સના અધિકારીઓ અહીંના જેવા પ્રામાણિક અને કર્મનિષ્ઠ હોત તો ભારતના ધંધાની અરધી ઉપાધિઓ ટળી જાત.





ઉપર : મોતીની ખેતી કરતા મીકીમોટોના 'પર્લ ફાર્મ' પર કલ્ચર મોતીનું વર્ગીકરણ; નીચે: એ જ 'મુક્તાદ્વીપ'માં મોતીક્ષેત્ર ઉપર થતું મોતીનું મૂલ્યાંકન

ઓસાકામાં એક દિવસ શ્રી યામાગુચી મને થોડે દૂર આવેલા ટાકારાઝુકા ગામે લઈ ગયા. ત્યાં ૧૯૧૯માં હાન્ક્યૂ કંપનીએ એક મોટી નૃત્ય-નાટક સંસ્થા શરૂ કરેલી. ધીમેધીમે તેનું કાર્યક્ષેત્ર અને કલા-નિયોજન એવાં વધતાં ગયાં કે આજે જગતભરમાં અનુરંજન નાટક સંસ્થા તરીકે ટાકારાઝુકાનું નામ વિખ્યાત અને અજોડ છે. જાપાનની પરંપરાગત કાબૂકી વગેરે નાટ્ય-પ્રણાલિકામાં અભિનેતાઓ બધા જ પુરુષો હોય છે અને સ્ત્રીઓ તેમાં કદી પાઠ ભજવતી નથી. તેના પ્રતિકાર રૂપે આ ટાકારાઝુકા કંપનીએ તેનાં નાટકોમાં કેવળ અભિનેત્રીઓ જ રાખી છે અને પુરુષ પાત્રોના પાઠ પણ સ્ત્રીઓ જ ભજવે છે! ટાકારાઝુકા પણ કાબૂકી વગેરે શાસ્ત્રીય નાટકો ઘણી વાર ભજવે છે, પરંતુ બધી જ ભૂમિકા દેખાવડી યુવતીઓ જ ભજવે છે. હાન્ક્યૂ કંપનીની જ માલિકીની રેલવેમાં અમે પોણા કલાકમાં ટાકારાઝુકા પહોંચી ગયા. તેમનાં થીએટરો, સેટિંગ્સ, પુસ્તકાલય તેમજ બાળકોનાં ક્રીડાંગણો બહુ ઝીણવટથી જોયાં. ગ્રીન-રૂમમાં જઈને તેમના પોષાકો, મુખભૂષા તથા અગ્રગણ્ય અભિનેત્રીઓનો પરિચય કર્યો. ટાકારાઝુકાનું ઑપેરા થીએટર ચાર હજાર જેટલાં પ્રેક્ષકો બેસી શકે એવું એશિયાભરમાં સૌથી મોટું ગણાય છે. ત્યાં ચાલતી નાટિકા (revue)પણ જોવા મળી. તેમનાં અત્યંત ભવ્ય અને મનોહર પોષાકો તેમજ વિવિધ સેટિંગ્સ જોતાં તો જાણે ઘડીભર અમરાપુરીમાં આવ્યા હોઈએ એમ લાગે.


એક રાત્રે સિનેરામા પણ જોયું. ત્યાં ત્રિધા (3 D) ફિલ્મ બહુ અદ્ભુતરીતે બતાવે છે. તેનો પડદો વિશાળ અને ગોળ હોય છે, અને પ્રેક્ષકગૃહ લગભગ તેની વચ્ચે હોય છે, તેથી ત્રણ પરિમાણ (dimensions)ની અસર અત્યંત જીવંત ને આબેહૂબ લાગે છે. સ્વિટ્ઝર્લૅન્ડના હિમાચ્છાદિત પર્વતો, શિયાળુ રમતો, અમેરિકાનાં શહેરો તેમજ પારીસના રસ્તાઓ ઉપર સાક્ષાત્ ફરી રહ્યો હોઉં એમ લાગ્યું. જગન્મિથ્યાનો પાઠ સહેજે સમજી શકાયો!


ઓસાકાની નાટ્ય-વિશિષ્ટતા બુનરાકુ વિષે પણ સાથોસાથ ઉલ્લેખ કરવો જરૂરી છે. જાપાનના કઠ-પૂતળીના ખેલને બુનરાકુ કહે છે. પૌરાણિક યુગમાં ભારતમાં કઠ-પૂતળીનો ખેલ શાલભંજિકા નામે ભજવાતો. મૌર્ય યુગમાં તે વળી વધારે વિકસ્યો હતો. ભારતથી બૌદ્ધ ધર્મ ચીન તથા કોરિયા થઈને જાપાન આવ્યો તેની સાથે ભારતનાં નૃત્ય-સંગીત, સાહિત્ય, શિલ્પ વગેરે આવ્યાં અને આ કઠ-પૂતળીનો ખેલ પણ આવ્યો. સમયના વહેવા સાથે કાબૂકી નાટક અત્યન્ત લોકપ્રિય થઈ પડ્યું અને આ બુનરાકુ વિસારે પડ્યું. આજે કેવળ ઓસાકામાં જ બુનરાકુ ભજવવાનું થીએટર છે.

બુનરાકુનાં ત્રણ મુખ્ય લક્ષણો છે. તેનો કથા-પ્રસંગ તથા સંવાદ બાજુ ઉપર બેઠેલા ગાયક કવિતામાં ગાઈ સંભળાવે છે. આ કવિતાને 'જોરૂરી' કહે છે અને ગાયકને 'ટાયૂ' કહે છે. બુનરાકુની બીજી ખાસિયત તે આ કવિતા સાથે વાગતું વાદ્ય સામીસેન. આ સામીસેન વડે વાદક કથાના વાતાવરણને સચોટ અને અસરકારક બનાવે છે. તેની ત્રીજી ખાસિયત કઠ-પૂતળી પોતે. આ પૂતળીઓ ખાસ્સી મોટી—સામાન્ય માનવી કદના ⅔ ભાગ જેટલી મોટી હોય છે. તેને નચાવનારા ત્રણ નાયકો હોય છે. મુખ્ય નાયક વિવિધરંગી પોષાક પહેરે છે અને પોતાનો ડાબો હાથ પૂતળીની પીઠમાં નાખીને પૂતળીનું મોં અને ઉપરનો ભાગ હલાવે તથા જમણા હાથ વડે પૂતળીનો જમણો હાથ ફેરવે છે. તેના બે મદદનીશો કાળાં વસ્ત્રો પહેરે છે અને પૂતળીનો ડાબો હાથ અને પગની ક્રિયાઓ સંભાળે છે. બુનરાકુ ભજવનારા હવે ઘણા જૂજ રહ્યા છે.

મુક્તા-દ્વીપ


ઓસાકામાં પૂરા ત્રણ દિવસ રહીને સવારની એક્સપ્રેસમાં મુક્તાદ્વીપ (Pearl Island) ગયા. જાપાનનાં કૃત્રિમ (કલ્ચર) મોતી તો દુનિયાભરમાં જાણીતાં છે. આપણે ત્યાં પણ મહિલાઓ તેમજ યુવતીઓ એ પર મુગ્ધ છે; ને થોડાંક વર્ષો પહેલાં સારા પ્રમાણમાં તેની આયાત થતી હતી. મહાયુદ્ધ પહેલાં જાપાનના એક દીર્ઘદર્શી અને સાહસિક વેપારી શ્રી મીકીમોટોને સૂઝ્યું કે કુદરતીરીતે બનતાં મોતી વ્યવસ્થિત





નિક્કો (જાપાન)માં કુઝેન્જી સરોવરમાંથી નીકળીને ૩૩૦ ફૂટ નીચે પડતો 'કેગોન'નો ભવ્ય જળધોધ







→ નિક્કોમાં એક લાક્ષણિક જાપાની કુટીર(ઘર)
← ઓસાકામાં ટાકારાઝુકા નાટકમંડળીની અભિનેત્રીઓ: ત્યાં કેવળ સ્ત્રીઅભિનેત્રીઓ જ હોય છે, અને પુરુષપાત્ર પણ તેઓ જ ભજવે છે.


રીતે ઉછેરવામાં આવે અને તેના ઉત્પાદન-ક્રમને બહારથી સહાય કરવામાં આવે તો બહોળા પ્રમાણમાં મોતી બનાવી શકાય. ઘણા અખતરા અને પ્રયોગોને અંતે તેમણે તેની સફળ પદ્ધતિ શોધી કાઢી અને ઓસાકાથી થોડે દૂર આવેલા ટોબા ગામ પાસેના સાગરમાં મોતીનો કૃત્રિમ ઉછેર શરૂ કર્યો. ટોબાની સામે આવેલા નાના બેટ પર આગંતુકોને સમજ આપવા માટે એક નિદર્શક ફાર્મ ઊભું કર્યું છે. તે બેટને 'મુક્તાદ્વીપ' (Pearl Island) કહે છે.


ઓસાકાથી બે કલાકમાં ઉજી-યામાડા સ્ટેશને ઊતર્યાં. આ નાના ગામમાં કોઈ મિત્રો નહોતા અને સ્ટેશન ઉપર પણ અંગ્રેજી જાણનાર કોઈ ન મળે, તેથી ટોબા ગામ પહોંચતાં જરા તકલીફ પડી. ટોબાથી નાની સ્ટીમ-લૉંચમાં બે મિનિટમાં સામેના બેટ પર પહોંચી ગયા, ત્યાં ન્યૂ ઝીલૅન્ડના વ્યવસાયી-ફોટોગ્રાફર શ્રી સ્પૅરો તથા તેમનાં પત્ની સાથે થઈ ગયાં. ત્યાં અમને મોતીનો આખો ઉત્પાદન-ક્રમ વિગતથી સમજાવવામાં આવ્યો. સમુદ્રમાં ડૂબકી મારનાર યુવતીઓ લાકડાના તરતા પીપ સાથે પાણીમાં જતી અને ઊંડેઊંડે ડૂબકી મારીને ઑઇસ્ટરની છીપો (shells) ઉપર લઈ આવતી. આ છીપોમાં કૃત્રિમ સત્ત્વ મૂકીને તેમને ફરીથી દરિયામાં નિયત સ્થળે રાખી મૂકવામાં આવે છે. પાંચ-સાત વર્ષે તેમાં કૃત્રિમ મોતી બાઝે છે અને તે કાઢી લેવામાં આવે છે. પાસે જ એક પ્રયોગશાળામાં બધાં મોતીની પરીક્ષા અને વર્ગીકરણ થતું જોયું. બેટ ઉપર આ કૃત્રિમ-મોતીના શોધક શ્રી મીકીમોટોનું મોટું બાવલું છે. કાંઠા ઉપર ટોબા આવીને ફાસ્ટ ગાડી 'સ્વૅલો' મળી તેમાં ક્યોટો આવ્યાં.

(ચાલુ)









ઝાંઝીબારના સુલતાનના ૭૮મા જન્મદિન બહાર પડેલી પંદર નવી ટિકિટો પૈકી ત્યાંથી શ્રી રમણિક દવેએ મોકલેલી ૭ ટિકિટમાંની નવાં ચિત્રોવાળી ચાર આ સાથે આપી છે.

મલાયાને 'મર્ડેકા'



સદીઓના અવિશ્રાન્ત આત્મસમર્પણ-યજ્ઞમાંથી માનવજાતને મળેલું લોકોત્તર ફળ તે 'મર્ડેકા' (સ્વાતંત્ર્ય). આ ફળની ચાલુ દશકામાં તો દુનિયાભરમાં મોસમ ચાલી એમ કહી શકાય. અગ્નિ-એશિયાના દેશોમાં ઑગસ્ટ એ આ મોસમનો મુહૂર્તકાળ ગણાવી શકાય. વિગતોમાં ઊતરીએ તો, પાકિસ્તાન માટે ૧૪મી ઑગસ્ટ, ભારત માટે ૧૫મી, ઈન્ડોનેશિયા માટે ૧૭મી અને મલાયા માટે આ વર્ષની ગઇ ૩૧મી ઑગસ્ટ. મલાયાની ભાષામાં સ્વાતંત્ર્યને 'મર્ડેકા' (મહારિદ્ધિકા) કહે છે. મલાયાનાં સ્વાતંત્ર્ય મળવા સાથે એશિયાનો બ્રિટિશ તાબા તળેનો મોટો ભાગ સ્વશાસન પ્રાપ્ત કરે છે, જેની પ્રક્રિયા એક દશકા પહેલાં ભારતથી આરંભાઈ હતી. ભારત માટે તો મલાયાની આ મુક્તિના ખબર એ સ્વકીય આનંદ જેવા છે, કેમકે દક્ષિણ ભારતના પલ્લવ રાજાઓએ તે દેશ સાથે પ્રથમ સંપર્ક સાધ્યો ત્યારનો, આ ઉભય દેશોનો જૂનો, સાંસ્કૃતિક ને ઐતિહાસિક, ગાઢ સંબંધ છે.

ક્ષેત્રફળમાં ઈંગ્લંડ કરતાં સહેજ મોટું મલાયા (સિંગાપોર સાથે ૫૦,૯૬૦ ચોરસ માઈલ) એશિયાની છેક દક્ષિણે, વિષુવવૃત્તથી થોડા જ અંશ ઉત્તરે આવેલું છે. પ્રકૃતિનો પૂર્ણ પ્રસાદ પામેલી, અગ્નિ-એશિયાના દ્વીપસમૂહોના કેન્દ્ર સમી મલાયાની અસાધારણ ફળદ્રુપ ભૂમિ પુરાતન કાળથી ભારત, ચીન અને યુરોપીય દેશોના વ્યાપારીઓનું ધ્યાન તેની વિષુવવૃત્તીય સમૃદ્ધ પેદાશ માટે આકૃષ્ટ કરતી આવી છે.

ભારતથી ચીન જવાનો કોઈ સરળ ભૂમાર્ગ નથી. આજ સુધી વપરાતો આવ્યો છે તે મલાયા અને સુમાત્રા વચ્ચેની મલક્કાની સામુદ્રધુનીવાળો જળમાર્ગ. આ સાંકડી નહેર વાટે ભારત અને ઈન્ડોનેશિયાનાં વ્યાપારી વહાણ અહીં આવવા લાગ્યાં—હિંદુ, બૌદ્ધ અને ઇસ્લામ ધર્મોની ક્ષમા, અહિંસા અને બિરાદરીની સંસ્કૃતિસુવાસ સાથે. આ જ માર્ગે પોર્ટુગીઝો પોતાનો પ્રથમ યુરોપીય પગદંડો જમાવવા આવી પહોંચ્યા, ઈ. ૧૫૧૧; તેમની બાદ ડચ આવ્યા, ૧૬૪૧; અને છેલ્લે આવ્યા બ્રિટિશો, જેમની સામુદ્રધુનીઓ પરની સરમુખત્યારી પિનાંગ ટાપુની વસાહતના પટ્ટા પરથી આરંભાઈ, ૧૭૮૬.

ભારત ને ઈન્ડોનેશિયાના સંબંધની પહેલી કડી, મલક્કા ને સુંદ સામુદ્રધુની પર ઈ. ૯૦૦ના અરસાથી ૫૦૦ વર્ષ સુધી સાર્વભૌમત્વ ધરાવી ગએલા બૌદ્ધ રાજા શ્રીવિજયના સામ્રાજ્ય જેટલી જૂની છે. કેદાહ ને કેલન્તાનનો ચોખાનો મબલખ પાક ઉતારતો એ પ્રદેશ બૌદ્ધ રાજા શ્રીવિજયનો વ્યાપાર-સામ્રાજ્ય-વિસ્તાર બન્યો. ભારત અને દૂરપૂર્વના દેશો વચ્ચેના વેપારની જણસો પર કરવેરા અને જકાત ઉઘરાવવાની પ્રથા તેણે દાખલ કરેલી. ૧૫મી સદીમાં જાવાના મદ્જાપહિત હિંદુ રાજ્યે શ્રીવિજયને હરાવીને તેને મલક્કાથી પીછેહઠ કરવાની ફરજ પાડી ત્યારથી જાવી શાસ્ત્રો, ભાષા અને લોકકથાનકો એ મલાયાની જીવન-પ્રણાલીનાં અંગ બની ગયાં. ૧૫મી સદીની શરૂઆતના ટૂંકા ગાળામાં પ્રસિદ્ધ મલય રાજકુમાર પરમેશ્વરની સત્તા નીચે મલક્કાએ આબાદી અને મુક્તિનો પૂર્વાસ્વાદ પણ માણ્યો હતો. ઈ. ૧૫૧૧માં આલ્ફોન્ઝો દ આલ્બુકર્કના માણસોએ દૂર પૂર્વના દેશો સાથેના વેપારના થાણા તરીકે મલક્કાને જીત્યું. મલય લોકો તેમને હિંદના 'ગોરી ચામડીવાળા બંગાલી' ('બંગાળી' નહિ પણ 'હિંદી' માટે પ્રચલિત શબ્દ) સમજ્યા, અને એમણે તેમને ઊમળકા સાથે આવકાર્યા! એ સમયે સંત ફ્રાન્સિસે અહીં આવી ધર્મોપદેશ આપેલો. આ પોર્ટુગીઝ થાણું જોકે ઝાઝું ટકી ન શક્યું, પરંતુ તેણે ડચો અને બ્રિટિશો માટે માર્ગ મોકળો કરી આપ્યો. પોતાના દુશ્મનોથી રક્ષણ મેળવવા માટે ૧૭૮૬માં કેદાહના-સુલતાને બ્રિટિશોને પિનાંગ ટાપુ પટે લખી આપીને તહકૂબી કરી; ને તે પછી આજ ૧૭૧ વર્ષે એ જ કેદાહના શાસક ખાનદાનના ફરજંદ ટેંગુ અબ્દુલ રહેમાને (મલાયાના નવા મુખ્ય પ્રધાને) દેશને બ્રિટિશોના પ્રભુત્વમાંથી છોડાવવામાં પ્રમુખ ભાગ ભજવ્યો! કેવો વિધિયોગ!



મલાયાની સમગ્ર વસતિ મિશ્ર છે, જેમાં મુખ્ય છે: (ડાબી બાજુથી) મલાયન, ચીની, હિંદી–તમિળ, આદિવાસી અને અંગ્રેજ



પેરાકમાં ઈપોહ ખાતે બુદ્ધની પ્રાચીન મૂર્તિ.

મલાયાની વસતિ એટલી પચરંગી છે (જુઓ સામેના પાનાંને છેડે) કે તેને નાનકડું એશિયા જ કહેવામાં આવે છે. ત્યાંના મૂળ આદિવાસીઓ ઉપરાંત મલય લોકો એ ત્યાંની તળપદી પ્રજા, જેમાં પણ મોટા ભાગે ભારતીય અને સિલોની લોહી છે, કેમકે જાવામાંથી આવેલી બૌદ્ધ ધર્મ ને હિંદુ સંસ્કૃતિ અહીં પચી જ ગઈ છે. તે પછી વેપાર અર્થે આવેલા ચીની લોકો ને ભારતીયો તથા લંકાવાસીઓનું પણ એટલું જ પ્રમાણ છે. અને છેલ્લા આવ્યા યુરોપીઅનો.

↓આદિવાસી સંસ્કૃતિના ઊગમકાળમાં મલાયામાં ઊભાં થએલાં આવાં 'મૅગાલિથ'—જંગી સ્મારકો તેની પ્રાચીનતા પુરવાર કરે છે.









મથાળે: મલાયામાં રબરવૃક્ષના નિયમિત વાવેતરવાળા બગીચાનું દૃશ્ય. વચ્ચે ઈ. ૧૬૬૩માં મલાયામાં ડચ લોકોની સત્તા જામેલી હતી ત્યારનું મલક્કા બંદરનું દૃશ્ય; નીચે: આજનું શ્રીકંતું બંદર સિંગાપોર ઈ. ૧૮૧૯માં રૅફલ્સે વસાવ્યું ત્યારે આવું હતું.








મલાયાની મુખ્ય જીવાદોરી જેવા રબરના વૃક્ષનાં બી સૌ પ્રથમ બ્રાઝિલના જંગલમાંથી દાણચોરી કરીને સર હેન્રી વિકહામ લઈ આવેલા તે. (ડાબે); તેમણે તે લંડનના વિખ્યાત વનસ્પતિઉદ્યાન 'ક્યુ ગાર્ડન'માં ઉછેરેલાં અને તેનાં બી મલાયાની ભૂમિમાં (ભાવતાં હોવાથી) વવાએલાં. મલાયાના એ રબર-ઉદ્યોગના અગ્રચારી એચ. એન. રિડલીની છબિ તેની જોડે આપેલી છે; જમણી બાજુ–મલાયામાં એકસંપી કરીને સ્વાતંત્ર્ય આણનાર તેના આજના વડાપ્રધાન ટેંગુ અબ્દુલ રહેમાન.

મલાયા પર બ્રિટિશ પ્રભુત્વ જડબેસલાક તો બન્યું બહુ મોડું. ૧૮૦૫ના અરસામાં ટૉમસ સ્ટૅમ્ફર્ડ રૅફલ્સ નામનો 'અતૃપ્ત આકાંક્ષા'-વાળો એક જુવાન કલકત્તાની ઈસ્ટ ઇન્ડિયા કંપનીમાં જોડાયો. ગવર્નર જનરલ વૉરન હેસ્ટિંગ્સ ત્યારે મલક્કાની દક્ષિણે કોઈ અનુકૂળ વ્યાપાર-મથક સ્થાપવાની વેતરણમાં હતો. મલય ભાષા પર રૅફલ્સનો અદ્‌ભુત કાબૂ હતો. એશિયાવાસીઓમાં તે ઘણો લોકપ્રિય બન્યો હતો. તાજેતરમાં જ તેણે જાવાના લેફ્ટેનન્ટ જનરલ તરીકેની કામગીરી પૂરી કરી હતી. મલાયામાં બ્રિટિશ હિતોનો પ્રસાર કરવાનો તેનો ઉત્સાહ તો હતો જ. આથી નવા 'સાહસ'નો સ્વભાવિકરીતે જ એ નેતા બન્યો. વળી આ અરસામાં યુરોપમાં નેપોલિયનને ડચોને હાર આપી હતી.

કોઈ અંતઃસ્ફુરણાએ પ્રેરાઈને રૅફલ્સ નિર્વાસિત સિંગાપોર ટાપુ તરફ હંકારી ગયો. પોતાનાં જૂનાં સંશોધનો પરથી તે શીખ્યો હતો કે આ જ ટાપુ ૧૪મી સદીમાં વેપાર માટેનું ધીકતું બંદર બન્યો હતો. તાહફૂબીની મંત્રણાઓ ચાલી, અને આખરે 'હીંઓના અનુશાસક' (હીંઓ, જાહોર અને પાહાંગના સુલતાનના પ્રતિનિધિ) તરીકે બ્રિટિશોએ સહીસિક્કા કર્યા. સમયના અચોક્કસ ગાળા પછી સંધિના કરાર થયા કે 'સિંગાપોર સદા માટે બ્રિટિશોને હવાલે કરવામાં આવે છે.' સંધિના આ કરારે સિંગાપોરને (આપણા મુંબાઈ શહેરના જ ઇતિહાસની માફક) માછીમારોના ગામડામાંથી જગતનાં સર્વોત્તમ બંદરોમાંનું એક બનાવ્યું, મલાયાના જંગલમાંથી સમૃદ્ધતમ પ્રદેશ તરીકે તેનું મંગલ નિર્માણ કર્યું. લેફ્ટેનન્ટ જનરલ તરીકે રૅફલ્સ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના ગવર્નરને જવાબદાર હતો. મલાયા સાથેની આ ભારતીય કડી ૧૮૫૭ના વિપ્લવ પછી, ૧૮૫૮ સુધી સંકળાએલી રહી ત્યાં સુધી મલાયાનું તંત્ર હિંદુસ્તાનમાંથી જ ચલાવાતું.




સેલંગોર રાજ્યમાં આવેલું મલાયાનું પાટનગર ક્વાલાલમ્પૂર

ઈસ્ટ ઇન્ડિયા કંપની વિલીન થતાં સત્તા બ્રિટિશ કૉલોનિયલ ઑફિસને મળી (૧૮૬૭), જેણે સુલેહ-કરારો દ્વારા સુલતાનો સાથેના તાહફૂબીના સંબંધોને નિયમિત કર્યા, અને સિંગાપોર પર અધિકાર જમાવ્યાની જ સદીના ટૂંકા ગાળામાં, ૧૮૭૪માં, કિનારા પરનાં રાજસ્થાનોથી સિયામ સુધીનો આખો મલાયા દ્વીપકલ્પ બ્રિટિશ હકૂમત તળે આવી ગયો. પછી ૧૯૦૯માં સિયામના કેલંતાન, ત્રેંગ્ગાનું, કેદાહ અને પર્લિસ પરના સર્વ હક બ્રિટિશોના કાબૂમાં આવ્યા.

૧૮૬૯માં સુએઝની નહેર ખુલ્લી મુકાઈ ત્યારે મલક્કાનો રસ્તો વ્યાપાર-વાણિજ્યનો ધોરી માર્ગ બની ગયો હતો. કલાઈ, રબર, નાળિયેર અને તેની જાતની અન્ય પેદાશ માટેની જગતભરની માગણીએ આ પ્રદેશ તેમજ સિંગાપોરને સમૃદ્ધિ અર્પી અને વિશ્વખ્યાત બનાવ્યાં. ૧૮૪૨માં જાપાને મલાયા પર હુમલો કર્યો ત્યારે, મલાયાના સંરક્ષણ પાછળ બ્રિટિશ મૂડીમાંથી ખર્ચાએલી રકમનો આંકડો દસ કરોડ પાઉંડ સુધીનો અડસટ્ટવામાં આવે છે.

આ દરમ્યાન મલાયાની પ્રજાકીય અસ્મિતા જાગ્રત થઇ ચૂકી હતી.

પાટનગર ક્વાલાલમ્પુરની મોટી મસ્જિદ




અને તેના માગણીઓને સંતોષવા બ્રિટન રાજકીય સુધારાઓના ટુકડા આપ્યે જતું હતું. પણ મલાયાની અનેકજાતીય પ્રજાઓ (જેમાં મલય ૯,૯૭,૦૦૦, ચીની ૨૨,૮૬,૮૦૦, હિંદી-પાકિસ્તાની ૨૨,૮૬,૮૧૦, અને બીજી જાતિઓ ૯૦,૪૦૦)ને અનુલક્ષતાં ત્યાં જરૂરી તો હતી મજબૂત મધ્યસ્થ સરકાર, પણ બીજા મહાયુદ્ધની સંધ્યાએ આ દ્વીપકલ્પને ત્રણ વિભાગોમાં વહેંચી દેવામાં આવ્યો: (૧) સામુદ્રધુનીની વસાહતો સિંગાપોર, પિનાંગ ને મલક્કા; (૨) સમવાયી મલય રાજ્યો: પેરાક, સેલાંગોર, નેગ્રી સેમ્બિલાન તથા પહાંગ અને (૩) અસમવાયી મલાય રાજ્યો: જોહોર, કેદાહ, પર્લિસ, કેલાંતન ને ત્રેંગ્ગાનુ.

જાપાનની હાર પછી ૧૯૪૫ના ઑગસ્ટમાં લશ્કરી તંત્રે મલાયા લીધું ત્યારે પિનાંગની વસાહતો અને મલક્કા તથા મલાય રાજ્યોનું એક એકમ રચવામાં આવ્યું ને સિંગાપોરનું બીજું. આ સામે પ્રબળ વિરોધ જાગતાં એક નવું બંધારણ ઘડાયું, જેને પરિણામે ૧૯૪૮ની ૧લી ફેબ્રુઆરીથી મલક્કા અને પિનાંગની બે વસાહતો સાથેનું મલાયાનું સમવાયતંત્ર અસ્તિત્વમાં આવ્યું અને ધારાસભાને જવાબદાર પ્રધાનમંડળ રચાયું. પણ સંપૂર્ણ સ્વાતંત્ર્યની આકાંક્ષા હજી પૂર્ણ થઈ ન હતી. વચ્ચે તો સામ્યવાદીઓ તરફથી અંગ્રેજ-વિરોધી તોફાનો દ્વારા વિઘ્નો પણ નંખાએલાં, તે એટલે સુધી કે ૧૯૪૮માં કટોકટીને કાબૂમાં લાવવા માટેની ત્વરિત યોજનાઓનું એક માળખું પણ તત્કાળ ઊભું કરવું પડેલું. ટેંગ્કુ અબ્દુલ રહેમાનની આગેવાની નીચે 'ઍલાયન્સ' પક્ષે ૧૯૫૫ના જુલાઈની ચૂંટણીમાં ૫૨ માંથી ૫૧ બેઠકો મેળવી ત્યારે તો સ્વાતંત્ર્ય-સંયોગો આંખ સામે જ આવી ઊભા.

એ ટેંગ્કુ અબ્દુલ રહેમાન કેદાહના સુલતાનના ભાઈ છે ને કેમ્બ્રિજ-

નીચે ↓ પહાંગના મંદિરમાંની ધાતુમૂર્તિઓ







મલાયાનાં વિવિધ રાજ્યો તથા સિંગાપોરની રાજ્ય-મુદ્રાઓ

માં શિક્ષણ લઈને બૅરિસ્ટરી માટે ઇંગ્લંડ ગએલા. બંધારણીય કાયદાના તેઓ સુપ્રસિદ્ધ નિષ્ણાત છે. રાજકીય દૂરંદેશી વાપરીને તેમણે મલય રાષ્ટ્રીય તંત્ર, મલાયન ચીની મંડળ અને મલાયન હિંદી કૉંગ્રેસને એકીસાથે સાંકળી લઈ 'ઍલાયન્સ' પક્ષ ઊભો કર્યો, અને સ્વાતંત્ર્યસંગઠનનો મજબૂત પાયો નાખ્યો. ૧૯૫૫ના ઑગસ્ટમાં તેઓ મલાયાના મુખ્ય પ્રધાન નિમાયા.

મલાયાની પ્રગતિનો એક અંતરાયવિશેષ હતો તે ત્યાંની વસતિની મલય, ચીની ને હિંદી જાતિઓનો પરસ્પર ભેદભાવ. ચીની ને મલય જાતિઓ વચ્ચે આ અંતર વધારે હતું. પહેલા મહાયુદ્ધ પછીનાં વર્ષોમાં તો તેમની વચ્ચે સંપની શક્યતા ઘણી દૂર દેખાતી હતી. ચીનાઓએ મોટા ભાગનો વેપાર એકહથ્થુ કરી લીધો હતો. અને મલયીઓ તો પોતાના આર્થિક જન્મ-અધિકારથી વંચિત જ હોય એવું અનુભવી રહ્યા હતા. જોકે ત્યારના અગ્નિ-એશિયા માટેના બ્રિટિશ કમિશ્નર જનરલ મિ. માલ્કમ મૅકડોનલ્ડે સ્થાપેલી અનૌપચારિક 'કોમ-સંપર્ક-સમિતિ'-એ ઉભય પક્ષોના નેતાઓને નિખાલસ વૃત્તિ સાથે નિકટ આણ્યા હતા, પણ સંગઠનની મજબૂત સાંકળ ટેંગ્કુ અબ્દુલ રહેમાને જ ઘડી.

૧૯૫૬ના જાન્યુઆરીમાં મળેલી લંડન પરિષદે બંધારણ-પંચ નીમવાનો ઠરાવ કર્યો અને બ્રિટિશ રાષ્ટ્રસંઘની અંદર સંપૂર્ણ સ્વશાસિત અને સ્વતંત્ર મલાયાના સંઘરાજ્ય માટે બંધારણ ઘડવાની સૂચના આપવામાં આવી. પંચને સલાહ આપવા માટે હિંદ, પાકિસ્તાન અને ઑસ્ટ્રેલિયાના પ્રતિનિધિઓ પણ લેવામાં આવેલા, જેને અંતે અનેક વાટાઘાટો પછી 'મર્ડેકા'નો જન્મ થયો.





સ્વતંત્ર મલાયાનો રાષ્ટ્રધ્વજ અને રાજ્યમુદ્રા : સ્વતંત્ર રાષ્ટ્રમાં ભળેલાં અગિયાર રાજ્યોનેસૂચિત કરતા અગિયાર પટ્ટાવાળા ધ્વજમાં ઉપલે ડાબે ખૂણે બ્લૂ તકતીમાં ઈસ્લામ ધર્મના પ્રતીક તરીકે ચંદ્ર સાથે અગિયાર કિરણોવાળો તારક છે, જે બંને પીળા રંગનાં છે.

મલાયાનો ⅘ ભાગ નિબિડ જંગલોએ આવરેલો છે. ૭,૦૦૦ ફૂટ ઊંચી પર્વતમાળા દેશના બે ભાગ કરી દે છે. મધ્યમાં આવેલા પર્વતો ઉપર સાગ, સીસમ અને વાંસનાં ઘોર જંગલો છે. તેમાં હાથીનાં ટોળાં રખડે છે તથા વાઘદીપડા જેવાં હિંસક પશુઓનો પાર નથી. ઉત્તર તરફનાં ને મુખ્ય નદીઓની આસપાસનાં જંગલો સાફ કરવામાં આવ્યાં છે અને ત્યાં રબર, કલાઈ, ચોખા, નાળિયેર જેવાં ખેતીવાડી ને ઉદ્યોગો વિકસ્યાં છે. મલાયાની અર્થવ્યવસ્થા ખેતી ઉપર નિર્ભર છે. અહીંની સમૃદ્ધિની મુખ્ય ચીજ તે રબર. રબર પછી આવે છે કલાઈનો ઉદ્યોગ. ૧૯૫૫ માં રબરની રૂા. ૨૫૨ કરોડ જેટલી ને કલાઈની ૬૦,૦૦૦ ટનની નિકાસ કરવામાં આવેલી. ૧૯૫૬માં કલાઈનું ઉત્પાદન ૭૩,૦૦૦ ટન સુધી પહોંચ્યું હતું, જે દુનિયાના કોઈ પણ દેશના કલાઈના ઉત્પાદન કરતાં વધારે છે. દેશના ⅔ ભાગમાં રબરના બગીચાઓ, નાનાં ખેતરો, કલાઈની ખાણો, ડાંગરનાં ખેતરો અને નાળિયેરીનાં ક્ષેત્રો આવેલાં છે.

અહીં રબરનું ઝાડ સૌપહેલું દાખલ કરાયું ઈ. ૧૮૭૭માં, ને હાલ ૩૫ લાખ એકરમાં (ખેતીવાડીની ૬૦ટકા જમીનમાં) તેનું વાવેતર થાય છે. કલાઈની ખાણો તો સદીઓથી અહીં આવેલી છે. મહાયુદ્ધ પહેલાંનાં વર્ષોમાં મલાયા જગતનું આગેવાન કલાઈ-ઉત્પાદક હતું. રબર પછી મલાયાની ખેતીવાડીની પેદાશ છે ચોખા, નાળિયેર, અનનાસ અને ચા. જૂના જમાનામાં અહીંની આકર્ષણપાત્ર પેદાશ હતી તેજાનાઓ આદિ મસાલાની. અહીં તજ, મરી, જાયફળ ને જાવંત્રીની વાડીઓ છે. કેળ, શેરડી તથા કોકો પણ ઉગાડાય છે. કાચું લોઢું, બૉક્સાઈટ ને સોનું અહીંના ખનિજ પેદાશ છે. મલય પ્રજા પરંપરાથી દરિયાખેડુ છે અને માછીમારી એ પૂર્વ કિનારાનો અતિ મહત્ત્વનો ઉદ્યોગ છે. તેને દક્ષિણ છેડે ૨૨૪ ચોરસ માઈલનો વિસ્તાર ધરાવતો સિંગાપોરનો ટાપુ છે. બીજા નાના નાના ટાપુઓ સાથે સિંગાપોરનું સંસ્થાન બને છે. મલાયામાં વરસાદ પુષ્કળ પ્રમાણમાં પડે છે: સરેરાશ ૧૦૦ ઈંચ. નેગ્રી સેમ્બિલાનના સૌથી સૂકા પ્રદેશમાં ૬૫ ઇંચ અને મૅક્સ્વેલની ટેકરીની સૌથી વધુ ભેજવાળી જગ્યાએ ૧૯૮ ઇંચ વરસાદ પડે છે. અહીંની હવા ઘણી ભેજવાળી હોવાથી મલેરિયા તાવનો તો સદીઓ સુધી મલાયા એ અડ્ડો રહેલું. હવે ક્ષયના રોગે એ સ્થાન લીધું છે. અહીંનું ઉષ્ણતામાન સાધારણ રીતે એકસરખું—લગભગ ૯૦° ફેરનહિટથી ઓછું રહે છે.

મલાયામાં ૭ જેટલાં મુખ્ય વિમાની મથકો છે, ને ૬૦ જેટલાં સ્થળોએ કામચલાઉ ઉતરાણની સગવડ છે. મલાયાના સમવાયતંત્રનું આંતરરાષ્ટ્રીય વિમાની મથક રાજધાનીના શહેર ક્વાલાલમ્પુર ખાતે હોવા છતાં સિંગાપોરનો જ વધુ પ્રમાણમાં ઉપયોગ કરાય છે.

૧૫મી સદી દરમ્યાન અહીંની જીવનપ્રણાલીઓ ઉપર મુસ્લિમ પ્રભાવ પડવો શરૂ થઈ ગયો હતો. સત્તરમી સદીમાં આખા મલાયામાં ભારતીયને બદલે અરબી મૂળાક્ષરો શિક્ષણમાં પ્રચલિત થએલા. આજે મલાયામાં ચાર જાતની શાળાઓ છે, જે અંગ્રેજી, મલય, ચીની અને તમિળ ભાષાઓમાં શિક્ષણ આપે છે. માધ્યમિક શિક્ષણ અંગ્રેજી શાળાઓમાં અપાય છે. ૧૯૪૯માં અહીં એક યુનિવર્સિટી સ્થપાઈ છે.

સ્વતંત્ર મલાયાને તેના આ સુવર્ણ-અવસર પર આખા જગતની મુબારકબાદી અને શુભેચ્છાઓ મળી છે.

સુભાષિત

•અનુષ્ટુપ•

उत्तमं प्रणिपातेन शूरं भेदेन योजयेत् ।
नीचमल्पप्रदानेन समशक्तिं पराक्रमैः ॥

(અનુવાદ)

ઉચ્ચને વંદને, ભેદે શૂરને યોજવા સદા,
નીચને અલ્પ આપીને, સમોવડને પરાક્રમે.

[વિવરણ : ઉત્તમ લોકોને વંદન કરીને–માનઅર્ચનાથી અને ઊતરતા લોકોને અલ્પપ્રદાન–થોડી કૃપાથી રાજી રાખવા; અને બળમાં પોતાથી ચડિયાતાને દાવપેચથી તથા સમોવડિયાને પરાક્રમથી મહાત કરવા. આપણી જાણીતી 'સામ, દામ, ભેદ ને દંડ'થી વશ કરવાની નીતિને અનુરૂપ બોધ કરતો આ શ્લોક એક સંસ્કૃત કથામાંથી લીધો છે.]



મલાયાની કલાપરંપરા દાખવતી એક મુદ્રા—જે ઈ. ૧૭૦૦માં કલાંગના ટૉએંગકુએ સેલાંગોરના યામ્તુઆનને આપેલી.

પચ્ચીસ વર્ષ પહેલાં



ભાદરવો ૧૯૮૮
અંક ૧૦૫



નાગાર્જુન

થોડા માસ પર(૩૮૯ અંકમાં) ભારતના એ આદ્ય રસાયનશાસ્ત્રી તથા બૌદ્ધ તત્ત્વજ્ઞ વિષે પરિચય અપાએલો. આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના ૧૦૫મા અંકમાં શ્રી રેવાશંકર સોમપુરાએ કરાવેલો પરિચય તેમાં રસમય ઉમેરો કરે એવો છે: તેમાંથી થોડું તારણ:

'હિંદુસ્તાનના આ આદ્ય રસાયણશાસ્ત્રી જન્મે બ્રાહ્મણ હતા અને વેદધર્મમાં ઊછર્યા હતા, પણ પાછળથી તેમણે બૌદ્ધ ધર્મ ગ્રહણ કર્યો હતો. ચોથા સૈકાના પ્રારંભમાં અને તે પછી સૈકડો વર્ષ લગી તે ખૂબ પ્રસિદ્ધિ પામ્યા. પ્રખ્યાત ચીની મુસાફર હ્યુન ચાંગ લખે છે કે 'નાગાર્જુન એક પ્રસિદ્ધ બૌદ્ધ વિદ્વાન રસાયની હતા, અને તે શાલિવાહન રાજાના મિત્ર હતા.' બાણ કવિના હર્ષચરિતમાં નાગાર્જુનને વિષે લખ્યું છે: 'ઔષધ બનાવવામાં નાગાર્જુન બોધિસત્ત્વ ઘણા પ્રવીણ હતા. એક ઔષધની ગોળીથી તે ઘણાં વર્ષ જીવ્યા હતા. તેમના મિત્ર શાલિવાહન રાજાએ પણ આ ઔષધ ખાધેલું.'

પણ એ એકલા રસાયણશાસ્ત્રી જ ન હતા. બૌદ્ધ ધાર્મિક સાહિત્યમાં માધ્યમિક દર્શનના સ્થાપક તરીકે પણ તેમની કીર્તિ છે. 'સર્વશૂન્યમ'નો સિદ્ધાંત સામાન્યત: નાગાર્જુનનો મનાય છે.

મોક્ષ મેળવવા સારુ જ્ઞાનમાર્ગ ને કર્મમાર્ગ એ બે ધોરી રસ્તા છે. જ્ઞાનમાર્ગ કઠિન મનાય છે, ને કર્મમાર્ગ સરળ. બૌદ્ધ ધર્મમાં પણ કાળ જતાં આવા બે ચીલા પડયા. જ્ઞાનમાર્ગ કઠિન હોઇ તે શાખાનું નામ હીનયાન—એટલે નાનો ને કઠણ રસ્તો એવું પડયું; અને મંત્રોથી બુદ્ધ ભગવાનનું આવાહન કરીને મોક્ષ મેળવવાનો સિદ્ધાંત સરળ હોવાથી તેનું નામ મહાયાન–મોટો રસ્તો આપવામાં આવ્યું.

આ મહાયાન પંથના પ્રવર્તકોમાં નાગાર્જુનનું નામ આગળપડતું આવે. મહાયાન પંથનાં ધર્મશાસ્ત્રો સાથે જે બૌદ્ધ તંત્રો લખાયાં તેમાં ઘણીક રાસાયણિક રીતો આપવામાં આવી છે. એ રાસાયણિક તંત્રો તથા યુક્તિઓના મુખ્ય રચનાર નાગાર્જુન હતા. તારાનાથ નામના તિબેટના સાધુએ નાગાર્જુન વિષેની સર્વ દંતકથાઓનો સંગ્રહ કર્યો છે તે પરથી તેના જીવનચરિત્રનું તારતમ્ય આમ મૂકી શકાય: વિદર્ભ દેશમાં એક અતિધનવાન બ્રાહ્મણ રહેતો હતો. તેને ત્યાં નાગાર્જુનનો જન્મ થયો. પિતાએ બાળકના ગ્રહ જેવડાવતાં જોશીએ કહ્યું કે આ બાળકનું આયુષ્ય સાત વર્ષથી વધુ નથી. જ્યારે બાળક નાગાર્જુનને સાતમું વર્ષ બેઠું ત્યારે તેનાં માતાપિતા બહુ ચિંતાતુર બન્યાં. નાગાર્જુનને તેમણે થોડાં માણસો સાથે કોઇ એકાંત સ્થળે મોકલી દીધા. એ એકાંતવાસમાં દુ:ખી જીવન ગાળતા નાગાર્જુન પર મહાબોધિસત્ત્વ ભગવાન અવલોકિતેશ્વર પ્રસન્ન થયા ને તેને મગધના નાલેન્દ્ર મઠમાં ચાલ્યા જવાનો આદેશ દીધો. આથી નાગાર્જુન તે પ્રસિદ્ધ મઠમાં ગયા ને ત્યાંના મુખ્ય સાધુ શ્રી સરહભદ્રે નાગાર્જુનને ભિક્ષુ તરીકે દીક્ષા દીધી.

તે પછી અમુક સમય બાદ તે પ્રદેશમાં ભયંકર દુકાળ પડયો અને સાધુઓના નિર્વાહ માટે ભારે ચિંતા ઊભી થઇ. નાગાર્જુને પાસેના સાગરમાં એક બેટમાં એક મહાત્મા એકાંત સેવતા હતા તેની પાસે જઇ કંઈક માર્ગ કાઢવા નિર્ણય કર્યો. તે સમુદ્ર કોઈથી ઓળંગાય તેમ નહોતું, તેથી નાગાર્જુન વૃક્ષનાં બે પાંદડાં લઇ મંત્રવડે દૈવી શક્તિથી પાંદડાં ઉપર સમુદ્ર ઓળંગી તે મહાત્મા પાસે પહોંચ્યા. એ મહાત્મા પોતાના સ્થાનને અગોચર માનતા હતા, તેથી આ માણસને આવેલો જોઇ ઘણા ચકિત થયા. નાગાર્જુને વિનયપૂર્વક ઉત્તર આપ્યો કે 'આપની કૃપાથી ને દૈવીશક્તિથી હું આ પાંદડા પર તરી અહીં આવી શકયો છું. લોકો મારા દેશમાં દુકાળ પડવાથી ઘણા દુ:ખી થાય છે, માટે અમારા પર આપ કંઈક કૃપા કરો. આપને ધાતુપરિવર્તનની વિદ્યા સાધ્ય છે, માટે આપ તે વિદ્યા મને શીખવો.' મહાત્માએ તેને પેલું પાંદડું આપવાની અને જંબુદ્રીપમાં પાછા ન જવાની શરતે વિદ્યા શીખવવાની હા પાડી. પણ નાગાર્જુન પાસે બીજું પાંદડું હતું તેની તેમને ખબર નહોતી. નાગાર્જુન વિદ્યા શીખી પોતાની પાસેના પાંદડાની સહાયથી પાછા ચાલી આવ્યા અને પોતે સાધ્ય કરેલી વિદ્યા (સોનું કરવાના કીમિયા)વડે સુગમતાથી ધન પેદા કરી આખા વિહારનો નિર્વાહ ચલાવ્યો.

સરહભદ્રના મૃત્યુ પછી નાગાર્જુન નાલેન્દ્ર વિહારના અધિપતિ થયા. હિંદના રસાયણશાસ્ત્રીઓ નાગાર્જુનને ઘેકીયંત્ર અને દહન–વિધિના સંશોધક તરીકે ગણે છે, અને 'કક્ષપુટ તંત્ર', 'રસરત્ના' ને 'આરોગ્ય મંજરી' નામના ગ્રંથોના રચનાર તરીકે વર્ણવે છે. વૃંદ કહે છે કે કાજળ બનાવવાનું સૂત્ર સૌ પહેલું નાગાર્જુને આપ્યું હતું. દલ્વાન તો વળી નાગાર્જુનને સુશ્રુતની પુનરાવૃત્તિ કરનાર તરીકે ગણે છે. વિદ્વાન અરબ ગ્રંથકર્તા આલ્બેરૂની કહે છે 'કે સોમનાથ પાસેના દૈહકનો પ્રસિદ્ધ રહેવાસી નાગાર્જુન સમર્થ રસાયનશાસ્ત્રી હતો. તેણે રસાયનશાસ્ત્ર પર એક સુંદર પુસ્તક લખ્યું છે, જે હાલમાં કવચિત જ મળી આવે છે. હું હિંદ ગયો તે અગાઉ સોએક વર્ષ પૂર્વે તે થઈ ગયો છે.'

પ્રયત્ન

પ્રયત્ન કરનારને નસીબે નિષ્ફળતાઓ તો લખેલી જ છે; પણ તેને તે હાર ગણીને બેસી રહેતો નથી....પ્રયત્નમાં જે આનંદ રહ્યો છે તે તેના ફળમાં નથી...જે થાકયા વગર પ્રયત્ન કરે છે તે ખરેખરો પુણ્યશાળી છે. કોઈ ઈશ્વરદત્ત બક્ષિશવાળો વિદ્યાર્થી પોતાના પાઠ સાનમાત્રથી સમજી લે, તે ભલે વિશેષ શક્તિશાળી ગણાય; પરંતુ કોઈ ઠોઠ વિદ્યાર્થી આખો દિવસ પોતાના પાઠની ધૂનમાં રહે તેની મહત્તા પેલાના કરતાં ઓછી નથી. પણ પ્રયત્ન અખંડ ને એકધારો થવો જોઇએ. —ગાંધીજી

તરતાં શીખો

તરવાની ક્રિયામાં કસરત પણ છે, પરંતુ બહુ ઓછા તે પદ્ધતિસર શીખે કે આચરે છે. તરતાં શીખનારો તો સામાન્ય રીતે એટલું જ વિચારે છે કે પાણીમાં ગતિ મેળવવા માટે હાથપગનો સંચાર કરવો જરૂરી છે. એથી તે જોશભેર હાથ ને પગ ચલાવે છે. પણ ખરું જોતાં તરવામાં ઝડપ મેળવવામાં પગના ચલનની જેટલી અગત્ય છે તેટલી હાથના ચલનની નથી.

તરતાં શીખ્યાનો એક મોટો લાભ તો એ છે કે તે શીખ્યા પછી કદી ભૂલાતું જ નથી; એટલે પ્રથમથી જ જો બરોબર વૈજ્ઞાનિક પદ્ધતિએ શીખ્યા હોઇએ તો એ આજીવન વિદ્યા



ઊંધી તરને માટે અંગ્રેજીમાં જેને 'બ્રેસ્ટ સ્ટ્રોક' કહે છે તેની પદ્ધતિ ડાબી બાજુના ચિત્રમાં આપેલી છે. સૌ પહેલાં પગ તથા શરીર ટટ્ટાર રાખી, આકૃતિ Cમાં બતાવ્યા પ્રમાણે બંને કોણીઓ ખભાને સમાંતરે રહે એ રીતે હાથ રાખીને પ્રકોષ્ટ તથા હથેળીઓ છાતીના આગલા ભાગમાં પાણીની સપાટીમાં રાખવા. આંગળીઓ સીધી, એકબીજાને જોડાએલી અને અક્કડ રહે. પછી એ રીતે જોડાએલા હાથને તીરની પેઠે આગળ ધકેલી (આકૃતિ Aમાં બતાવ્યા પ્રમાણે)સીધી દિશામાં બની શકે તેટલા લંબાવો, અને તરત હથેળીઓને બહારની બાજુએ ફેરવી નાખી તે વડે પાણી કાપતાં બંને હાથને ગોળાકારમાં ફેલાવો,- તે ઠેઠ (આકૃતિ Bમાં બતાવ્યા પ્રમાણે) ખભાને સમાંતરે આવી જાય ત્યાં સુધી.-પછી તરત પાછી ફરીથી હથેળીઓને પહેલાંની માફક C આકૃતિની સ્થિતિમાં જોડી દઇને બીજા 'સ્ટ્રોક'ની તૈયારી કરો. બીજી બાજુ, જેવા હાથ ફેલાવવા માંડો તેવા જ પગને ઉપર ખેંચી લો, એટલે આકૃતિ Cમાં બતાવ્યા પ્રમાણે ઢીંચણ બંને બાજુએ બહાર પડશે, અને બંને પગની એડી લગભગ એકઠી થઈ જશે. આટલું થયા પછી જેવા તમે બીજી ક્રિયા માટે હાથને આગળ સીધા લંબાવો તેવા જ બંને પગને છૂટા કરી (આકૃતિ Cમાં બતાવેલી તીરની નિશાનીઓની પ્રમાણે)બંને બાજુએ ગોળાકારે ફેલાવો, અને પછી પાછા, આપણે ઊભા રહીએ છીએ તેવી સ્થિતિમાં અક્કડ કરી દો.

આ બધી ક્રિયામાં હાથપગને જરા પણ અક્કડ ન રાખતાં છૂટ ને નરમાશથી વાપરવા, તથા પાણી કાપવા માટે હાથ પહોળા કરતી વખતે બની શકે તેટલો કુદરતી લહેકો લેવો. ઘણાખરા શિખાઉ આમાં અણઘટતી ઉતાવળ કરે છે તથા અંગને ન જોઈતાં અક્કડ રાખે છે, જે, અલબત્ત, ગભરામણનું જ પરિણામ હોય છે. પણ એવી ગભરામણ તથા અયોગ્ય ઝડપ અને ઉતાવળથી શરીરને ખોટો થાક ચડે છે, જલદી થાકી જવાય છે ને કશું શીખાતું નથી.

ઊંધી તરનો 'બ્રેસ્ટ સ્ટ્રોક' જાણ્યા પછી આ ચત્તી તરનો બૅક સ્ટ્રોક સમજવો સહેલો પડશે, કેમકે બંનેમાં પગની ક્રિયા તો સરખી જ છે. હાથને, માત્ર પાણીમાં ફેલાવવાને બદલે આકૃતિ B પેઠે પહેલાં છાતી પર ઢાળી ત્યાંથી હવામાં ઊંચે લઇને પછી ચત્તી હથેલીઓ ખભાને સમાંતરે ફેલાવી પાણી ઉપર ઉતારવાની હોય છે; અને પછી હથેળીને પાણીમાં ફેરવી નાખી, આકૃતિ Cમાં તીરની દિશાથી બતાવ્યા પ્રમાણે, નીચેની બાજુ ધકેલતા જઇને પાણી કાપવાનું હોય છે. આ ક્રિયા ચાલતી હોય તેની બરોબર સાથેસાથ પગને ઉપર ખેંચીને બ્રેસ્ટ સ્ટ્રોકમાંની ક્રિયા પેઠે હલાવવાના હોય છેઅને એ ધક્કેલા સાથે શરીર માથાની દિશાએથી આગળ ધપે છે.

બની રહે છે. કોઈ ડૂબી મરવાના અકસ્માતના સમાચારો વાંચીએ છીએ ત્યારે તરતાં શીખી લેવાની અગમ બુદ્ધિ આપણને ઘડીભર થઈ આવે છે અને થોડી શરૂઆત પણ થાય છે, પણ પછી ઉત્સાહ મંદ પડતો જાય છે અને છેવટે શરૂઆત એ શરૂઆત જ રહે છે.


તરતાં શીખનારે પ્રથમ કેડસુધી પાણી હોય તેવા ઓવારે સારા તરનારની સાથે જવું. પછી શીખનારે પ્રથમ તો શીખવનારનાં બાવડાં ઉપર પોતાનું શરીર ઊંધું રાખી ધીમેધીમે ધબવાની(હાથપગ હલાવીને પાણી કાપવાની) ક્રિયા કરવી.(પાણીમાં બહુ ભારનથીલાગતો.) પછી શીખવનારે ધીરેધીરે આગળ ચાલવું અને શીખનાર તેની મદદ વગર પાણીમાં તરી શકે છે કે નહિ તે થોડીથોડી વારે જોતા રહેવું.

તરવામાં હાથ ફેલાવતી વખતે પગને એકઠા કરી લેવામાં આવે છે. હાથ માથા તરફ સીધા લઈ જઈ, બંને બાજુ ફેલાવતી વખતે પગ જોડેલા રાખી, સહેજ ઉપર લઈ તળિયા તરફ આંચકો આપવાથી એકદમ પાણીની સપાટી ઉપર અવાય છે અને પાણીમાં આગળ જવાય છે. તરતી વખતે ખોટી ઉતાવળ કે અઘટિત જોર વાપરવાથી વહેલા થાકી જવાય છે. વધારે સફળ થવા માટે શીખનારે શ્વાસોચ્છ્વાસનું નિયમન કરવાની તથા જમીન ઉપરની બીજી કસરતોની પણ ટેવ પાડવી જોઇએ. કાચો શિખાઉ જોશભેર પાણી સાથે મંથન કર્યા કરે છે અને આખું શરીર ઉપર લાવવા મથે છે; પરિણામે જેમજેમ ખોટા ધક્કા લાગે છે તેમતેમ તે ઉપર આવવાને બદલે અંદર ઊતરતો જાયછે!

પાણીમાં સમતોલન રાખતાં આવડી જાય એટલે તરવું સહેલું થઈ પડે છે અને ઝડપ વધે છે. ઊંધી તર કરતાં ચત્તી તરમાં મહેનત ઓછી પડે છે, કારણકે ચત્તી તરમાં માથું પાણીની સપાટીની અંદર રહે છે, જ્યારે ઊંધી તરમાં ખોપરીનાં હાડકાંને ઉપર રાખવામાં શારીરિક બળની વધારે જરૂર પડે છે.

તરવાની કળા માણસને શીખવી પડે છે, પણ જાનવરોને તો તે કુદરતી રીતે પ્રાપ્ય હોય છે. એ બધાંમાં કૂતરો સૌથી સારું તરનારો છે. કૂતરાના પગ જમીન ઉપર ચાલતી કે દોડતી વખતે જેમ ચાલે છે તે જ રીતે પાણીમાં ચાલે છે, એટલે તેને ખાસ શીખવાપણું હોતું જ નથી. માત્ર માણસ જ પાણીમાં પડ્યા પહેલાં તરતાં શીખી શકતો નથી. જોકે પહેલા પ્રયત્ને જ તરતાં આવડ્યાના ઘણા દાખલાઓ છે.

તરવાની ઘણી રીતો છે.સામાન્ય રીત ઊંધી તરની છે. એ ઉપરાંત ઊભી તર, ચત્તી તર,



ઉપર: ડાબી બાજુ–બેવડી ગુલાંટ; જમણી બાજુ–મોલબર્ગ નામનો ધૂબકો, જેમાં એક ગુલાંટ લઈ શરીરને સીધું કરીને તીરની પેઠે પાણીમાં ઊતરવાનું હોય છે. નીચેનું ચિત્ર: ડાબી બાજુ–એક ગુલાંટ; જમણી બાજુ–દોઢ ગુલાંટનો ધૂબકો.



માનવીનાં સાહસ, હિંમત ને બહાદુરીને પડકાર દેતું બ્રાઝિલના મહાભયાનક જંગલ મૅટ્રો ગ્રોસોનું સ્થાન દર્શાવતો નકશો.

મૅટ્રો ગ્રૉસો

માનવીનાં સાહસ, હિંમત અને બહાદુરીને પડકાર દેતા જે અનેક અણખેડયા, અભેદ્ય અને ગૂઢ પ્રદેશો પૃથ્વીના પટ પર પડયા છે તે સૌમાં કદાચ સૌથી વધુ ગૂઢ, સૌથી ભયંકર, સૌથી કપરાં ને સૌથી અભેદ્ય એ મૅટ્રો ગ્રૉસોનાં ગીચ જંગલો છે. દક્ષિણ અમેરિકામાં બ્રાઝિલના મધ્યભાગે, એ નામનો ૫,૭૦,૧૩૮ ચોરસ માઈલના વિસ્તારનો ૩૦૦૦ ફૂટ ઊંચો એક ઉચ્ચ પ્રદેશ છે, અને તેના ઉત્તર ભાગે એ દેશના હૃદય સરખું એ ભયાનક જંગલ મૅટ્રો ગ્રૅાસો છેક સૃષ્ટિના આદિકાળથી પોતાનાં દ્વાર બીડીને પડેલું છે. એનો અર્થ થાય છે: મહાન જંગલ. અને તે ખરેખરું મહાન છે. કલ્પનામાં પણ ન આવે એટલી ઊંચાઈવાળાં વૃક્ષોની માઇલોના વિસ્તારવાળી જટાજૂથ અને અભેદ્ય ઝાડીઓ, તથા એકબીજાની લટો ગૂંથીને પડી હોય તેવી જોશભેર વહેતી ઊંડી ધૂઘવતી નદીઓની જાળ એ પ્રદેશ પર એવી તો અટવાઇને પડી છે કે વિજ્ઞાનની મદદવાળાં છેલ્લામાં છેલ્લી શોધનાં આધુનિક સંસ્કૃતિનાં બધાં સાધનો પણ ત્યાંથી ભોંઠાં બની પાછાં પડયાં છે. માનવીના મુખ સામે આજ અનંત યુગોથી બીડાઇને પડેલાં એ જંગલનાં દ્વાર ખોલવાને અનેક ઝિન્દાદિલ સફરખેડુઓ ને સાહસશૂરાઓની પરંપરા ત્યાં ઊતર્યા કરી છે, પણ આવીઆવીને અફળ ગઈ છે. કૈંક એ ભેદ ખોલતાં જાન ખોયા છે, કૈંક પાછા પડયા છે. એ સાહસ-સફરના ઇતિહાસનાં પાનાં, પૃથ્વીના માનવીનાં શૌર્ય, સહનશક્તિ, સંકલ્પબળ, ધીટતા અને અડગતાના ઊંચામાં ઊંચા ખમીરથી આલેખાતાં આવ્યાં છે; પણ અફસોસ! એ પ્રકરણોના અંત, હજી લગી તો, અફળ પ્રયત્નો અને વધેરાએલા બત્રીસાઓની કરુણ કહાણીથી જ આવ્યા છે. એવી જ એક કહાણી ઈ. સ. ૧૯૨૫માં એ જંગલને ભેદવા તથા તેમાં વસતી પ્રાચીન જાતિઓની શોધખોળ કરવા માટે નીકળેલા એક બ્રિટિશ અફસર અને વૈજ્ઞાનિક શોધક લેફટેનન્ટ કર્નલ પી. એચ. ફૅાસેટની છે. કર્નલ ફૅાસેટ, તેનો પુત્ર જૉન અને રૅલે ડિમેલ નામનો એક બીજો અંગ્રેજ યુવક, એ ત્રણ જણા આજથી ૭ (હવે ૩૨) વર્ષ પહેલાં બ્રાઝિલના પાટનગર રાયો દ જાનેરોથી નીકળ્યા. પણ તે પછી થોડા જ મહિના બાદ એ જંગલોમાં એમનું શું થયું તે હજુ સુધી કોઈ જાણી શક્યું નથી.

ઊંધી ખાટલી વગેરે બીજી ઘણી રીતો છે. પ્રથમ બધતાં આવડી ગયા પછી સૌ પહેલી ઊંધી તર આવડે; ને એ આવડયા પછી તો જુદાજુદા પ્રકારની તરો શીખવી એ રમત વાત છે.

ડૂબકી મારવાની અને પાણીમાં વધારે વખત સુધી ટકી રહેવાની કળા જિંદગી બચાવવામાં ઘણીજ અગત્યની છે. જોકે ડૂબકી ઝાઝી વાર મારી રાખવામાં જોખમ રહેલું છે. આ ઉપરાંત કુશળ તરનાર બીજી યે ઘણી ગમ્મતો ઉપજાવી શકે છે. જેવી કે તાગ લાવવાની, પદ્માસન વાળી નિશ્ચેતન પડયા રહેવાની, પાણીમાં ઝાલઝલામણી કે ડૂબકીદાવ રમવાની, ઊંચેથી વિધવિધ ધૂબકા મારવાની વગેરે.

ઊંડી ડૂબકી મારવા ઇચ્છનારે કાંઠેથી પોટલિયો કે કોશિયો ધૂબકો મારવો. પાંચછ ફૂટ અંદર ગયા પછી બંને હાથ માથા તરફ લંબાવવા ને તળિયા તરફ વળી આંચકો મારવો.


ધૂબકા મારવાની કલાને સ્વીડિશ લોકોએ બહુ વિવિધતાવાળી અને રસમય કરી છે.

નિપુણ તરનારો તરવાની કળામાં ખૂબીઓ આણી શકે છે અને અજબ રમતો કરી શકે છે: પાણીમાં ઊભા ચાલવું, પાણીની સપાટી પર ગુલાંટ ખાવી, એકીસાથે બે ગુલાંટો અદ્ધર હવામાં લઇને પછી પાણીમાં કૂદવું, ઊંધી તરમાં પગની બાજુએ રહીને તરવું, હાથ અને પગ બાંધીને તરવું, મૉન્ટીક્રિસ્ટો સૅક ફીટ, (એટલે તરનારને એક મોટા કોથળામાં પૂરી કોથળાનું મોઢું બાંધી તેને પાણીમાં ફેંકવામાં આવે અને તરનાર એ કોથળો ફાડી તેમાંથી બહાર નીકળે) વગેરે. પાણીમાં પોલો (ગેડીદડો) પણ રમાય છે. એ વૉટર-પોલો દાખલ થવાથી તરવાની કળા બહુ જ રસમય અને લોકપ્રિય થઈ છે.

પણ તરવાની ખરી જરૂરિયાત પોતાની અને પારકી જિંદગી અકસ્માત વખતે બચાવવા માટે જ છે. —'રસનિધિ'

થર્મૉમીટર

હવાની ગરમી કે ઠંડી થર્મૉમીટર વડે માપવામાં આવે છે. એ તો સૌ જાણે છે કે ગરમી પડવાને લીધે થર્મૉમીટરના નીચલા પેટામાંનો



પારો વિસ્તૃત થઇને નળીમાં ઊંચે ચડે છે, અને ઠંડીને લીધે સંકોચાઇને નીચે ઊતરે છે. હવે ગરમી કે ઠંડીનું ચોક્કસ માપ કાઢવા માટે પારાની એ નળી ઉપર બે એવાં અંતિમ બિન્દુ ઠરાવવામાં આવે છે કે જે સૌ કોઈ સમજી શકે. એક અતિશય ઠંડીનું કે જ્યારે પાણી ઠરીને બરફ થઈ જાય; અને બીજું અતિશય ગરમીનું, કે જ્યારે પાણી ઊકળી ઊઠે. પછી આ બે બિન્દુ વચ્ચેની જગ્યાને સરખા માપની ડિગ્રીઓમાં વહેંચી નાખીને ત્યાં તે મુજબ આંક મૂકી દેવામાં આવે છે. ઈંગ્લંડ અને અમેરિકામાં આ આંકને ફેહ્રનહાઈટ માપ કહે છે. તેમાં છેવટનું શીતબિન્દુ ૩૨ ડિગ્રીએ અને અતિશય ગરમીનું ૨૧૨ ડિગ્રીએ હોય છે અને વચ્ચેની જગ્યાને ૧૮૦ સરખા માપમાં વિભાજેલી હોય છે. ફ્રાન્સ અને બીજા યુરોપીય દેશોમાં આ માપને સેન્ટીગ્રેઈડ કહે છે અને તેમાં ડિગ્રીનાં માપ પણ સહેલાં હોય છે. શીતબિન્દુ ૦ શૂન્ય ડિગ્રી અને ઉષ્ણબિન્દુ ૧૦૦ ડિગ્રી. આ સાથે આપેલાં ચિત્રમાંના પહેલા થર્મોમીટરમાં આ બંને પ્રકારના આંક આપેલા છે.

કવચિત એવું બને છે કે રાત્રે અતિશય ઠંડી પડે અને દિવસે ગરમી લાગે. દિવસ દરમ્યાન પહોંચેલાં એ બે પરસ્પર વિરોધી હવામાનનાં માપ કાઢવા માટે જુદાંજુદાં થર્મોમીટરો લઇને બેસી ન રહેવાય. એટલે તેને માટે એવું ખાસ થર્મોમીટર જ બનાવ્યું છે, કે જેમાં આખા દિવસ દરમ્યાન હવામાન જે વધુમાં વધુ ગરમી અને ઠંડીનાં છેલ્લામાં છેલ્લાં બિંદુઓએ પહોંચ્યું હોય તે બંનેના માપ એકીસાથે બતાવે. બીજું ચિત્ર એવા થર્મોમીટરનું છે. તેમાં વચ્ચે દેખાતી મોટી પોલી નળી અને બાજુની નળીઓમાંનો પારા સિવાયનો સફેદ દેખાતો ભાગ આલ્કોહોલથી ભરેલો હોયછે, અને ડાબી બાજુની નળીને મથાળે દેખાતો પોટો તદ્દન ખાલી હોય છે. આલ્કોહોલમા પારાને બંને છેડે લોખંડના બે નાના ટુકડા કાંટા તરીકે રાખેલા હોય છે: એક ગરમી તરફના છેડે ને બીજો ઠંડી તરફના છેડે. ગરમી પડે એટલે પારો ઊંચો ચડવા માંડે એની સાથે તે તરફનો છેડો પેલા લોખંડના કાંટાને ઉપર ધકેલે, તે વધુમાં વધુ ગરમી પડે ત્યાં સુધી. પછી હવા ઠંડી પડતાં પારો તો ઊતરવા માંડે, પણ પેલો લોખંડનો કાંટો આલ્કોહોલને લીધે જ્યાં પહોંચ્યો હોય ત્યાં જ રહે અને એ રીતે ગરમીનું વધુમાં વધુ બિન્દુ બતાવે. બીજી બાજુ ઠંડીથી ઊતરતા જતા પારાને લીધે પારાના બીજી તરફના છેડાનો કાંટો ઊંચે ચડવા માંડે અને તે પણ ઉપરની માફક પારાની સાથે ઠંડીના ઊંચામાં ઊંચા બિન્દુએ પહોંચીને અટકે, અને ફરી પારો નીચે ઊતરવા છતાં ત્યાં રહીને એ બિન્દુ દર્શાવતો રહે. બીજે દિવસે હવામાનશાસ્ત્રી આવીને એ બંનેના આંક તપાસી નોંધ કરી લે અને પછી લોહચુંબક વડે એ બંને કાંટાને નીચે ઉતારી પારાના છેડાને અડકાડીને મૂકી દે.

પારાશીશી

અનેક યંત્રો, પદાર્થો અને પરિસ્થિતિનાં માપ કાઢવા માટે તેમનાં જોશ, વેગ, દબાણ, ગતિ અને સ્થિતિ દર્શાવનારાં સાધનો હોય છે. આ સાધનોને સામાન્ય રીતે મીટર એટલે 'માપક' અથવા ઇન્ડીકેટર એટલે 'દર્શક' એવું નામ આપવામાં આવે છે. તેમને માટે એક સામાન્ય શબ્દ પારાશીશી છે, કેમકે ઘણાંખરાં માપકોમાં પારાની સહાય લેવામાં આવે છે. અહીં આપણે એવી વૈજ્ઞાનિક નહિ પણ કેટલીક:અન્ય પારાશીશીઓ જોઇએ:

પોપટ ઘરના સંસ્કારની પારાશીશી
માખી-મચ્છર ઘરની ગંદકી-કૉલેરા-મૅલે.,,
જીભ માણસની હોજરીની ,,
આંખ આરોગ્યની ,,
દાંત પાચનની ,,
પુસ્તકાલય : રસ અને સંસ્કારની ,,
દવાખાનું રાષ્ટ્રીય આરોગ્યનેનીતિની ,,
બાગ સામાજિક રસિકતાની ,,
વર્તમાનપત્રસાહિત્ય પ્રજાકીય સંસ્કારની,,

શાળા અને જેલ, અખાડો અને દવાખાનું, દુગ્ધાલય અને પાંજરાપોળ, બાગ ને ઉકરડા, વાચનાલય ને ચોવટિયાનો ચોરો, આ યુગ્મો કેવાં પરસ્પર વિરોધી છે? એકનું બારણું ઊઘડતાં બીજાનું વસાય છે. બંને સાથે ન જ ઊઘડી કે વસાઈ શકે તેવી વિલક્ષણ એની યોજના છે. શાની પસંદગી કરવી એ પ્રજાની મુન્સફીની વાત છે. —ડાહ્યાલાલ હ. જાની

ધારેલો આંક કહેવો

પ્રથમ કોઇ એક માણસને તમે દસની અંદરનો ગમે તે આંક ધારવા કહો. પછી તે રકમને ત્રણ વડે ગુણવા કહો. ત્રણે ગુણતાં જો એકી રકમ આવતી હોય તો તેને તે રકમની અંદર એક ઉમેરવા કહો (રકમ બેકી આવતી હોય તો ઉમેરવાની જરૂર નથી)ને પછી તેને બે વડે ભાગવા કહો. ભાગતાં જે રકમ આવે તેને ત્રણ વડે ગુણાવો ને ત્રણ વડે ગુણતાં જો એકી રકમ આવે તો તેમાં ફરી એક ઉમેરવા કહો. તે પછી તેને બે વડે ભાગવા કહો. પછી જે ભાગાકાર આવે તેને નવ વડે ભાગવા કહો ને પછી તેને પૂછો કે નવે ભાગતાં ભાગાકાર કેટલો આવ્યો. શેષ વધે તેનું કાંઇ કામ નથી.

—નવી કહેવતો—

મરચાં ખાંડનારી તપખીર ન સૂંઘે!
સુભાષિત બોલ્યે મોઢું સાફ ન થાય.
માગ્યા વિના તો સાસુ જ પીરસે!
દત્તક દીકરાના તો સોગંદ સૌ ખાય.
પારકી મા કાન ભંભેરે.

—રતિલાલ 'અનિલ'—

જવાબની રીત:—ઉપરની રીત મુજબ જો તમારે રકમ એકી આવતી વખતે ૧ ઉમેરવો પડ્યો હોય તો તેનો ૧ ગણવાનો ને બીજી વખત રકમ એકી આવતાં ૧ ઉમેરવો પડ્યો હોય તો તેના ૨ ગણવાના. એટલે કુલ્લે બે વખત એકીરકમ આવતાં તેના ત્રણ યાદ રાખવાના. પછી નવે ભાગતાં જે ભાગાકાર આવે તેને ચારે ગુણી તેમાં એક વખત એકી રકમ આવી હોય તો એક, ને બે વખત એકી રકમ આવી હોય તો ત્રણ ઉમેરી જવાબ કહેવો.

સમજૂતી:—ધારો કે એક માણસે ૯ની રકમ ધારી. તેને ત્રણે ગુણતાં ૨૭ આવ્યા. ૨૭ એકી રકમ છે એટલે ૧ ઉમેર્યો: ૨૭+૧=૨૮ પછી બે વડે ભાગતાં ૧૪ આવ્યા. એ ૧૪ને ત્રણે ગુણતાં ૪૨ આવ્યા. હવે ૪૨ બેકી રકમ છે એટલે એક ઉમેરવાની જરૂર નથી. તેને બે વડે ભાગતાં ૨૧ આવ્યા અને એ ૨૧ને નવે ભાગતાં ભાગાકાર ૨ આવ્યો. એ ભાગાકારની રકમ બેને ચારે ગુણી તેમાં એક વખત એકીનો એક ઉમેર્યો, એટલે ૨×૪+૧=૯ એ ધારેલી રકમ. —રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ

પાનાંની રમત (અનુસંધાન પૃષ્ઠ ૪૪૨થી ચાલુ) બને કે બિલ્લુનામાં 6 (છક્કા)થી હલકું પાનું જ ન હોય. પરન્તુ જેમ તમે રમત ધ્યાનથી રમતા જશો, તેમ તમને ચોક્કસ સમજણ પડશે કે કયે વખતે કયું પાનું, પોતાની શી કથા કહી જાય છે! રમત ધ્યાનથી રમતાં દૂરી અને તીરી એ બંને વચ્ચેનો મોટો તફાવત પણ સમજશો.

હવે બીજી પણ એક અગત્યની વાત. ધારો કે આપણામાં કોઈ ભાતનાં બે જ પાન છે. તો પહેલી ઊતર વખતે તે બેમાંનું ભારે પત્તું નાખવું, અને તે જ ભાતની ઊતર વખતે હલકું પાનું નાખવું. આમ ભારે અને પછી હલકું પાનું જ્યારે ક્રમમાં રમાય ત્યારે ચોક્કસ સમજાય કે રમનાર પાસે બે જ પાન તે ભાતનાં હતાં.

સામાન્ય બુદ્ધિથી પણ એટલું સમજી લેવાનું કે જો આપણામાં K X, એમ બે જ પાન હોય તો Aની ઊતર વખતે, આપણામાં તે ભાતનાં બે જ હોવા છતાં પણ પહેલો K ન જ રમાય કેમકે તે ચોક્કસ હાથ છે. એટલે આમ, ભારે અને હલકા પાનનો નિયમ Kને લાગુ પડતો નથી. વળી રમનાર જો તદ્દન હલકાથી કોઈ બાજીનાં પાન નાખવા માંડે તો સમજવું કે તે ભાતનાં ત્રણ યા તેથી વધુ પાનાં, તેની પાસે છે. સમજો કે તમારી પાસે લાલની 4,3 છે, તો પહેલી ઊતર વખતે 4 રમવો; બીજી વાર લાલ રમાય ત્યારે 3 રમવી; એટલે નક્કી થયું કે તમારી પાસે લાલનાં ફક્ત બે જ પાનાં છે. પરન્તુ જો J 8,2 હોય તો પહેલી ઊતર વખતે 2 જ રમવી. આમ, રમત રમવાથી પત્તાંની સામાન્ય ગણતરી થઈ શકે છે.

અહીં એટલું જ જણાવવું બસ છે કે આ નિયમો, તમે જેમજેમ ચોકસાઇથી રમત રમતા જશો, તેમતેમ સારી રીતે સમજી શકશો અને તેના ફાયદા પણ જોઇ શકશો. આ નાનાંમોટાં પાનાં અમુક ક્રમમાં રમવાં, તેની આ સૂચનાઓ આપણા બિલ્લુના માર્ગદર્શન માટે જ છે (અલબત્ત સામાવાળાઓ પણ તેનો લાભ લઈ શકે છે), અને પત્તાં રમતી વખતે એકચિત્તે ધ્યાનથી રમવાની અગત્ય પણ એથી સમજાશે.

સર બાજી રમવાના સામાન્ય નિયમો પૂરા થયા. દરેક વખતે, તેમ જ રમવું એવું નથી. સામાવાળાઓને ભૂલમાં નાખવા કેટલીક વાર રમતનો ઢંગ બદલવો પડે છે, તે વખતે તેમાં ચૂકવું નહિ. હલકાં પાનાં આવે તો નિરાશ થઇ રમતનો રસ છોડવો નહિ. નીચેનો એક દાખલો જોવાથી તેનો ખયાલ આવશે.

	♠ 5,4,3,2 ♥ 6,5,4,3,2 ♦ — ♣ 5,4,3,2	
♠ A K Q J ♥ A K Q J ♦ A K Q J ♣ A	ઉ ઉત્તર પશ્ચિમ પ પૂર્વ પૂ દક્ષિણ દ	♠ 10,9, ♥ 10,9,8,7 ♦ 10,9,8,7 ♣ K,Q, J
	♠ 8,7,6 ♥ — ♦ 6,5,4,3,2 ♣ 10,9,8,7,6	

દક્ષિણનો ખેલાડી સર કાળીના પાડે છે. પણ સર પાડતી વખતે, પહેલાં ત્રણ પાનાં આવ્યાં તે આવ્યાં. પાનાં જોઇને લાચાર બની તિરસ્કારથી તે ♦ની 2 રમ્યો. બિલ્લુએ કાપ્યું. ચાલો, કોટમાંથી તો બચ્યા એમ દક્ષિણનો ખેલાડી વિચારી રહ્યો છે. ઉત્તરમાં બેસનાર તો પોતાનાં પાનાં જોઇને જ આભો બન્યો છે. છક્કાથી ઊંચું પાનું જ તેની પાસે નથી. ત્રણ દૂરીઓમાંથી એક ઓછી કરવાના ઇરાદે તે લાલની દૂરી રમ્યો. દક્ષિણે કાપ્યું. દક્ષિણનો ખેલાડી સ્વાભાવિકરીતે જ, પછી તો ચોકડી રમ્યો, કેમકે પોતાના બિલ્લુ ઉત્તર પાસે ચોકડી ન હોવાથી તે કાપીને હાથ મેળવશે તે એ સમજે છે. આમ ચોકડી ને લાલ સામાસામી. કાપવામાં જ ઉત્તર-દક્ષિણે પહેલા જ સાત હાથ કરી લીધા! અને ઊંચી જાતનો કોટ, સામાવાળાઓને પહેરાવી દીધો! પશ્ચિમના ખેલાડીની, પહેલી ઊતર હોત તો સર ખખડાવી નાખીને, સીધા તેરે તેર હાથ કરી નાખત, પરન્તુ બિચારાના બધા A, K વગેરાઈ ગયા! આ તેરે તેર હાથ જો એકજ પક્ષમાં થાય તો સામાવાળાને બાવનિયો આપ્યો કહેવાય. બાવનિયો આપવો એ ક્વચિત જ શક્ય છે.

આ જ સર બાજીને કેટલાક 'કાટે પત્તે સર' તરીકે પણ રમે છે. તેમાં ફેર એટલો જ છે કે પહેલેથી સર પાડવાના નહિ, પરંતુ સર વિના જ રમત શરૂ થાય, અને જ્યારે ઊતરાએલા પાનાની ભાત જે કોઈ રમનારમાં ના હોય ત્યારે તે રમનાર પોતાની મનગમતી જાતથી તે પાનું કાપે, અને જે ભાતથી તે કાપે, તે જ ભાત ત્યાર બાદના સર.

પહેલાં પાંચ પાનમાં સર પાડવા જેવાં પાન ન આવ્યાં હોય તો કેટલાક ૯મે કે ૧૧મે (એટલેકે પોતાનું ૯મું યા ૧૧મું પાનું છતું કરતાં જે ભાત જણાય તે) પત્તે જે ભાત નીકળે તે સર એમ કહે છે. આ ખોટું છે. પહેલાં પાંચ પાનાં જોઇને સર નક્કી કરવા જોઈએ.

આ એક જ લેખમાં રમતની સર્વ શક્યતાઓ બતાવવી મુશ્કેલ છે. અહીં તો માત્ર માર્ગદર્શક રેખા જ આપી શકાઈ છે. રમતની શરૂઆતમાં એક મિનિટ વિચાર કરી લેવો કે કેવી રમત રમવાથી ફાયદો થશે. બાજી પૂરી થયે, ઉગ્ર થયા સિવાય, રમતની ચર્ચા કરવાથી પણ દરેકને પોતાની ભૂલનો ખયાલ આવશે, ને રમતનું ધોરણ ચોક્કસ સુધરશે.

ઈન્ફ્લુએન્ઝા (અનુસંધાન પૃ. ૪૪૪થી ચાલુ) ભોગજોગે ય જો એના રોગીના સહેજ પણ સમાગમમાં આવ્યા કે રોગ વળગ્યો જ છે! કોઈક વખત ઇન્ફ્લુએન્ઝા વ્યાપક રૂપ પણ પકડે છે. જંગલમાં લાગેલો દવ જેમ ઝડપથી ફેલાય છે તેમ તે વ્યાપકપણે ફેલાય છે. આ બને છે ઇન્ફ્લુએન્ઝાનો રોગચાળો (epidemic). લગભગ દર ત્રીસ-ચાળીસ વર્ષે દુનિયાના મોટા ભાગમાં આ રોગ વીજળીવેગે ફરી વળી વિશ્વવ્યાપી (pardemic) બને છે. પહેલા વિશ્વયુદ્ધ પછી ૧૯૧૮-૧૯માં ઇન્ફ્લુએન્ઝાનો રોગચાળો ફાટી નીકળ્યો હતો. કહેવાય છે કે એ યુદ્ધનાં ચાર વર્ષોમાં જેટલાં માણસો મર્યાં નથી તેનાથી વધારે આ રોગમાં મરી ગએલાં! પણ એનો ખરો સપાટો તો આપણે ત્યાં હતો. દુનિયાભરનાં મરણ પામેલાં દોઢ કરોડ માનવીઓમાંથી હિંદ એકલામાં સિત્તેર લાખ મર્યાંની નોંધ છે! વળી એના ઉપરાઉપરી હુમલા થઈ આવે છે. ઉપર્યુક્ત રોગચાળા વખતે ત્રણ હુમલા થએલા. પહેલો જૂન ૧૯૧૮માં, બીજો સપ્ટેમ્બર ૧૯૧૮માં અને ત્રીજો ફેબ્રુઆરી ૧૯૧૯માં. પહેલા બે હુમલા મુંબાઈમાંથી શરૂ થઈ દેશભરમાં ફરી વળેલા. આ વર્ષે ૧૯૫૭માં શરૂ થએલો ઇન્ફ્લુએન્ઝાનો રોગચાળો સિંગાપોરથી શરૂ થઈ વહાણના માર્ગે તે એશિયાના બીજા દેશોમાં ફરી વળ્યો છે.

આ રોગ અંગેનું સંશોધનકાર્ય કરવા આપણા દેશમાં બે પ્રયોગશાળાઓ છે. એક તો મુંબાઇની હાફકીન ઇન્સ્ટિટ્યૂટ, ને બીજી દક્ષિણમાં કુનુર ખાતે. દુનિયાભરમાં આવી ચોપન પ્રયોગશાળાઓ છે. આ પ્રયોગશાળાઓ વિશ્વ-આરોગ્ય-સંસ્થાએ ૧૯૪૮માં સ્થાપેલી બે મધ્યસ્થ પ્રયોગશાળાઓ સાથે સંકળાએલી છે. એક લંડનના મિલહિલમાં આવેલી 'નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ફૉર મેડિકલ રિસર્ચ ખાતે 'વર્લ્ડ ઇન્ફ્લુએન્ઝા સેન્ટર' છે અને બીજું ન્યૂ યૉર્ક ખાતે છે. ત્યાં દુનિયાભરમાં થતા ફ્લુના સમાચાર અને વિષાણુઓના નમૂનાઓ મોકલવામાં આવે છે.

આ રોગના વિષાણુઓ હવામાં ઊડતા જ હોય છે અને એમને અનુકૂળ હવામાન મળે તે સ્થાનમાં રોગચાળો ફેલાવવા માંડે છે. હવા વાટે તે આપણા શરીરમાં પ્રવેશી ગળામાં અને છેક ફેફસાં સુધી વાસ કરે છે. વિષાણુઓના શરીરમાં ઉત્પન્ન થએલા ઝેરને લીધે આપણને તાવ, ઉધરસ, શરીરનો દુખાવો વગેરે ચિહ્નો થઇ આવે છે.

વિષાણુઓ શરીરમાં પ્રવેશે ત્યારે શરીરનાં સંરક્ષણ-બળો એનો સામનો કરે છે. પરિણામે પ્રતિકાર-શક્તિ પેદા થાય છે, જે વિષાણુઓ કે એમના ઝેરનો નાશ કરે છે. પણ જ્યારે આ સંરક્ષણ-શક્તિ અપૂરતી હોય કે વિષાણુઓ વધુ પ્રબળ હોય ત્યારે તેઓ વિજયી નીવડી આપણને રોગ થાય છે. રોગ થયા બાદ ઉત્પન્ન થએલી પ્રતિકાર-શક્તિ વડે એ જ રોગના બીજા હુમલા સામે આપણને રક્ષણ મળે છે. રોગચાળા વખતે રોગ થઈને (કે રોગ થયા વિના પણ) વિષાણુઓ શરીરમાં પ્રવેશવાથી માણસોમાં પ્રતિકારશક્તિ પેદા થાય છે. આ કારણથી જ કોઇ પણ ચેપી રોગનો રોગચાળો લાંબા કે ટૂંકા ગાળામાં કાબૂમાં આવે છે.

માણસોની વાતચીત, છીંક ને ઉધરસ વખતે થૂક, લીંટ કે ગળફાના બારીક ફુવારામાં રોગના વિષાણુઓ બહાર પડે છે. એના સીધા પ્રહારમાં આવનારા બધા એ ચેપના ભોગ બને છે. આ ઉપરાંત રોગીનાં થૂંક, ગળફા કે લીંટના બારીક કણોમાં રહેલા વિષાણુઓ ઠંડી ઋતુમાં કલાકો સુધી હવામાં તરતા રહે છે, અને જે કોઈ એના સમાગમમાં આવે તેને એનો ચેપ લાગે છે. થૂંક, લીંટ કે ગળફાથી બગડેલા હાથરૂમાલ કે આંગળાં વાટે પણ એમનો ફેલાવો થાય છે. સિનેમા, મેળાવડા ને સભાઓ તથા વાહન-વ્યવહારના સ્થળે જ્યાં જ્યાં લોકો એકઠા મળે ત્યાં ત્યાં આ રોગનો ફેલાવો સુગમ બને છે. રેલવે, મોટર અને એરોપ્લેન દ્વારા આ રોગનો ઝડપી અને વ્યાપક ફેલાવો થાય છે!

ઈન્ફ્લુએન્ઝા દરેક ઋતુમાં થઈ આવે છે, પણ ઠંડી ઋતુમાં ખાસ થઈ આવે છે. ઠંડક, ભીનાશ અને વધુકો વરસાદ ઇન્ફ્લુએન્ઝાના ફેલાવાને અનુકૂળ છે. આપણા દેશમાં ડિસેમ્બર–જાન્યુઆરી–ફેબ્રુઆરી તથા જુલાઈ–ઑગસ્ટ માસમાં આ રોગ વધારે પ્રચલિત હોય છે.

ઈન્ફ્લુએન્ઝા થવાનું કારણ વિષાણુ વર્ગના જીવાણુઓ (virus) છે. સ્વ. સર પૅટ્રિક લેઇડલૉએ ૧૯૩૩માં હૅમ્પસ્ટેડના 'નૅશનલ ઇન્સ્ટિટયૂટ ઑવ મેડિકલ રીસર્ચ'માં આ વિષાણુઓને જુદા પાડ્યા. તે એટલા તો સૂક્ષ્મ છે કે સાધારણ સૂક્ષ્મદર્શક યંત્ર નીચે તો તે દેખાતા જ નથી. માત્ર મૂળ કદ કરતાં સિત્તેર હજાર ગણું મોટું કદ બતાવનાર ઇલેક્ટ્રોન માઇક્રૉસ્કોપ નીચે તે દેખી શકાય છે. અત્યાર સુધીમાં 'એ' અને 'બી' જાતના ઈન્ફ્લુએન્ઝા-વિષાણુઓ શોધાયા છે. આના પણ ચાર થી છ ઉપ-પ્રકારો છે. વિષાણુઓ ૫૬ અંશ સેન્ટિગ્રેડ ગરમીમાં કે સામાન્ય જંતુઘ્ન દવાઓથી નાશ પામે છે.

ચિહ્નો

ઈન્ફ્લુએન્ઝાનું ટૂંકું રૂપ 'ફ્લુ' છે. રોગનાં લક્ષણો અને ચિહ્નો આ પ્રમાણે છે: શરૂઆતમાં ગળામાં દાહ ને શરદી થઇ આવે છે. પછી ટાઢ વાઇને તાવ આવે છે. સાથે સખત માથું દુખે છે. ૧૦૦ અંશથી ૧૦૪ અંશ ફેરનહાઈટ સુધીનો તાવ ત્રણ થી છ દિવસ પર્યંત આવે છે. શરૂઆતમાં નાક અને આંખમાંથી પાણી વહે છે. ઉધરસ અને શરીરનો દુખાવો થઈ આવે છે. ભૂખનાશ અને અશક્તિ સતાવે છે. ઉગ્ર રોગચાળા વખતે ફેફસાં, આંતરડાં ને મગજ ઉપરની વિષાણુઓની અસરને લીધે ન્યૂમોનિયા, મરડો ને મેનિનજાઇટિસના વ્યાધિઓ થઈ આવે છે. અત્યારે શોધાએલી સલ્ફા અને ઍન્ટિબાયોટિક દવાઓની પહેલાંના જમાનામાં તો એનાથી મોટી સંખ્યામાં માણસો મરતાં હતાં; પણ હવે આ રોગ—ને એના લીધે થતા બીજા રોગોને પણ પ્રાણઘાતક નીવડવા દેવાતા નથી. માત્ર તાવ મટ્યા પછી થોડા દિવસો સુધી ખોરાક માટે અરૂચિ અને અશક્તિ રહે છે. પંદરેક દિવસ બાદ સારું લાગે છે.

ફ્લુની અસર લાગે કે તાબડતોબ પથારીવશ બની આરામ કરવો ખાસ જરૂરી છે. આરામમાં પડી જનસમુદાયથી અળગા થવાથી બીજા લોકોને રોગીનો ચેપ લાગતો નથી. તદુપરાંત માંદગી વખતે ઘટેલી પ્રતિકારશક્તિના કારણે લાગુ પડતા બીજા ચેપી રોગોથી રક્ષણ પણ મળે છે. આરામ વખતે વિચારને ચગડોળે ચડાવે એવું વાચન કે લાગણી ઉશ્કેરી મૂકે એવી વાતો કરવાની મના છે. રોગીના ખંડનાં બારીબારણાં ચોવીસે કલાક ખુલ્લાં રાખવાં, જેથી ચોખ્ખી હવાની આવજાથી ચેપનો વ્યાપ હળવો થાય. ઘરના માત્ર એક જ માણસે રોગીની સેવામાં રહેવું; બીજાઓએ તો ચેપથી બચવા રોગીથી વેગળા જ રહેવું. જોકે તાવ પછી રોગીના શરીરમાંથી વિષાણુઓનો ફેલાવો થતો નથી. રોગીનાં કપડાં, રૂમાલ, પથારીની ચાદર ને ચારસા વગેરે ઊકળતા પાણીમાં બાફ્યા બાદ જ ધોવાં. ગોદડાં-શેતરંજી વગેરે રોજ તડકે નાખવાં, કારણ કે રોગવાળા ઘરમાં બેથી ત્રણ અઠવાડિયાં સુધી વિષાણુઓ ખોરાક તથા પાણી વિના જીવતા રહે છે. તાવ વખતે પુષ્કળ પાણી પીવાનું રાખવું. છૂટથી પાણી પીવાથી શરીરનાં ઝેરો બધાં બહાર ફેંકાઈ જવામાં સરળતા થાય છે. ભૂખ લાગે તો ખીચડી કે દૂધભાત જેવો હલકો ખોરાક લેવો; પણ ખરી રીતે તો તાવ દરમિયાન દૂધ, લીંબુનું પાણી કે પોપૈયું, મોસંબી જેવાં ફળ જ લેવાં હિતાવહ છે.

હવે ચેપ સામે રક્ષણ મેળવવા અંગે. પહેલી વાત એ, કે ફ્લુ થયો એવા માણસોથી અને જ્યાં પ્રચલિત હોય એવા સ્થળથી વેગળા જ રહેવું. ખાસ કરીને વૃદ્ધો અને બાળકોને તો રોગી અને રોગનાં સ્થાનોથી દૂર જ રાખવાં. રોગચાળાના સમયમાં મેળાવડા, સિનેમા, નાટકો, મંદિરો વગેરે સ્થળોએ જ્યાં લોકો ટોળાબંધ મળતાં હોય ત્યાં જવું નહિ. શરીરે પરસેવાથી ભીના થઈ જવાય એવી ભીડથી વેગળા રહેવું, કે એવું શ્રમભર્યું કામ ન ઉપાડવું. આરોગ્ય જળવાય એવી રીતે વર્તવું. આમાં સાદો ખોરાક, ચોખ્ખી હવા, હવાની અવરજવરવાળા ઓરડામાં વસવાટ અને સાદા વ્યાયામનો સમાવેશ થાય છે. સૂર્યનો પ્રકાશ તો ખાસ આશીર્વાદરૂપ છે. એ મહાન જંતુઘ્ન છે. ગોદડાં ને ચારસા રોજ તડકે નાખવાં જ. કપડાં ને હાથરૂમાલ રોજેરોજ ધોએલાં વાપરવાં. સવારસાંજ હૂંફાળા પાણીમાં મીઠું નાખી કોગળા કરવા. ગળામાં ને નાકમાં મેન્ડલ્સ પેઈન્ટ નામની દવા લગાવવી, અગર તો કૉલૉઈડ આયોડિન નામની દવા છાંટવી. ખાતાં અગાઉ હાથ, પગ ને મોં સાબુથી ધોવાં, ને દાંત પાણી વતી બરાબર સાફ કરવા.

મોં અને નાક રૂમાલથી ઢાંક્યા વગર ઉધરસ ખાવી કે છીંકવું એ ખરાબ રીતભાત છે. વળી સાજા માણસોના ગળામાં પણ ઈન્ફ્લુએન્ઝા કે શરદીના જીવાણુઓ વસતા હોવાની શક્યતા છે. જોકે રોગનાં કોઈ બાહ્ય લક્ષણો નથી હોતાં. માટે જ માણસમાત્રે છીંકતી કે ઉધરસ ખાતી વખતે નાક અને મોં આગળ રૂમાલ રાખવો એ શિષ્ટાચાર છે.

ઈન્ફ્લુએન્ઝા સામે રક્ષણ મેળવવા માટે 'ઈન્ફ્લુએન્ઝા વૅક્સીન' શોધાયું છે, જે લેવાથી અઠવાડિયા બાદ રોગમુક્તિ થાય છે. લગભગ એક માસ સુધી તે અસરકારક રહે છે; પછી ધીમે ધીમે ક્ષીણ થઈ વર્ષભરમાં નાબૂદ થાય છે. રોગચાળા વખતે જે પ્રકારના વિષાણુઓ હોય તેમાંથી બનાવેલી રસી રક્ષણાત્મક ગુણ આપનારી નીવડે છે.


ઈન્ફ્લુએન્ઝા માટે કોઈ ખાસ અસરકારક દવા નથી, પણ ઍસ્પિરીન કે તે સાથે ડોવર્સ પાઉડર ને કોડીન લેવાથી તાવ ને શરીરનો દુખાવો દૂર થાય છે. ઈન્ફ્લુએન્ઝામાં શ્વાસનળીના રોગનાં લક્ષણો હોવાથી પેનિસિલીન તથા સ્ટ્રેપ્ટોમાઈસીનનાં ઈન્જેક્શનો પણ ફાયદો કરે છે.





૧૮૫૭ના વિપ્લવની શતાબ્દી નિમિત્તે ભારતે ગઈ ૧૫મી ઑગસ્ટે (અને સ્વાતંત્ર્યના દશાબ્દી ઉત્સવદિને) બહાર પાડેલી બે ટિકિટો, જે હવે સૌના હાથમાં આવતી થઈ હશે તેનાં મોટાં રૂપ ઉપર આપ્યાં છે, અને એ જ દિવસે બહાર પડેલું, મુંબાઇ પોસ્ટઑફિસની રદ્દીકરણ-છાપવાળું એ બંને ટિકિટો સાથેનું પ્રથમદિન કવર પણ સાથે આપ્યું છે.

પહેલી ટિકિટ ૯૦ (નવા) પૈસાની કિંમત–યુરોપના એરમેઇલદર–ની છે, જેના પર ૧૮૫૭ અને ૧૯૫૭ એ બે સાલના વર્ષાંક સાથે એ બંને વર્ષનું પ્રતીકાત્મક આલેખન છે: ૧૮૫૭ના વિપ્લવના પ્રતીક રૂપ જ્વાળાથી વીંટળાએલી ભારતીય કમાનની વચ્ચે પ્રસ્થાપિત એક પ્રકાશમય ગોખમાં ભારતના શાંતિસંદેશના સૂચક બોધિવૃક્ષ(પીપળા)નાં પાંચ પાંદડાંવાળો છોડ છે, જે પંચશીલનું સ્મરણ કરાવતો ૧૯૫૭ના ભારતની ભાવનાઓનું પ્રતીક છે. નીચે બંને બાજુએ દર્શાવેલી કિંમતના ગાળા પણ પાંચ-પાંખડી કમલ (ભારતના રાષ્ટ્રપુષ્પ)થી અંકિત છે. બંગાળી કલાકાર અતુલ વસુની એ કૃતિ છે.



મથાળે: ૧૮૫૭ની શતાબ્દી ટિકિટો સાથેનું ભારતનું ફર્સ્ટ-ડે કવર (ભરત દેસાઈ)
નીચે: સ્વાતંત્ર્યની દશાબ્દી ટિકિટ સાથેનું પાકિસ્તાનનું ફર્સ્ટ-ડે કવર (નુરુદ્દીન લુલ્ક)

૧૫ નયા પૈસાની કિંમતની બીજી ટિકિટ પર, સત્તાવનના સંગ્રામના પ્રતીક રૂપ બનીને ભારતીયોના હૃદય-હૃદયમાં ઘર કરી રહેલી વીરમૂર્તિ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનું ચિત્ર છે, જે, કાશીના ભારતકલાભવનના સંગ્રહમાંના તે સમયના ચિત્ર પરથી તૈયાર થયું છે.

પ્રથમ-દિન કવર પર સ્વાતંત્ર્યસંગ્રામના પ્રતીક રૂપ મનાએલા રક્ત કમળનું ચિત્ર છે ને રદ્દીકરણની છાપમાં શબ્દો છે: 'પ્રથમ ભારતીય સ્વતંત્રતા સંગ્રામ શતાબ્દી–૧૮૫૭ : ૧૯૫૭, ૧૫મી ઑગસ્ટ'. એ જ કવરની નીચે ગઈ ૧૪મી ઑગસ્ટના સ્વાતંત્ર્ય–દશાબ્દી દિને પાકિસ્તાને બહાર પાડેલા પ્રથમ-દિનકવરનું ચિત્ર છે, તે પર એ પ્રસંગે બહાર પડેલી નવી ટિકિટ પણ છે, જેમાં એક ગુલાબમાંથી દસ ગુલાબ રૂપે ખીલેલા (દશાબ્દી) પ્રતીક છોડની આજુબાજુ, પાકિસ્તાને દસ વર્ષમાં સાધેલી ઔદ્યોગિક પ્રગતિનાં સૂચક કારખાનાંઓનાં ચિત્રો છે.

આવતા ઑક્ટોબરમાં, ૧૯મી આંતરરાષ્ટ્રીય રેડ ક્રૉસ પરિષદને પ્રસંગે ભારત એક નવી ટિકિટ બહાર પાડનાર છે. વળી મુંબાઈ, કલકત્તા અને મદ્રાસની વિદ્યાપીઠોની શતાબ્દી ચાલુ વર્ષે ઊજવાઈ એની યાદમાં પણ ત્રણ ખાસ ટિકિટ બહાર પાડવાનું વિચારાયું છે.

આવતી ૨૪મી ઑક્ટોબરે સંયુક્ત રાષ્ટ્રદિન નિમિત્તે પાકિસ્તાની ચિત્રકાર રશીદુદ્દીને આલેખેલી ખાસ ટપાલ ટિકિટો બહાર પડશે, જેમાં સંયુક્ત રાષ્ટ્રોનું મુદ્રાચિહ્ન પૃથ્વીના ગોળા પર પ્રકાશ ફેંકતું આલેખવામાં આવ્યું છે.

સાહિત્યસંપર્ક

સાહિત્યનો અભ્યાસ

સાહિત્યનો અભ્યાસ યુવાનીનું પોષણ કરે છે, વૃદ્ધાવસ્થાને મનોરંજન આપે છે, સમૃદ્ધિને શોભા આપે છે. તે ઘરમાં આનંદકારી અને બહાર ગૌરવપ્રદ છે. —સિસેરો

ન્હાનાલાલ કવિની જીવનદૃષ્ટિ

આપણા અગ્રણી અને વિદ્વાન વિવેચકોમાં-ના એક શ્રી વિજયરાય વૈદ્યે 'મહાકવિ ન્હાનાલાલ સ્મારકદિન' નિમિત્તે તૈયાર કરેલું ઈ. ૧૯૫૯નું સ્મારક-વ્યાખ્યાન, સ્મારક-સમિતિ તરફથી પ્રસ્તુત પુસ્તક રૂપે બહાર પાડવામાં આવ્યું છે. પુસ્તકમાં કવિશ્રીની ધર્મ, સાહિત્ય, સમાજ, રાજકારણ, શિક્ષણ આદિ વિષેની જીવનદૃષ્ટિ માત્ર ભાવાત્મક સ્વરૂપે જ નહિ પરંતુ જીવનના પ્રસંગો-તવારીખો સાથે સાંકળીને નિરૂપી છે, જેથી કવિશ્રીના જીવનમાં પણ વાચકને ડોકિયું કરવાની તક મળે છે. કવિશ્રીના અનન્ય વ્યક્તિપ્રભાવની અને તેમની ભાવનાપરાયણ જીવનદૃષ્ટિની અહીં નિરૂપાએલી વાતો પરથી આપણને પ્રતીતિ થઇ રહે છે કે તેઓ 'મહાકવિ' ઉપરાંત ગુજરાતના 'મહાન સંસ્કારગુરુ' પણ હતા. વિધવિધ સર્જકોએ લખેલાં કવિશ્રીના વ્યક્તિપ્રભાવનાં સંસ્મરણો પુસ્તકને અંતે પરિશિષ્ટ રૂપે આપવામાં આવ્યાં છે. પ્રાપ્તિસ્થાનઃ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ; કિંમતઃ રૂા.૨-૦૦

ગુજરાતી ભાષા અને સાહિત્ય

સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના ઊંડા અભ્યાસી અને ગુજરાતી વ્યુત્પત્તિશાસ્ત્રમાં પ્રમાણરૂપ મનાતા આપણા પ્રથમ અને પ્રખર ભાષાશાસ્ત્રી સાક્ષર શ્રી નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાની કીર્તિદા બનેલા અંગ્રેજી ગ્રંથ 'ગુજરાતી લૅંગ્વેજ ઍન્ડ ઇટ્સ લિટરેચર' ઉપરથી જાણીતા ભાષાશાસ્ત્રી શ્રી કેશવરામ કા. શાસ્ત્રીએ ગુજરાતીમાં કરેલો આ સંક્ષેપ તે ગુજરાતી ભાષા-સાહિત્યક્ષેત્રના પ્રત્યેક અભ્યાસી માટે ઉપયોગી ને અગત્યની હાથપોથી સમો છે. તા. ૩-૧૨-૧૯૧૫ થી ૧૧-૨-૧૯૧૬ સુધી મૂળ લેખકે આપેલાં 'વિલ્સન ફાઇલૉલૉજિકલ લેક્ચર્સ'ના મૂળ અંગ્રેજી ગ્રંથના ૧લા ભાગના શ્રી રામપ્રસાદ પ્રે. બક્ષીએ કરેલા અનુવાદનો સંક્ષેપ તથા ૨જા ભાગ પરથી સ્વતંત્ર ગુજરાતી સંક્ષેપ આ પુસ્તકમાં શ્રી કે. કા. શાસ્ત્રીએ કર્યો છે. સંશોધન અને જ્ઞાનના નવા પ્રકાશમાં પોતાને જરૂરી લાગેલી નોંધો સંક્ષેપકારે કૌંસમાં આપી છે. પ્રકાશક : શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબાઇ-૪; કિંમત : રૂા. ૪-૦-૦.

આકાશવાણી : કાવ્યસંગમ

નવી દિલ્હીમાં ઑલ ઇન્ડિયા રેડિયો પર ૧૯૫૯ની ૨૫મી જાન્યુઆરીએ યોજાએલી અખિલ-ભારતીય કવિ-સભામાં ભારતની પ્રમુખ ચૌદ ભાષાઓ(સંસ્કૃત, આસામી, ઉડિયા, ઉર્દૂ, કન્નડ, કાશ્મીરી, ગુજરાતી, તમિળ, તેલુગુ, પંજાબી, બંગાળી, મરાઠી, મળયાળમ અને હિંદી)ની પ્રતિનિધિ કાવ્યરચનાઓ (ઉડિયાના હાજર નહિ રહી શકેલા કવિ સિવાય) કવિઓએ જાતે મૂળ ભાષામાં રજૂ કરી હતી, જે પૈકી સંસ્કૃત, ઉર્દૂ, અને હિંદી કવિતાઓ સિવાયની કૃતિઓનો હિંદીમાં કરેલો પદ્યાનુવાદ પણ સાથે પ્રસારિત કરવામાં આવેલો. ભારતની ચૌદે ભાષાઓના કવિઓ એકી પંગતેથી પોતાની વાનીનો ભારતભરને આસ્વાદ કરાવે એવો કદાચ આ સૌ પહેલો પ્રસંગ હતો. તે મૂળ કવિતાઓ, તેનો પદ્યાનુવાદ તથા સંસ્કૃત કવિતાઓનો ગદ્યાનુવાદ, સભાપ્રમુખ પંડિત નેહરુના મંગલ ભાષણ તેમજ કવિઓની તસ્વીરો સાથે, દેવનાગરી લિપિમાં પ્રસ્તુત પ્રકાશનમાં પ્રકટ કરવામાં આવ્યાં છે. ભારતની ભાષાઓને નજીક લાવી આંતર ભારતીનું વાતાવરણ સર્જવામાં આવાં પ્રકાશનો મોટો ભાગ ભજવે છે. અહીં નિરૂપાએલા આદર્શ ભાવોને સૂચકતાએ મૂલવતાં જણાય છે કે ગુજરાતી કવિતા અન્ય ભાષાઓ વચ્ચે બંગાળી કવિતાસદૃશ વધુ 'સાહિત્યિક' છે.

પ્રાપ્તિસ્થાનઃ 'આકાશવાણી', પબ્લિકેશન્સ ડિવિઝન, ઓલ્ડ સેક્રેટેરિયેટ, દિલ્હી-૮. રૂા. ૧

આકાશવાણી-પ્રસારિકા: મધ્યસ્થ 'આકાશવાણી' તરફથી નીકળતાં અંગ્રેજી અને હિંદી ભાષાનાં જાણીતાં ત્રૈમાસિકોની જ ઢબ ઉપર, મુંબાઇ, અમદાવાદ-વડોદરા ને રાજકોટનાં આકાશવાણી કેન્દ્રો પરથી ગુજરાતીમાં પ્રસારિત કરવામાં આવતી વૈવિધ્યભરી મૂલ્યવાન સામગ્રીઓને પણ લેખકપરિચય (અને શક્ય ત્યાં ફોટોગ્રાફો, આલેખનો વગેરે સાથે) ગુજરાતી ભાષામાં સુંદર રૂપમાં પ્રકટ કરતું આ નવું પત્ર આવકારપાત્ર છે. ગુણ અને વૈવિધ્ય બંને દૃષ્ટિએ ઉપયોગી સામગ્રી એમાં સંઘરાએલી છે. પ્રકાશન વિભાગ, માહિતી અને પ્રસાર ખાતું, ભારત સરકાર, ૦-૮-૦.

જીવનરંગ

'કુમાર'ના આરંભકાળના 'પંચ' પૈકીના એક અને જાણીતા નવલિકાકાર શ્રી ગૌરીશંકર ગો. જોષી('ધૂમકેતુ')ની 'જીવનપંથ' પછીની આ આપકથામાં મુખ્યત્વે તેમની યુવાવયની સર્જક કલાની ભૂમિકા તથા તેમની સાહિત્ય-કારકિર્દીનાં સોપાન નિરૂપાયાં છે. ઉપરાંત, આજથી ત્રીસ-ચાલીસ વર્ષ પૂર્વેના ગુજરાતી સાહિત્યનું આંશિક પણ સંક્રાંતિની દૃષ્ટિએ મહત્ત્વનું દર્શન તે દ્વારા સાંપડે છે. લેખકની તે સમયની બે તસ્વીરો અને તેમના પિતાનો એક પત્ર (મૂળ હસ્તાક્ષરમાં) એમ ત્રણ ચિત્રો તથા પરિશિષ્ટમાં સાહિત્યસર્જન વિષયક બે નિબંધો છે. પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, અમદાવાદ. કિંમત ૪-૮-૦.

રંગભૂમિનાં કળાકારો: ગુજરાતની રંગભૂમિ વિષે કેટલાને વિગતે માહિતી હશે? આપણા એ સાહિત્ય-સંસ્કાર-ક્ષેત્રનાં કુલ ૨૭ કળાકારોનો, વિશેષતઃ નાટ્ય કારકિર્દી વિષયક, રસલક્ષી ને ગુણદર્શી પરિચય કરાવતું આ પ્રકારનું (ગુજરાતી સાહિત્યમાં કદાચ પહેલું) પ્રકાશન આવકારપાત્ર છે, જેમાં પ્રત્યેક કળાકારના પરિચય સાથે તેનો ફોટોગ્રાફ મૂકવામાં આવ્યો છે. લેખક-પ્રકાશકઃ શ્રી પદ્મકુમાર કેશવલાલ જોષી, ૧૯ ખટાઉ બિલ્ડિંગ, ગિરગામ, મુંબાઈ-૪; કિંમત: ૨-૦-૦.

નવજીવન પ્રકાશન મંદિરનાં

વિવેક અને સાધના: આધુનિક યુગ-પરિવર્તને જ્યાં જીવનનાં મૂલ્યો જ પલટાવી દીધાં છે, ત્યાં જીવનનો વિવેકપૂત, સમુન્નત, સર્વસ્પર્શી સાધનામાર્ગ દાખવતું, પૂ. કેદારનાથના મૂળ મરાઠી પરથી સ્વ. કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા અને શ્રી રમણીકલાલ મગનલાલ મોદીએ સંપાદિત કરેલું આ પુસ્તક જીવનના હરકોઈ સાધકની ભોમિયાપોથી જેવું છે; એટલું જ નહિ પરંતુ એ માર્ગે આવતાં સંશયો, પ્રલોભનો, વાવંટોળ આદિમાં અડોલ રહેવાનું તથા સારાસારનું વિશદપણે બુદ્ધિગ્રાહ્ય નિદર્શન કરનાર પ્રકૃષ્ટ વિવેકશાસ્ત્ર સમું છે. ઉન્નત જીવનના આચાર્ય સમા પૂ. કેદારનાથજીના આત્મપરિચય સાથે. કિંમત: ૩૦૦. **હિમાલયનો પ્રવાસ:** નિસર્ગની વિવિધરંગી લીલા અને લોકદર્શનનું કાવ્યમય બયાન આપવા સાથે ધર્મના રહસ્યને સમજવા માટેની એક નવી જ ભૂમિકા રચી આપતું, ભારતવર્ષનાં ધર્મ, કલા, સમાજ, સંસ્કૃતિ, શિક્ષણ-એમ અનેક અંગોને વિશિષ્ટ દૃષ્ટિકોણોથી સ્પર્શતું કાકાસાહેબ કાલેલકરનું અનેક આવૃત્તિઓ પામેલું પ્રસિદ્ધ યાત્રાવર્ણન, ૧-૮-૦. **બાપુને પગલે પગલે:** રાષ્ટ્રપિતા ગાંધીજી-

એ પોતાની માતૃભૂમિની ઉન્નતિ કાજે માત્ર રાજકીયક્ષેત્રે જ નહિ, પણ ધાર્મિક, સામાજિક, આર્થિક, શૈક્ષણિક એમ જીવનનાં સર્વ ક્ષેત્રોમાં કરેલી શાંતિમય ક્રાંતિની પણ કથા આલેખતાં, રાષ્ટ્રપતિ બાબુ રાજેન્દ્રપ્રસાદે લખેલાં ગાંધીજીનાં સંસ્મરણો, અનુવાદક: શ્રી કનુભાઇ વોરા, ૨-૮-૦; **ગાંધીજીના પાવન પ્રસંગો–૨:** ગાંધીજીના જીવનનાં વિધવિધ પાસાંઓનાં યથાર્થ ને સચોટ દર્શન કરાવતા પ્રસંગો, લેખક: શ્રી લલ્લુભાઈ મકનજી, ૦ ६-०; **કૌશિકાખ્યાન** શ્રી જુગતરામ દવેએ કાવ્યરૂપે કરેલા જાણીતા કથાલેખનની નવી આવૃત્તિ, ૦-૭-૦.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયનાં

મહાભારતમંજરી: મહાભારતની સળંગ વાર્તામાં પ્રાચીન ભારતની રાજનીતિ, ધર્મ અને સમાજનું વિશદ, વિગતભર્યું તથા પ્રમાણભૂત દર્શન વણી લેતા, શ્રી બંકિમચન્દ્ર લાહિડીના બંગાળી ગ્રંથ પરથી સ્વ. સ્વામી દેવાનંદ અને શ્રી નાજુકલાલ નંદલાલ ચોકસીએ કરેલો અનુવાદ, ૪-૦-૦; **નીતિશિક્ષણ:** સંસ્કૃત સાહિત્ય અને ધર્મગ્રંથોમાંથી, નીતિને આદર્શ વ્યવહારમાં ઉપદેશતી વાર્તાઓ ચૂંટીને તેમનું, વાચકમાં નીતિ-આગ્રહ ઉપરાંત નિર્ણયશક્તિ, વ્યાવહારિક દક્ષતા અને દષ્ટિવિકાસ ખીલવે તે રીતે સ્વ. શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવે કરેલું આલેખન, ૧-૫૦; **સંતોષસુતરુ:** મનુષ્યને ઉદ્વેગમુક્ત કરીને તેને યથાર્થ દિશાદર્શન કરાવનાર કલ્પવૃક્ષ સમા 'સંતોષ' વિષેના સ્વ. શ્રી રણછોડભાઈ ઉદયરામના દોહાઓ (ભાવાર્થ સાથે), ૦ ૨૫; **મુક્તધારા:** મુક્તિનો મહિમા વર્ણવતા કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના બંગાળી નાટકનો શ્રી કરસનદાસ માણેકે કરેલો અનુવાદ, ૧-૦૦. **ગુજરાતના ભક્તો:** ૧૨ ગુજરાતી ભક્તોનાં ચરિત્રો, લેખક: શ્રી માણેકશંકર શંકરલાલ રાણા, ૦-૭૫.

વોરા ઍન્ડ કંપની (પ્રા૦) લિ.નાં

સોનાપરી અને બીજાં ત્રણ બાળનાટકો: કવિ શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીને ગુજરાત રસપ્રદ બાળસાહિત્યલેખક તરીકે પણ ઓળખે છે. આ પુસ્તકમાં તેમનાં ચાર બાળનાટકો 'પીળાં પલાશ', 'બાળા રાજા', 'સોનાપરી' અને 'મારે થવું છે' ગ્રંથસ્થ કરવામાં આવ્યાં છે. શ્રી ગિજુભાઈ બધેકાએ 'સત્કાર'માં લખેલું: 'આ નાટકોથી બાળનાટક-સાહિત્યની ભૂમિકાનું સુરૂપ ને સ્પષ્ટ મંડાણ થશે. બાલસ્વભાવ જે વૈવિધ્ય સાથે એકતાનતા માગે છે તે આ નાટકો આપશે.' કિંમત: ૧-૫૦. **સેવામૂર્તિ ઠક્કરબાપા:** નાનાંમોટાં સૌ-કોઈ સમજી શકે એવી સરળ શૈલીમાં અને મોટે અક્ષરે છપાએલું ઠક્કરબાપાનું જીવનચરિત્ર, મૂળ મરાઠી કૃતિના લેખક: શ્રી અમરેન્દ્ર ગાડગીળ, અનુવાદક: કનુભાઈ વોરા, ૦–૫૦; **માનવમિત્રો:** એ જ ઢબનાં, મનુષ્ય બીજાને કઇ કઇ રીતે મદદરૂપ થઈ શકે તેનો ખયાલ આપતાં ત્રણ વાર્તા-વર્ણનો, લેખિકા: શ્રી કપિલા ઠાકોર, ૦–૬૩.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનાં


રુદ્રશરણ: શ્રી ધૂમકેતુની 'મલ્લિકા' નામથી પ્રકટ થએલી અપૂર્ણ નવલકથા સંપૂર્ણ રૂપે, ૩–૫૦; **સાક્ષર કથાઓ:** એ જ લેખકે સામાન્ય માણસ પણ સમજી શકે એવી શૈલીમાં લખેલી ગુજરાતના સાહિત્યકારોની જીવનરેખાઓનો બીજો ભાગ, ૧-૦; **અંગારભસ્મ:** શ્રી શિવકુમાર જોષીનું, 'સુમંગલા' અને 'અંધારાં ઉલેચો' પછીનું પુસ્તકાકારે પ્રકટ થતું સળંગ નાટક, ૧–૫૦; **વનવગડાનાં પંખી-૧:** નાનાંમોટાં સૌને સરળ ભાષામાં પક્ષી-પરિચય કરાવતું શ્રી મનુભાઇ જોધાણીનું 'આંગણાનાં પંખી (૧-૨)' અને 'પાદરનાં પંખી (૧-૨)' પછીનું આવકારપાત્ર પુસ્તક, ૧–૦.

અન્ય પ્રકાશકોનાં પુસ્તકો

ઉજ્જવળ માતૃત્વ: ગર્ભાવસ્થા, તેનું વિજ્ઞાન, તે સમયની મુશ્કેલીઓ ને મૂંઝવણો, તે દરમ્યાનનાં ખોરાક, ચર્યા વગેરે, તથા બાળજન્મ પર વૈજ્ઞાનિક પદ્ધતિએ સરળ ને ઉપયોગી માર્ગદર્શન કરાવતા ડૉ. મેરી સ્ટોપ્સના 'રૅડીઅન્ટ મધરહૂડ' પુસ્તકનો શ્રી શાંતિ ડગલીએ કરેલો અનુવાદ, પ્રકાશક: ચેતના પ્રકાશનગૃહ, નવા ડીસા (બનાસકાંઠા), ૪–૦–૦; **Basic Hindi Vocabulary:** અહિંદીભાષી પ્રદેશમાં હિંદીના પ્રચારમાં ભારત સરકારને સૂચના આપવા અર્થે યોજાએલી હિંદી શિક્ષા સમિતિ માટે સર્વશ્રી મૈથિલીશરણ ગુપ્ત, એમ. સત્યનારાયણ ને ક્ષેમેશલાલ સિંહની બનેલી ઉપસમિતિએ તૈયાર કરેલો ૨૦૦૦ હિંદી શબ્દોનો, પ્રચલિત હિંદી શબ્દોનું સરાસરી જ્ઞાન મેળવવા માટે ઉપયોગી સંગ્રહ, પ્રકાશક: ભારત સરકારનું કેળવણી ખાતું, કિંમત છાપી નથી. **ગાંધીજીની દક્ષિણ આફ્રિકાની લડત–ભાગ ૧લો:** ગાંધીજીની એ પ્રથમ સત્યાગ્રહ-લડતનો તા. ૪–૮–૧૯૦૬થી તા. ૩૦–૧–૧૯૦૮ સુધીનો શ્રી ચંદુભાઈ ભગુભાઈ દલાલે કરાવેલો અભ્યાસનિષ્ઠ અને માહિતીસમૃદ્ધ પરિચય, પ્રાપ્તિસ્થાન: ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ૦-૧૨-૦; **રૂપ-અરૂપ:** આધુનિક નવલિકા-સાહિત્યમાં નવી જ ભાત પાડનાર શ્રી ચુનીલાલ મડિયાની કસબી કલમે લખાએલી કુલ ૧૭ વાર્તાઓ, પ્રકાશક: સ્વાણી પ્રકાશન ગૃહ, રીલીફ રોડ, અમદાવાદ, ૩-૮-૦;

આગ અને અજવાળાં: જાણીતા યુવાન કવિ શ્રી બરકત વીરાણીની ૧૫ નવલિકાઓ: શ્રી જિતુભાઇ પ્ર. મહેતાની પ્રસ્તાવના સાથે; પ્રકાશક: પ્રશાન્ત ગ્રંથપ્રકાશન, ૧૦-૧૨ બેક હાઉસ લેન, કોટ, મુંબાઇ-૧, ૪-૭૫; **દીવો લઈને:** શ્રી બળદેવ પ્ર. મોલિયાનું, 'અક્ષયપાત્ર' અને 'કાંટાનાં ફૂલ' એ બે ત્રિઅંકી પછીનું ત્રીજું ત્રિઅંકી નાટક, શ્રી ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની પ્રસ્તાવના સાથે, પ્રકાશક: શ્રી બળદેવ પ્ર. મોલિયા, વાડીફળિયા, સિદ્ધમાતાની શેરી, સૂરત, ૧-૫૦; **ભક્તકવિ શ્રી પૂજાલાલ સન્માન અંક:** પૉંડિચેરીના અરવિંદ આશ્રમમાં આધ્યાત્મિક સાધના કરી રહેલા ભક્તકવિ શ્રી પૂજાલાલને તેમને ૫૬મે જન્મદિને સન્માનવા તેમની જ્ઞાતિના એક પત્ર 'પ્રજાપતિ પત્રિકા'એ બહાર પાડેલો કવિશ્રીનાં જીવન-કવન વિષયક શક્ય એટલી વધુ માહિતીઓનો સમાવેશ કરતો દળદાર સન્માન-અંક, સંપાદકો: સર્વશ્રી પિનાકિન્ ને 'પુરંદર'; પ્રકાશક: શ્રી ચરોતર પ્રજાપતિ સભા, મધ્યસ્થ કાર્યાલય, નડિયાદ, ૨–૦૦; **સાંઘિક રમતોના નિયમો** (ગુચ્છ ૪થો) રમતોમાં એક ધોરણ લાવવા 'ગજગ્રાહ', 'આમલી પીપળી', 'ગેડીદડો', ધ્વજયુદ્ધ' અને 'ટેકરીયુદ્ધ'–આટલી રમતોમાં નક્કી કરાએલા વિગતવાર નિયમો; પ્રકાશક: ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપળા, ૦–૩૭.

પ્રેરણા: કાવ્યો અને ગીતોનો સંગ્રહ, શ્રી ડોલરરાય માંકડના આમુખ સાથે, લેખક ને પ્રકાશક: શ્રી પ્રભુદાસ કાલિદાસ વ્યાસ, શુકસદન, ગેસ્ટ હાઉસ પાછળ, જામનગર (સૌરાષ્ટ્ર), ૨-૦-૦; **शुद्ध हिंदी लिखो:** હિંદી લેખન-સુધાર માટેનું ઉપયોગી પુસ્તક, લેખકો અને પ્રકાશકો: સર્વશ્રી રવીન્દ્રકુમાર ચં. ભટ્ટ અને ભાઈલાલ એમ. છાટબાર, મહુવા (સૌરાષ્ટ્ર), ૦–૧૦–૦; **ઉગા મહેતાજી** તથા **ચાંગ અને ચતુરા:** ચિત્રો ચીનમાં છપાએલી બાળકોને ખાસ રસ પડે એવી બે ચિત્રવાર્તા-પુસ્તિકાઓ—ચિત્રકારો: અનુક્રમે લીફ ચી-યુ અને ચેન યુઆન-તુ; બંનેના અનુવાદક શ્રી મહેન્દ્ર મેઘાણી, પ્રાપ્તિસ્થાન: સંસ્કાર સાહિત્ય મંદિર, પૉ. બૉ. નં. ૩૪, ગાંધી રસ્તો, ભાવનગર (સૌરાષ્ટ્ર), ૦-૧૨-૦, અને ૧-૦ ૦; **યોગેશ્વર શ્રીકૃષ્ણ લીલામૃત:** શ્રીકૃષ્ણની બાળલીલાના શ્રી મણિશંકર હ. દવેએ સળંગ હરિગીત છંદમાં આલેખેલા પ્રસંગો, પ્રકાશક: રચયિતા પોતે, ગીતાપ્રચાર કાર્યાલય, નાઇરોબી (બ્રિ. ઈ. આફ્રિકા).



ફૂવાના રેંટની જેમ   રેંટ આ જન્મમૃત્યુનો,
ભરાયે ઠલવાયે ને   વળી પાછો ભરાય તે;
ને રૂહેતી વિશ્વની વાડી   લીલી માનવ ફાલથી,
સૃષ્ટિમાં ઘટમાળા આ   ચાલે છે આદિકાળથી.
(નીલધરા)   —રજનીકાન્ત ભટ્ટ

સિંગાપોરનો સ્થાપક: દીર્ઘદર્શી પુરુષાર્થમૂર્તિ સર સ્ટૅમ્ફર્ડ રૅફલ્સ

ગઈ ૩૧મી ઑગસ્ટે મલાયા સ્વતંત્ર થયું, એને પરિણામે અગ્નિ એશિયામાંનો બ્રિટિશ તાબા તળેનો મોટો ભાગ જ્યારે સ્વાતંત્ર્યના શ્વાસોચ્છ્વાસ માણી રહ્યાં છે, ત્યારે સહેજે પ્રશ્ન થાય કે, ત્યાંના એ બ્રિટિશ શાસનને સ્થિર કરનાર કોણ હશે?

હિંદ-પૂર્વના પ્રદેશોમાં બ્રિટિશ શાસન પ્રસ્થાપવાનો પ્રમુખ હિસ્સો, એ પ્રદેશોમાંનાં બ્રિટિશ હિતોના કેન્દ્ર સમા સિંગાપોર સંસ્થાનના સ્થાપક, સર સ્ટૅમ્ફર્ડ રૅફલ્સને ફાળે જાય છે.


પ્રાચીન સંસ્કૃતિના જાહોજલાલ સિંહપુર અંદરમાંથી, આજના આપણા મુંબાઈની માફક માછીમારોના એક મામૂલી ગામડા જેવા બની રહેલા, કાદવિયા ને ભેજવાળા સિંગાપોરને ઈ. ૧૮૧૮માં જોહોરના સુલતાન પાસેથી મેળવી લઈને, તેમાંથી એક ધમધમતું બંદર અને સમૃદ્ધ સંસ્થાન સરજાવીને, પરિણામે સમસ્ત મલાયામાં અંગ્રેજ સત્તા સ્થાપિત કરનાર, ઈંગ્લંડના આ ગરવા સપૂતનો પિતા ઇંગ્લંડ અને વેસ્ટ ઈન્ડીઝ ટાપુઓ વચ્ચે વ્યાપારવ્યવહાર ચલાવતા એક વહાણનો કપ્તાન હતો. જમૈકાથી દૂર આવેલા સમુદ્ર પર ઈ. ૧૭૮૧ની ૫મી જુલાઈએ આ સર ટૉમસ સ્ટૅમ્ફર્ડ રૅફલ્સનો જન્મ થયો હતો. ૧૪ વર્ષની ઉમરે તે ઈસ્ટ ઇન્ડિયા કંપનીની લંડનની મધ્યસ્થ કચેરીમાં કારકુન તરીકે જોડાયો. આ વયે પણ તેનાં ખંત અને ચોકસાઈ ગણનાપાત્ર હતાં. ભાષાઓ શીખવાનો તેને જબરો શોખ હતો. નોકરી કરતાં ફાજલ મળતા સમયમાં તેણે ફ્રેન્ચ ભાષા હાથ કરી લીધેલી.



ઈ. ૧૮૦૫માં ૨૫ વર્ષની વયે તો તેને મલાયાના પશ્ચિમ કિનારે આવેલા કંપનીના પિનાંગ સંસ્થાન પર મોકલવામાં આવ્યો, જ્યાં કાઉન્સિલ ને ગવર્નરના સેક્રેટરી તરીકે તેની બઢતી થઈ. દરમ્યાન ત્યાંની ભાષા પર પણ તેણે પ્રભુત્વ મેળવી લીધું. અસ્વસ્થ રહેતી તબિયતને કારણે તેને મલક્કા જવું પડ્યું, ત્યારે તેણે એ બંદર જતું કરવાનો ઇરાદો બરાબર નથી તેમ કંપનીને સમજાવ્યું.

રૅફલ્સના સ્થાનિક જ્ઞાન પર વિશ્વાસ મૂકીને ગવર્નર જનરલે જાવાના ટાપુ ઉપર જીત મેળવી અને ૧૮૧૧માં રૅફલ્સ જાવાનો ગવર્નર નિમાયો. થોડા જ વખતમાં એ આખો યે ટાપુ તેણે બ્રિટિશ અમલ તળે આણ્યો, અને ત્યાંના સમાજજીવનમાં કેટલાક પ્રગતિગામી સુધારા કર્યા.

નેપોલિયન સાથેનાં યુદ્ધોને અંતે ૧૮૧૫માં ઈસ્ટ ઇન્ડીઝની જીતોના જાવા ને મલક્કા સાથેના



રોઝ : નીલગાય

જડ પ્રકૃતિના માણસોને માટે વપરાતું 'રોઝ' નામ તો જાણીતું છે. નીલગાવ (નર), નીલગાય (માદા) એ તેનું બીજું નામ. (શાસ્ત્રીયનામ Portax Pictus, Boselaphus trago-camelus.) હિંદના વાયવ્ય તેમજ મધ્ય પ્રદેશમાં જ જાણીતું. પૂર્વ બંગાળ આસામ કે મલબારકાંઠામાં તે જોવા મળતું નથી.

ઊંચાઈ ૪-૪॥ ફૂટ. માદા ઘણી નાની. શીંગડાં આઠેક ઈંચનાં. પુખ્ત નીલગાવ શરીરે રાખોડી રંગનું. ખરી પાસે સફેદ વલય અને બંને ગાલ પર બે સફેદ ટપકાં. ડોક, દાઢી, કાનની અંદરનો ભાગ ને પૂંછડાની નીચેનો ભાગ સફેદ. નાનાં રોઝ બદામી રંગનાં. નર-માદા બેઉને કાળી કેશવાળી, ને નરને ગળા પર બરછટ વાળનો ગુચ્છો હોય છે. નરનાં શીંગડાં શંકુ આકારનાં ને સીધાં, પાયા આગળ ત્રિકોણાકાર ને ઉપરના ભાગમાં ગોળાકાર.

વૃક્ષછાયી ટેકરાળ જમીન કે ઘાસ આવર્યાં મેદાન એ તેનું નિવાસસ્થાન. ખેતરમાં પડ્યું તો પાકનો સોથ વાળી દે. તડકાની પરવા ઓછી. પાણી વિના પણ ચલાવી શકે. શિયાળામાં તો પાણી પીવાનું ઘણું અનિયમિત. સ્વભાવે જડ અને ભડકણ. ઊભું ત્યાં ઊભું, અને ભડક લાગતાં ઊંચી ડોકે ઉભડક ભાગે! દર્શન ને શ્રવણની શક્તિ તીવ્ર. જાનને જોખમમાંથી છોડાવવાનું એકમાત્ર સાધન ઝડપી દોટ, જેને માત્ર પલોટાએલો વેગીલો અશ્વ જ આંબી શકે.

ચારથી દસ (કદીક વીસથી યે વધુનાં) ટોળાંમાં રહે. નર-માદા બચ્ચાં સાથે રહે, ઘરડા નરગાવ એકલા કે સરખેસરખા સાથે. નીલગાય કોઈ પણ ઋતુમાં વિયાય. ગર્ભાધાનકાળ ૮થી ૯ માસનો. એનો શિકાર ઓછો થાય છે, કેમકે હિંદના મોટા ભાગમાં તે ગાયની નજીકનું પ્રાણી ગણાતું હોઈ પવિત્ર મનાય છે.

અચલની સૃષ્ટિ

સંસ્કૃતમાં પહાડોને 'નગ' કહ્યા છે (ન-ગ, न गच्छति इति नग:) ન જનારી કેટલીયે વસ્તુઓ જગતમાં છે. સામાન્ય દૃષ્ટિએ પૃથ્વી છે. વૃક્ષો સ્થાવર હોય છે. ઘરો પણ પોતપોતાને સ્થાને ઊભાં જ હોય છે. એ બધાંમાંથી કોઇનેય નગ ન કહેતાં ડુંગરને જ શા માટે નગ કહેવા?...પણ ડુંગરનો કંઈક દોષ જ કાઢવાની દુર્બુદ્ધિ માણસને થઈ આવી અને એણે પહાડ માટે નગ નામની નાનકડી ગાળ શોધી કાઢી! ચાલવા સિવાય બધાં જ કામો આ પહાડ કરે છે: દોડતા પવનને કે વાવાઝોડાને પકડી રાખવું, એ એનું પહેલું, આકાશનાં વાદળાંને રોકી એમની પાસેથી પાણી ઉધરાવી લેવું એ બીજું, અને એ વરસાદને જોરે વનસ્પતિસૃષ્ટિનાં સામ્રાજ્યો ઉછેરવાં એ સૌથી મહત્ત્વનું કામ.

પણ એ વરસાદ રહ્યો લહેરી. થોડોક વખત વરસે અને પછી કેટલાયે મહિના મોં કાળું કરે. એના પર આધાર રાખી શકાય નહિ. તેથી વરસાદનું પાણી પોતાના પેટમાં સાચવી, ઠેકઠેકાણે ઝરણાં રૂપે વહેતું કરવું એ પહાડનું સૌથી મોટું કૌશલ્ય. આવાં અસંખ્ય ઝરણાં એકત્ર બનીને એમની નદી થઇ એટલે પર્વતને વાત્સલ્યના ઊભરા આવે છે. પર્વતની કૃપાથી જ એ નદીઓને જન્મ મળે છે એમ જોઈ માણસે નદીનું નામ રાખ્યું પાર્વતી. કોઇ કોઇ વાર આકાશનું અને એમાંનાં વાંદળાંનું સુંદર પ્રતિબિંબ પાડી શકાય, હૃદયમાં સાચવી રાખી શકાય, એટલા માટે પર્વત એક દ્રોણ અથવા અંજલિ (ખોબો) તૈયાર કરી એમાં સરોવરને સ્થાન આપે છે. સરોવર જો અંજલિમાં માય નહિ, દ્રોણમાંથી ઊભરાવા માંડે તો એમાંથી સરોજ નદી વહેવા માંડે છે. પાર્વતી તથા સરોજા બન્ને પર્વતની જ દીકરીઓ.

રત્નાકર નામ સમુદ્રને જ કેમ? અને પર્વતને કાં નહિ? એ ખરેખર એક મોટો કોયડો જ છે. સમુદ્રના પેટમાં મોતી અને પ્રવાલ એ સિવાય બીજાં તે ક્યાં રત્નો છે? પર્વતના પેટમાં તો હીરા હોય છે, માણેક હોય છે, પન્ના ને પોખરાજ હોય છે, નીલમમણિ હોય છે અને શનિ પણ હોય છે. સ્ફટિક, અકીક અને ચકમક પણ પહાડના પેટમાં જ હોય છે તો.

અને ફૂલોની સુગંધ, હરણાંનીનાભિમાંની કસ્તૂરી, સિંદૂરનો નારંગી રંગ, ગુરુનો ભગવો, આ બધું પર્વતના હૃદયમાં જ સચવાએલું હોય છે. બધી ખનિજસંપત્તિ તે પર્વતના ઘરનો ભંડાર છે.

કોઈ પ્રદેશની હવા કેવી હોય તે પહાડ જ નક્કી કરી આપે છે. બ્રહ્મદેશના પહાડો ઉત્તરથી દક્ષિણ તરફ લંબાયા તેથી ચીન દેશના પવનને બર્મા થઇને હિંદી મહાસાગર સુધી પહોંચવાની સગવડ થઇ. આપણે ત્યાં માન્ધાતા, હિમાલય, શિવાલિક, વિન્ધ્ય, સાતપૂડા—બધા જ પહાડો આડા પડ્યા એટલે ઉત્તર તરફના ઠંડા, તિબેટી વાયરા આપણે ત્યાં આવી શક્યા નહિ, અને તેથી જ આપણી હવા આટલી અનુકૂળ બની.

વાદળાં, નદી અને સરોવર—આ પહાડે બનાવેલો ભંડાર જાણે કદાચ ખૂટી પડે એ ભયથી મોટા મોટા પર્વતોએ એક નવી યુક્તિ કરી. વરાળનું પાણી કરી એને સંતોષ ન થયો. એ પાણીનું એણે પ્રથમ ચૂર્ણ કર્યું અને એના ફરી પથ્થર બનાવ્યા. આરસપહાણના પથ્થરથી યે અધિક શુભ્ર, અને સંતોનાં હૃદયથી યે વધારે શીતળ—એવા પાણીના પથરા એણે ચઢાવ્યા પોતાને માથે, અને પછી એણે સૂર્યને કહ્યું, 'આમ આવ, તને રમવાની સગવડ કરી આપું. આ મારા પાણીના પથ્થર પર તારાં કિરણો ઘસીશ એટલે એમાંથી ઝરણાં ઝરશે અને હું ધીરે ધીરે નીચે મોકલીશ. એમ કરવાથી નદીને બે વાર પૂર આવશે: એક વરસાદનું પૂર અને બીજું બરફનું પૂર.'

માણસ જ્યારે કાવડ ઊંચકે છે ત્યારે ભાર સરખો કરવા માટે જરૂર પ્રમાણે એ એક પલ્લાનો ભાર બીજા પલ્લામાં મૂકે છે; ગાડામાં ભરેલા માલનો બોજો બળદની ગરદન પર વધારે ન પડે અથવા પાછળની તરફ ભાર વધી જઈ બળદનું ગળું ઉપર ખેંચાય નહિ તે માટે માલ આગળ-પાછળ બરાબર મુકાય છે; હોડીમાં માલ ભરતી વખતે એક બાજુએ વધારે થાય તો હોડી ઊથલીને ઊંધી થઈ જવાની, તેથી ત્યાં પણ જમણી અને ડાબી બાજુ સમભાર કરવી પડે છે. આ બધા અનુભવને આધારે માણસે કલ્પના કરી કે પૃથ્વી પણ પોતાનો ભાર સમપ્રમાણ ઝીલી શકે, તે એક તરફ ઢળી ન જાય, માટે જ આ પર્વતો ઠેકઠેકાણે રાખેલા છે. આવા પર્વતોને 'કુલપર્વત' કહે છે. દક્ષિણ ભારતને ભાગે આવા સાત કુલપર્વતો આવ્યા છે: 'महेन्द्रो मलय: सह्य: शुक्तिमान् ऋक्षपर्वत:। विन्ध्यश्च पारियात्रश्च सप्तैते कुलपर्वता:।।' આમાં માત્ર હિમાલયને સ્થાન નથી. સિંધ, પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર અને બંગાળ આ બધો પ્રદેશ જ્યારે સમુદ્ર હતો અને દક્ષિણ હિંદુસ્તાન એક પ્રચંડ બેટ હતો તે વખતે આ સ્મૃતિ લખાઈ હોવી જોઇએ.

આવા સર્વકલ્યાણકારી પહાડોનું હવે સ્મરણ કરવાનો વિચાર છે. લોકમાતાઓની ભક્તિપૂર્વક ઉપાસના કર્યા પછી, જીવનલીલાનું કૌતુક માણ્યા પછી, હવે સ્થિર થઇને આ પ્રાચીન પિતરોનું શ્રદ્ધાપૂર્વક શ્રાદ્ધ કરવું ક્રમપ્રાપ્ત છે.

('સંસ્કૃતિ')

કાકાસાહેબ કાલેલકર

પ્રદેશો તેના અસલ માલિક ડચોને પાછા સોંપવાનો બ્રિટિશ સરકારે નિર્ણય કર્યો એટલે રૅફલ્સને ઈંગ્લંડ બોલાવી લેવાયો, જ્યાં ૧૮૧૬માં તેને 'નાઈટ' બનાવવામાં આવ્યો. ઈંગ્લંડમાં રહી બે વર્ષ તેણે ઈસ્ટ ઈન્ડીઝ ટાપુઓનાં ઇતિહાસ, પ્રાકૃતિક ઇતિહાસ, ભૂગોળ ને પુરાતત્ત્વના અધ્યયનમાં ગાળ્યાં. આ ટાપુઓમાંનું કાર્ય એ તેનું જીવનકાર્ય બન્યું હતું, જેની પાછળ તેણે પોતાના જીવનની ઘડીએ ઘડી અર્પણ કરી દીધી હતી, તેની નોકરીનું કામ સવારના ચાર વાગ્યાથી શરૂ થતું, તે રાતના અગિયાર વાગ્યે પૂરું થતું.

ઈ. ૧૮૧૮માં સુમાત્રાના બેન્કૂલન બંદરનો ગવર્નર નિમાઇને તે પૂર્વ તરફ પાછો ફર્યો ત્યારે ડચ લોકો ત્યાં વેપારનો ફરી અડ્ડો જમાવવામાં લાગી ગયા હતા. તેમને પછાટ આપવા માટે રૅફલ્સે ઈસ્ટ ઇન્ડિયા કંપનીના નિર્ણયની ઉપરવટ થઈને પણ જોહોરના સુલતાન પાસેથી એ વેળાએ લગભગ નિર્વાસિત એવો સિંગાપોર ટાપુ ખરીદી લીધો. પૂર્વમાં કલકત્તા અને હૉંગકૉંગ વચ્ચેના બ્રિટિશ વ્યાપારનું તેમજ અન્ય બ્રિટિશ હિતોનું સિંગાપોર જ અતિ મહત્ત્વનું કેન્દ્ર બની શકે એવું તેનું ભૌગોલિક મહત્ત્વ એ દૂરંદેશ મુત્સદ્દી જોઈ શક્યો હતો. દુનિયામાં

વિરલ ગણાય એવી ઝડપે તેણે એ બંદરનો વિકાસ કર્યો.

તેની પ્રથમ વારની પત્નીની કૂખે થએલાં પાંચ સંતાનોમાંથી ચાર સુમાત્રાની વિષુવવૃત્તીય આબોહવામાં મરણ પામ્યાં. ૧૮૨૪માં ઈંગ્લંડ પાછો ફરતો હતો ત્યારે તેના વહાણમાં આગ લાગી, અને અનેક નમૂનાઓ તથા બધાં કાગળિયા સાથેના તેના અભ્યાસનો સમગ્ર સંગ્રહ એમાં બળીને ખાખ થઇ ગયો! વિશેષમાં વિષુવવૃત્તીય પ્રદેશોમાંની અવિશ્રાન્ત અને મબલખ કામગીરીની અસર પણ તેના શરીર ઉપર ખૂબ થઈ હતી, એટલે માત્ર ૪૫ની વયે ઈ. ૧૮૨૬ની ૫મી જુલાઇએ તે મૃત્યુ પામ્યો. તેનાં છેલ્લાં વર્ષોની મહત્ત્વપાત્ર સિદ્ધિ છે ઇંગ્લંડની 'ઝૂઑલૉજિકલ સોસાએટી'ની સ્થાપનાની. એ વખતે નવી સ્થપાએલી અને આજે દુનિયાભરમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરતી જગતવ્યાપી સંસ્થા 'બાઈબલ સોસાએટી'નો પણ તે પ્રમુખ હતો. ઈસ્ટ ઇન્ડિયા કંપનીની વેપારુ અને રૂઢિચુસ્ત વિચારસરણીથી તેના વિચારો ઘણા આગળ જતા હતા. ગુલામી તરફ તેને ઘૃણા હતી અને ગુલામોને મુક્ત કરવા માટે તે ઘણો પ્રયત્નશીલ રહેતો. પૂર્વના લોકો સાથે હળતામળતા રહેવામાં જ પરસ્પરનું શ્રેય છે એમ તે માનતો. આધુનિક જ્ઞાનના પ્રચાર માટે તેણે ત્યાં શાળાઓ કાઢી અને લોકોમાં પ્રચલિત અનિષ્ટ પ્રથાઓ તથા રિવાજોને નાબૂદ કર્યાં. આ પ્રદેશોમાં ઠેરઠેર પ્રચલિત 'કૂકડા-યુદ્ધ'નું ક્રૂર મનોરંજન પણ તેણે બંધ કરાવ્યું.

કંપનીના અધિકારીઓને તે અમુકાંશે 'સ્વૈરાચારી' લાગતો. પોતાના વિશાળ અને દીર્ઘદર્શી કાર્યનું ફળ ઉત્તરાવસ્થામાં તેને જોઇએ તેવું મળ્યું નહિ. ઈસ્ટ ઇન્ડિયા કંપનીમાંથી નિવૃત્ત થયો ત્યારે તેના મહાન કાર્યની કદર તો કંપનીએ ન કરી, પરંતુ તેણે કરેલી 'સાહસિક' પ્રવૃત્તિઓમાં થએલા ૨૦,૦૦૦ પાઉંડના ખર્ચનું બિલ તેની સામે ધરવામાં આવ્યું! સિંગાપોરને બ્રિટિશ મથક બનાવવા પાછળ થએલા અમુક ખર્ચનો પણ તેમાં સમાવેશ થતો હતો!

તે સ્વભાવે પ્રેમાળ અને ઋજુ હતો. ભાષા ઉપરાંત પ્રકૃતિ અને પ્રાણિવિજ્ઞાન તેના શૉખના વિષયો હતા. પૂર્વના પ્રદેશો માટેનું તેનું જ્ઞાન 'રેડી રેફરન્સ' (તાત્કાલ સંદર્ભ) જેવું તાજું, સર્વાંગી અને અભ્યાસ તથા પ્રત્યક્ષ પરિશીલનને પરિણામે ઘણું ઊંડું હતું. તેનું શરીર નાજુક હતું, છતાં જીવનની પળ પણ વેડફાવા દીધા વિના પૂર્વના પ્રદેશોમાં બ્રિટિશ હિતો સ્થાપવા માટે તેણે અખૂટ ખંતપૂર્વક ને અવિશ્રાન્ત પ્રયત્નો કર્યા, જેને લીધે તેના જીવનનો અકાળે અંત આવ્યો; પણ એણે પૂરેલા એ પાયા પર જ એક સદીનું ત્યાંનું બ્રિટિશ સામ્રાજ્ય સરજાયું.

અમેરિકામાં ઈનામો જીતનાર

એ મથાળા નીચે આ અંકના પાછલા પૂઠામાં જેનો પરિચય આપ્યો છે તે ભાઇ કિશોર પારેખનો જન્મ, ભાવનગર પાસે વરતેજના રાસાયનિક ઉદ્યોગથી જાણીતા પારેખ કુટુંબમાં શ્રી હરિલાલ હેમચંદ પારેખને ત્યાં ઈ. ૧૯૩૦માં થએલો. ત્યાં શ્રી ગિજુભાઇના બાલમંદિરમાં પ્રાથમિક અભ્યાસ કરીને ત્યાંની ઘરશાળામાંથી મૅટ્રિક થયા બાદ સામળદાસ કૉલેજમાંથી કેમિસ્ટ્રી-બૉટનીની સાથે ૧૯૫૩માં બી.એસસી. થઇને તે ફરી પાછા વિનયનના અભ્યાસ માટે ઈન્ટર આર્ટ્સમાં દાખલ થયા. કૉલેજના આ અભ્યાસકાળ દરમ્યાન ક્રિકેટ નાટ્ય આદિ ઇતર પ્રવૃત્તિઓમાં બહોળો ભાગ લેતા, જેમાં 'કાકાની શશી' નાટકમાં તો શ્રેષ્ઠ અભિનેતા તરીકેનું પ્રથમ ઇનામ મેળવેલું. આ જ અરસામાં બોટાદવાળા શ્રી અનોપચંદ ગાંધીનાં પુત્રી સરોજબાળા સાથે થએલો પરિચય લગ્નમાં પરિણમ્યો. પારેખ કુટુંબના બધા યુવાનોની પેઠે તેમને પણ કેમિકલ એન્જિનીઅરિંગના અભ્યાસ માટે અમેરિકા મોકલવાના હતા, પણ ૧૯૫૬માં એમના પિતાનું અવસાન થએલું અને બે કાકા અમેરિકા હતા; દરમ્યાન તેમનાં માતુશ્રી મધુબેનની દોરવણી નીચે તેમની પ્રગતિ થઈ.

કૉલેજમાં હતા તે દરમ્યાન એક મિત્રનો પાડેલો ફોટોગ્રાફ જોઈ તેના સંયોજન વિષે કાંઈક સૂચના કરી, તે પરથી મિત્રે ટકોર કરી કે 'કોઈ દિવસ કૅમેરા હાથમાં પકડ્યો છે ખરો?' એ મેણાએ ફોટોગ્રાફીનો એવો તો રસ જાગૃત કર્યો કે એ જ મિત્રના બૉક્સ કૅમેરા પર ચિત્રો લેવાં શરૂ કર્યાં અને થોડા જ સમયમાં તેમનું ચિત્ર કૉલેજમૅગેઝીનમાં અગ્ર રૂપે છપાયું. પણ કુટુંબીઓનો મત જુદો હતો. છોકરો કળાના નાદે ચડશે તો કેમિસ્ટ્રી ભૂલી જશે, એ ભયે ફોટોગ્રાફી માટે પાઈ સરખી પણ ન મળતી. પરિણામે જુદાજુદા મિત્રોના કૅમેરાઓ માગીને ફોટોગ્રાફી ચાલુ રાખી, જેથી બધી બનાવટના કૅમેરા પર હાથ જામ્યો; અને પડતર કરતાં જૂજ વધુ દરે મિત્રોના ફોટોગ્રાફો પાડીને તેની બચતના પૈસામાંથી નવા રોલ અને એન્લાર્જમેન્ટનો ખર્ચ કાઢી ફોટોકલા વિકસાવવા માંડી. 'ધર્મયુગ' અને 'વીકલી' જેવાં પત્રોમાં એમનાં ચિત્રો પ્રકટ તો થયાં, પણ પૈસાને અભાવે જરૂરી એન્લાર્જમેન્ટ ન કાઢી શકવાથી હિંદમાં બહુ સફળતા ન મળી.

પણ હિંદમાં પાડેલી લગભગ ૨૦૦૦ જેટલી નેગેટિવોના સમૂહ સાથે અમેરિકા ગયા ત્યાં યુનિવર્સિટીના ફોટોગ્રાફી ડિપાર્ટમેન્ટના વડા મિ. જૅક ટાવરની દોરવણી નીચે પોતાના એ સંગ્રહમાંથી એમણે ઉત્તમ ચિત્રો સર્જાવ્યાં અને ત્યાં પહેલું વ્યક્તિગત પ્રદર્શન કર્યું, જેની પ્રશંસા લૉસ ઍન્જેલિસ ટાઈમ્સ જેવા પત્રમાં આવી.

આજે, અમેરિકામાં કરેલી ૭૦૦૦ માઈલની મુસાફરી દરમ્યાન પાડેલાં તથા હિંદમાં પાડેલાં ચિત્રોમાંથી ચૂંટીને ફરી પાછું આ માસમાં તેઓ બીજું વ્યક્તિગત પ્રદર્શન (વન મૅન શો) કરવાના છે.

આ માસ (સપ્ટેમ્બર) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : હૉરેશિયો નેલ્સન

'મહાસાગરોની રાણી' ગણાતા બ્રિટિશ સામ્રાજ્યને એ બિરુદ અપાવનાર નૌવીરોમાં



મોખરે છે, ફ્રાંસ જેવા નૌશક્તિસંપન્ન રાષ્ટ્રને યે બબ્બે વાર હંફાવીને તેની તાકાતને છિન્નભિન્ન કરી નાખનાર, કઠોર ને અથાક પરિશ્રમી, સામર્થ્યશીલ હૉરેશિયો નેલ્સન.

ઈ. ૧૭૫૮ની ૨૯મી સપ્ટેમ્બરે તેનો જન્મ થયો હતો. નૉર્ફોક પરગણાના બર્નહામ થૉર્પ ગામના પાદરી એડમંડ નેલ્સનનું તે છઠ્ઠું સંતાન હતો. ઈ. ૧૭૭૦માં બાર વર્ષની વયે તે 'કપ્તાનના ચાકર' તરીકે કાકા કૅપ્ટન સકલિંગના જહાજમાં ચડયો અને વેસ્ટઈંડીઝમાં એક સાહસસફરમાં તેમજ ઈસ્ટ ઈંડીઝમાં નોકરીએ રહેલો. ૧૭૮૪માં ન્યૂ યાર્કમાં લાર્ડ હૂડના કાફલામાં જોડાયો, અને ખરાબ તબિયત છતાં '૮૪-'૮૭ સુધી વેસ્ટ ઈન્ડીઝમાં નોકરી કરી. ૧૭૮૭માં કુ. ફ્રાન્સિસ હર્બર્ટ નિસ્બેટ સાથે લગ્નગ્રંથિથી જોડાઇને તેણે નિવૃત્તિ લીધી.

૧૭૯૩માં ફરી તેણે ભૂમધ્ય સમુદ્રના કાફલામાં હૂડની દોરવણી નીચે 'ઍગૅમેનૉન' જહાજની આગેવાની લીધી. કૉર્સિકા ખાતે કાલ્વીના કબજે કરવામાં નેલ્સનનો જબરો હાથ હતો (૧૭૯૪), જે દરમ્યાને એક ઘાને કારણે તેણે જમણી આંખ ગુમાવી. તેની વીરતા અને સેવાઓના બદલામાં તેને રીઅર-ઍડમિરલ બનાવી નાઈટનો ઇલકાબ અપાયો. તે પછી ટેનેરિફ–સાન્ટાક્રુઝની લડાઈમાં એક રાત્રિ-આક્રમણમાં તેનો જમણો હાથ પણ કપાઈ ગયો.

ઈજિપ્ત પર આક્રમણ લઇ જતા નેપોલિયનના સમર્થ કાફલાનો ઈ. ૧૭૯૮ની પહેલી ઑગસ્ટે તેણે નાઇલ નદીમાં આબુકીર ઉપસાગર ખાતે નાશ કરીને જે ઝળહળતો વિજય મેળવ્યો તેણે તેની કીર્તિનો દિગંત ડંકો વગાડયો. તેને 'નાઈલનો બૅરન નેલ્સન' બનાવવામાં આવ્યો, ને બે હજાર પાઉન્ડનું નિવૃત્તિવેતન મળવા માંડયું. ૧૭૯૮ના સપ્ટેમ્બરમાં તે નેપલ્સ ગયો, જ્યાંના બ્રિટિશ પ્રધાનનાં પત્ની લેડી હૅમિલ્ટન સાથે તેને પ્રેમસંબંધ થયો.

૧૮૦૧માં જન્મેલી એકમાત્ર પુત્રી હૉરેશિયાને લઇને લેડી હૅમિલ્ટન સાથે તે સ્વદેશ પાછો ફર્યો અને ફરી એકવાર યુદ્ધે ચડી, નાઇલના યુદ્ધ જેટલા જ યશસ્વી કોપનહાગનના યુદ્ધમાં ડૅનિશ જહાજોને સજ્જડ હાર આપી તેમને બ્રિટિશ તાબેદારી સ્વીકારવાની ફરજ પાડી! કોપનહાગનના આ ઝળહળતા વિજય પછી તેને 'વાઇકાઉન્ટ'ની અમીરાત ને નૌકાદળનું સરસેનાપતિપદ એનાયત થયાં.

૧૮૦૩ની ૧૮મી મેએ ફરી પાછું ફ્રાંસે માથું ઊચક્યું અને તરત નેલ્સને ભૂમધ્ય સમુદ્રમાંના બ્રિટિશ કાફલાની આગેવાની લઇ પોતાની કામગીરી આદરી દીધી. અંતે ઈ. ૧૮૦૫ની ૨૧મી ઑક્ટોબરે જગવિખ્યાત ટ્રફાલ્ગરનું યુદ્ધ ખેલાયું, જેમાં ફ્રેંચોને જીવનભરની ખો ભુલાવી દે એવો જંગ ખેડી તેણે ફ્રેંચ ને સ્પૅનિશ કાફલાને પરાસ્ત કર્યા. બરોબર જીત મેળવવાની અણી પર હતો ત્યારે એક નિશાનબાજની ગોળીનો તે ભોગ બની ગયો, પણ વિજયનો ધ્વજ ફરકયાના અંતિમ ખબર સાંભળ્યા બાદ જ તેણે પ્રાણ છોડયા.

બ્રિટિશ સાગરવીરોમાં સૌથી નામચીન આ નેલ્સન માણસોનો દોરનાર અને માયાળુ સેનાપતિ લેખાવા ઉપરાંત નૌકાયુદ્ધનો સમર્થ અને બીનહરીફ વ્યૂહ રચનાર ગણાતો.

દિનવિશેષ

તા. ૧ જગતભરમાં સૌથી ભીષણ ગણાએલો જાપાન વ્યાપી ધ્વંસકારક ધરતીકંપ, ૧૯૨૩.
તા. ૪ હિંદી સ્વાતંત્ર્ય-લડતમાં અસહકાર-પદ્ધતિનો કૉંગ્રેસે પ્રથમ વાર ઠરાવ કર્યો, ૧૯૨૦.
તા. ૯ હિંદી સાહિત્યનાં અનેક ક્ષેત્રોના પુરોધા 'ભારતેન્દુ' બાબુ હરિશ્ચન્દ્રનો જન્મ, ૧૮૫૦.
તા. ૧૦ વિશ્વની અજબ ઇમારત અને કલામય પ્રેમસ્મારક તાજમહાલ પૂર્ણ થયો, ૧૬૪૫.
તા. ૧૧ 'સર્વોદય'ના અગ્રણી વિચારક ને ભૂદાનના જનક વિનોબા ભાવેનો જન્મ, ૧૮૯૪.
તા. ૧૩ 'લાહોર કાવતરા કેસ'માં પકડાએલા જતીન્દ્રનાથ દાસનું ઉપવાસથી અવસાન, ૧૯૩૧.
તા. ૧૫ બ્રિટિશ અમલમાં ભારતીય મુદ્રણાલયોને સ્વતંત્ર હક આપવામાં આવ્યા, ૧૮૩૫.
તા. ૧૭ 'માનવની સર્વોત્તમ કારીગરી' ગણાતા અમેરિકન રાજ્યબંધારણની જાહેરાત ૧૭૮૭.
તા. ૨૧ જગનામી અંગ્રેજ ઇતિહાસકાર અને સાહિત્યકાર એચ. જી. વેલ્સનો જન્મ, ૧૮૬૬.
તા. ૨૨ મરીના ભાવની મંત્રણા માટે મળેલા વેપારીઓએ ઈસ્ટ ઈંડિયા કંપની સ્થાપી, ૧૫૯૯.
તા. ૨૫ પોર્ટુગલના વાસ્કો નુમેઝ બાલ્બોઆએ પાસિફિક મહાસાગર શોધી કાઢયો, ૧૫૧૩.
તા. ૩૦ પંજાબના લાખ ચોરસ માઈલ પર બિયાસ, સતલજ ને રાવીનાં ભીષણ પૂર, ૧૯૪૭.

પ્રસંગવિશેષ : લખનૌનો તુમુલ સંગ્રામ · ૨૫મી સપ્ટેમ્બર ૧૮૫૭

ઈ. ૧૮૫૭ની ૨૦મી જુલાઇએ લખનૌની વિપ્લવકારી સેનાએ બ્રિટિશ રેસિડેન્સી ઉપર હુમલા કરવાનું શરૂ કરેલું ત્યારથી રેસિડેન્સીની અંદરની હાલત નિરાશાજનક અને ખતરનાક હતી. ૨૫મીએ ત્યાંના બ્રિગેડિયર ઇંગ્લિસને ખબર મળ્યા કે મદદ માટે કાનપુરથી હૅવલૉક છએક દિવસમાં આવી પહોંચશે. પણ હૅવલૉકને માર્ગમાં ઉન્નાવ ને બશીરતગંજ ખાતે લડવાનું થતાં તથા નાનાસાહેબ લાગ જોઈને કાનપુર પર હલ્લા કર્યા કરતા હોવાથી તે આગળ વધી શકતો નહોતો. છેવટે નીલ, આઉટ્રામ, કૂપર ને આયર જેવા અનુભવી સેનાપતિઓ મદદે આવતાં છેક ૧૫મી સપ્ટેમ્બર પછી કંપનીની સેના આગળ વધીને લખનૌ નજીક આલમબાગ પહોંચી. ૨૫મી સપ્ટેમ્બરે વિપ્લવી સેનાના તોપગોળાના વરસાદમાંથી દઢતાપૂર્વક તે પસાર થઈ ચારબાગ પુલ નજીક આવી ત્યાં જે તુમુલ સંગ્રામ ખેલાયો તેમાં બંને પક્ષે રક્તની રેલ ચાલી. અંતે કંપનીની સેના લાશો ખૂંદતી પુલ ઓળંગી ગઈ, ને ઇંગ્લંડથી ખાસ આવેલા સેનાપતિ સર કૉલિન કૅમ્પબેલની સહાયથી ૧૫-૧૭મી નવેમ્બરે વિજયી બનીને શહેરમાં પ્રવેશ કર્યો.

જ્યૉર્જ બર્નાર્ડ શૉને તેના પિતાએ શિખામણ આપતાં કહ્યું : 'બેટા, મારા દાખલા પરથી તારી પ્રતીતિ થઇ હશે કે હું જીવનમાં નિષ્ફળ નીવડયો છું. એટલે મારામાંથી તું હવે આટલું શીખજે કે, જિંદગીમાં મારે ખોટે પગલે ન ચાલતો.' આ શિખામણે યુવાન શૉને વિચારતો કરી મૂક્યો. તેણે જોયું કે તેનો પિતા જે મળ્યું તે આચરકૂચર ખાધા કરતો, ઉપરાંત માંસ તો તે પુષ્કળ ખાતો; આખો દિવસ તે સિગારેટો ફૂંકયા કરતો અને દારૂ ઢીંચ્યા કરતો; વળી વ્યાયામને માટે તો તેના જીવનમાં સ્થાન જ ન હતું. અને ત્યારથી શૉએ માંસ ખાવું છોડી દીધું, દારૂ છોડી દીધો, ચા-કૉફી અને ધૂમ્રપાનને તેણે તિલાંજલિ આપી, અને શરીરને પૂરતો શ્રમ મળી રહે એ માટે તેણે વ્યાયામ શરૂ કરી દીધો. જીવનના અંત (૯૨ વર્ષની વય) સુધી તે આખા શરીરને શ્રમ મળે એવી લાકડાં ફાડવાની કસરત કરતો!

—હરિગીત—
તાપે તપ્યું જળ બાષ્પ બનશે, નષ્ટ પણ તે ના થશે!
—ગોવર્ધનરામ—

અમેરિકામાં પુત્રમરણથી વ્યથિત એક બાઇએ સ્વામી રામતીર્થને આનંદનો ઉપાય પૂછતાં સ્વામીજીએ કહ્યું કે તેની કિંમત પડે છે. બાઇએ મોં માગ્યા દામ આપવા તૈયારી બતાવતાં સ્વામીજીએ એક નિરાધાર હબસી બાળકને અપનાવવાનું સૂચવ્યું. બાઇ તો કાંપી જ ઊઠી: 'એ તો ઘણું અઘરું છે.' સ્વામીજીએ કહ્યું 'તો પછી આનંદ મળવો પણ ખૂબ મુશ્કેલ છે.'


કહેવતોના અર્થ: 'પડી જડી પરોણી' (પરોણી=બળદને હાંકવાની સોયો ખોસેલી લાકડી)—મામૂલી પ્રાપ્તિ ઉપર મહત્ત્વાકાંક્ષાના મિનારા રચનાર ફૂલણજી સ્વભાવના માણસોનો ઉપહાસ કરતી એક વાત અંગ્રેજીમાં છે કે એક માણસને રસ્તામાંથી ઘોડાની નાળ જડી. તે ખુશ થવા લાગ્યો કે હવે બસ ત્રણ નાળ ને એક ઘોડો મળવાં બાકી રહ્યાં! તેની જ સમાંતર આ કહેવતનો આખો દોહરો આમ છે:

'પડી જડી પરોણી, ને હવે રહ્યું સ્હેલ.
બે જોઇએ બળદિયા ને એક જોઇએ ઓહેલ.'


અનેકાર્થી શબ્દ: રેણુ=રેતી કે રજ; પરાગ; કણ યા નાનો કટકો; પૃથ્વી; પિતપાપડો; વાવડિંગ; પુનરુત્પાદકઆવરણ; રેણકરવાનુંસાધન.

દસની અંદરની કોઈપણ સંખ્યા ધારી, તેને ત્રણ વડે ગુણી, જવાબમાં એક ઉમેરી, ફરી ત્રણ વડે ગુણો. આવેલા ગુણાકારમાં તમારો ધારેલો આંક ઉમેરવાથી જે રકમ આવશે તેના દશકનો આંકડો જ તમારો ધારેલો આંક હશે (રવિ)


આ ૨૧મી સપ્ટેમ્બરે રાત-દિવસ સરખાં આવશે. તે દહાડે ઋતુ બદલાશે. હવે રાત લાંબી થતી જશે ને દિવસ ટૂંકા થતા જશે.



કલાકણિકા: ન્યૂ મેક્સિકોના પ્વેબ્લોનું આ માટીનું પાત્ર આદિવાસીઓ પણ કેવી મનોહર કલાશક્તિ ધરાવે છે તેનું સુંદર ઉદાહરણ છે.



અંગ્રેજી મૂળાક્ષરનો છઠ્ઠો અક્ષર 'એફ'ની ઉત્પત્તિ જે ક્રમમાં થઈ તે દર્શાવતા આ ચિત્રમાં, ઉપરની તકતીમાં પ્રથમ ઇજિપ્તની ચિત્રલિપિ હાઍરો.ગ્લિફની જે સંજ્ઞા પરથી તેનો વિકાસ થયો તે જીવનું ચિત્ર આપ્યું છે; અને તેની પછી તેના પરથી ઊપજેલી ત્યાંની પ્રાચીન લિપિ હાઍરેટિકમાં, ને ત્યાર બાદ ફિનિશિયન, જૂની ગ્રીક, પ્રાચીન રોમન તથા આજની લિપિનાં રૂપ અનુક્રમે આપ્યાં છે. નીચેની તકતીમાં તેનાં કૅપિટલ તથા નાના અક્ષરનાં લેખનસ્વરૂપ જે ક્રમમાં વિકસ્યાં તે બતાવ્યાં છે: પહેલાં હિબ્રૂ, પછી ગ્રીક, રોમન, ઍંગ્લો સેક્સન, ગૉથિક, જૂની અંગ્રેજી, જર્મન, કૅલ્ટિક, ઍન્ગ્લોસિંગ, ઇટાલિક, ટ્યૂડર, વિક્ટોરિયન અને આધુનિક.



આસામના ગોઆલપુરા જિલ્લાના કૃષ્ણખણ સાલખારા ગામનો ચોકીદાર, સવાસો વરસની વયનો આ દુખીરામ મહતો બિહારના મુઝફ્ફરપુર ગામમાં બંગાળી સંવત ૧૨૩૯માં જન્મેલો.

સત્તાવનનો સાક્ષી

૧૮૫૭ના વિપ્લવ વખતે તે બ્રિટિશ સોલ્જરોના જુલમની બીકે પોતાનું ગામ છોડીને ભાગી નીકળેલો. ત્રણ માસ પગે ચાલીને તે કુચબિહાર પહોંચ્યો, જ્યાંના મહારાજા પાસે મહિને ચાર આનાના પગારે નોકર રહ્યો. ત્યાંથી આસામના ધુબરી ગામે આવીને જુદીજુદી નોકરીઓ કરી, અને ૧૯૧૨માં ગામડાની ચોકીદારી લીધી, જે જગ્યાએ હજી તે ચાલુ છે.

વાચકો લખે છે

કાંઈક કારણસર 'કુમાર'નો ઑક્ટોબર ૧૯૫૬નો અંક હમણાં મારે જોવો પડ્યો. તે વખતે માલૂમ પડ્યું કે પાના ૩૬૯ ઉપર આપેલો સૌથી પહેલો કાગળ (ગાંધીજી ઉપર ટૉલ્સ્ટૉયે લખેલો) ક્યારે લખવામાં આવ્યો હતો તેની માહિતી તમારી પાસે નહિ હોવાથી તમે તેની તારીખ આપી શક્યા નથી.

આ કાગળ તા.૭–૧૦–૧૯૦૯ના રોજ લખવામાં આવ્યો હતો એવી માહિતી અમારા સંગ્રહમાંથી મળી આવે છે તે તમારી જાણ સારુ તમને લખી મોકલું છું.

(અમદાવાદ) —ચંદુભાઇ ભ. દલાલ

જાનેવારી અંકમાં મારી 'કેવનની નોંધ' છપાઈ તે બાબતમાં બોરીવલીના શ્રી ઉમાકાન્ત શાહે વાંધો ઉઠાવ્યો છે. પરંતુ મેં તો જે હકીકત અહીં જોઈ તથા સાંભળી છે તે ઉપરથી લખી મોકલેલું. હજી હમણાં તેની નજીકના ગામ બામણાની શાળામાં ૨૬મી જાન્યુઆરીએ કેવનના શેઠનું નાટક પણ કરેલું. આ બાબતમાં જો તે ભાઇને ઈચ્છા હોય તો વિશેષ તપાસ કરે.

(હિંમતનગર) —દેવશંકર મો. રાવળ

અગાઉ 'કુમાર'માં સંખ્યાને છેડે '૫' હોય તેનો વર્ગ શોધવાની સહેલી રીત દર્શાવેલી. હવે જેને છેડે '૧' ને '૯' હોય એ સંખ્યાના વર્ગ શોધવા માટે નીચેની રીત સહેલી છે:

જેને છેડે '૧' હોય તેની પહેલાંની મીંડાવાળી સંખ્યાનો વર્ગ કરવો. પછી એ નવી સંખ્યામાં, જેનો વર્ગ કરવો હોય એ સંખ્યા, ને તેની પહેલાંની મીંડાવાળી સંખ્યા, બેનો સરવાળો કરી ઉમેરવો. દા.ત.૧૧. તો તેની પહેલાંની મીંડાવાળી સંખ્યા ૧૦. તેનો વર્ગ ૧૦૦. હવે તેમાં ૧૧ અને ૧૦નો સરવાળો ૨૧ ઉમેરતાં ૧૨૧ આવ્યા તે ૧૧નો વર્ગ. બીજું ઉદાહરણ: ૪૧. તેની પહેલાંની મીંડાવાળી સંખ્યા ૪૦. તેનો વર્ગ ૧૬૦૦ ને તેમાં ૪૦+૪૧=૮૧ ઉમેરતાં ૧૬૮૧. એ ૪૧નો વર્ગ.


છેડે '૯' હોય તે સંખ્યાનો વર્ગ કરતી વખતે તેના પછીની મીંડાવાળી સંખ્યાનો વર્ગ કરી તેમાં, જે સંખ્યાનો વર્ગ કરવો હોય તે સંખ્યા તથા મીંડાવાળી સંખ્યાનો સરવાળો કરી બાદ કરવો. દા. ત. ૧૯નો વર્ગ=તેના પછીની મીંડાવાળી સંખ્યા ૨૦. તેનો વર્ગ ૪૦૦ અને ૨૦+૧૯=૩૯; અને ૪૦૦–૩૯=૩૬૧.

બીજું ઉદાહરણ: ૫૯. તેના પછીની મીંડાવાળી સંખ્યા ૬૦. તેનો વર્ગ ૩૬૦૦, અને ૫૯+૬૦=૧૧૯; ૩૬૦૦–૧૧૯=૩૪૮૧ તે ૫૯નો વર્ગ.

(કાલાવડ) —એક વિદ્યાર્થી



આ અંકના પૂઠા પર તથા આ પાનાની બંને બાજુએ જે પાંચ વિજયીફોટોગ્રાફો છાપેલા છે તેના કલાકાર ભાઈ કિશોર પારેખે (ડાબી બાજુની છબિ) અમેરિકા જેવા પ્રગતિમાન દેશમાં સૌરાષ્ટ્ર (ગુજરાત)ની શક્તિની જે પ્રતીતિ કરાવી છે એની વિગતો જાણીને સૌને ગૌરવભર્યો આનંદ થશે.




અમેરિકામાં ઇનામો જીતનાર

ભાવનગર પાસે વરતેજના જાણીતા કેમિકલવર્કસના પારેખ કુટુંબનો એ જુવાન, રસાયણ-ઉદ્યોગના જામેલા ધંધામાંથી આ રીતે ફોટોગ્રાફીની કલાનો નાદ પૂરો કરવા કૅલિફૉર્નિયાના લૉસ ઍન્જેલિસમાં ફોટો-સિને-કલાના એમ.એ.ના અભ્યાસ માટે અમેરિકા ગયો છે. ત્યાં પોતાની હિંદમાં પાડેલી ૨૦૦૦ જેટલી કૃતિઓમાંથી ચૂંટીને જે થોડી મિસૂરી યુનિવર્સિટીના આંતરરાષ્ટ્રીય કૉલેજિયેટ ફોટો-પ્રદર્શનમાં મોકલી, એણે ત્યાં માગ મુકાવ્યો છે. ૨૬ રાજ્યોની ૩૯ યુનિવર્સિટીઓ તરફથી રજૂ થએલા ૮૪ હરીફોની ૬૨૫ કૃતિઓમાં આગળ તરી આવીને એણે ૧૭માંથી ૬ ઇનામો હાથ કર્યાં છે, અને ભારતીય વિદ્યાર્થીની પ્રતિભા કોઈપણ દેશમાં ને કોઈ પણ ક્ષેત્રમાં પ્રકાશી શકે છે તેની પ્રતીતિ કરાવી છે.

મોખરાનું પહેલું ઇનામ એને 'પોર્ટફોલિયો' વિભાગમાં મળ્યું છે, જેમાં એણે રજૂ કરેલો ૨૦ કૃતિઓનો આખો યે પોર્ટફોલિયો સર્વોત્કૃષ્ટ નીવડ્યો છે. આ ઇનામમાં એને જગજાણીતા પત્ર 'લાઈફ' તરફથી એ પત્રના મહેમાન તરીકે એક અઠવાડિયાની ન્યૂ યૉર્કની સફર (પાછળ)

નીચે ↓ ફોટોગ્રાફીના 'ચિત્રવિભાગ'માં પહેલું ઇનામ જીતી જનાર ચિત્ર 'સાડી અને સુસવાટો'; આ પાનને મથાળે જમણી બાજુ–એ જ વિભાગનું ત્રીજું ઇનામ મેળવનાર ચિત્ર 'દિવાસ્વપ્ન'. એમનાં વિશેષ ચિત્રો આ અંકના આગલા તથા પાછલા પૂઠાં ઉપર ને જીવનરેખા 'માધુકરી'માં આપી છે.



[અનુસંધાન પાછળથી] (જેનો ખર્ચ રૂ. ૩૦૦૦ જેટલો થવા જાય) તથા તેની કચેરીઓ અને ફોટો-લૅબોરેટરીમાં કામ કરવાની તક અને 'લાઇફ'ના ફોટોગ્રાફરોના હાથ નીચે દોરવણીની ભેટ મળી, અને વધારામાં એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા કંપની તરફથી એ જ્ઞાનકોશનો એક સેટ ભેટ મળ્યો. ¶ એ પછી 'ચિત્ર વિભાગ'માં પણ એને 'બ્રીઝ ઍન્ડ સારી' (સૂસવાટો અને સાડી) એ ચિત્ર માટે (જુઓ પાછળ) પહેલું ઇનામ (એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકાનો બીજો સેટ) મળ્યું. ઉપરાંત એ જ વિભાગનું ત્રીજું ઇનામ પણ 'મેડિટેશન' (ધ્યાન—દિવાસ્વપ્ન) એ ચિત્ર માટે (જુઓ પાછળ) એને મળ્યું. ¶ 'તસ્વીરકલા' (પોર્ટ્રેચર) વિભાગનું બીજું ઇનામ એને આ અંકના પૂંઠા પરના ચિત્રના 'વિન્ડ સ્વેપ્ટ' (આમઔરી) ચિત્ર માટે મળ્યું, ને એ જ વિભાગનું સમ્માનપત્ર આ ઉપર આપેલી પાદરીની તસ્વીર માટે મળ્યું. ¶ 'ફીચર ઍન્ડ હ્યૂમન ઇન્ટરેસ્ટ' વિભાગનું ત્રીજું ઇનામ એને 'મોરને ખવડાવતી કન્યા'વાળા ઉપલા ચિત્ર માટે મળ્યું—જેમાં એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકાનો 'વર્ડ લૅંગ્વેજ ડિક્શનરી'નો સેટ મળ્યો. ¶ આ રીતે સમગ્ર હરીફાઈમાંથી ત્રીજા ભાગનાં ઇનામો જીતી જનાર ભાઈ કિશોર પારેખે આ અગાઉ ૧૯૫૪માં ચૅકોસ્લોવાકિયાના પાટનગર પ્રાગમાં ભરાએલા પ્રદર્શનમાં પણ બીજું ઇનામ ને પ્રશંસાપત્ર મેળવ્યાં હતાં. તેની કૃતિઓ ઐતિહાસિક સ્થાનો અને વિષયો ઉપરાંત મુખ્યત્વે ભારતીય ગ્રામજીવનનાં સુખદુઃખને લગતી હોય છે, જેમાં અહીંની ગરીબ છતાં દરિયાવદિલ પ્રજાના ઋજુ હૃદયનું દર્શન થાય છે. એમનો જીવનપરિચય આ અંકના 'માધુકરી' વિભાગમાં આપ્યો છે.